કુમાર

ફેબ્રુઆરી · ૧૯૪૦

વર્ષ ૧૭ · અંક ૨

૧૯૪ મો સળંગ અંક

તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક



મજૂરીએ (ચિત્રકાર · સ્વ. હરિવદન ભટ્ટ) બંધાતા બંગલાના પાયા પૂરવા રોજ સવારે ઝૂંપડાં છોડી ચાલી નીકળતું રંક કુટુંબ. આવાં પાત્રો તરફ હરિવદનની અનુકંપા ઘણી હતી તેની શાખ તેણે કરેલા શ્રમસહ જીવનના આવા અસંખ્ય સ્કેચ પૂરે છે.



કુમાર

ફેબ્રુઆરી ૧૯૪૦

અંક ૧૯૪

ચિત્રો

કાવ્ય

સ્મારક

લેખો

વિભાગો

મુદ્રક • ખચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ. છુટક દશ આના; મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટસાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ; બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ

અહમ્‌ની યાત્રા

ગુલબંકી

હું.
હુંથી વિસ્તરી બન્યો કુટુમ્બનોઃ
ભાઈબેન માતતાત,
ને સગાં તણી જમાતઃ
તોડી સાંકડું કુંડાળું વ્યાપી ગામનો થયો.
ખોબલા સમા સમાજમાં ઘડી રમી રહ્યો.

એ સમાજવર્તુલે
જંપ ના હુંને મળે.
વધી ક્રમે હું પ્રાન્તનો—અરે! ન—રાષ્ટ્રનો થયો.

એ જ જે હતો સુઅલ્પ શૂન્યકલ્પ હું,
તે વધીવધી બન્યો જ હિન્દનો,
મનુષ્યજાતિના વિશાળ પંચમાંશનો.


હું!
આજ હું પૂછું મનેઃ
વિસ્તરી વધી તળાવ મધ્યના તરંગ
શો અધીર ને અભંગ,
વ્યાપી ભાગ પાંચમો થઇશ કિલન્ન ખિન્ન કે?
પંચમાંશ માનવીસમાજમાં,
વિરાટના વિરાટશા મહ   અંશમાં
ભળી, જઇશ બેસી હીન દીન કે?

માનવી જગે હું શીદને ફજેત
જાતને કરું, રચી દિવાલ ઊંચી ને અભેદ
એકપંચમાંશની,
શેષભાગ સાથ,—અસ્મિતાની, ઘોર વજ્ર શી?
અરે થયો જ એકપંચમાંશનો,
તો તને થતું શું શેષનો થતાં,
ચારપંચમાંશ કાજ ચોરી દિલની કરે?

હું?
હવે નથી રહ્યો જ હું.
નથી હવે અહંનું કેન્દ્ર અલ્પ પૂર્વનું રહ્યું,
વિસ્તરી સમગ્રમાં સમગ્રની સચેતતા શ્વસી સ્ફુરે ભર્યુંભર્યું.
આજ આ જગે
દબાય જે, રિબાય જે, પિલાય જે, વિલાય જે,
સહુ ય યંત્રણા અહીં હુંમાં સહેઃ
અંકુરો ફુટે અને કહીં નવીન સર્જને,
પ્રાણ તે પૂરે નવો અહીં હુંમાં રગે રગેઃ
આજ તત્ત્વ સૌ પ્રણાશ ને વિધાનના
ગળાય કાળભઠ્ઠીમાં હુંના સુઅલ્પ પાત્રમાં.

—ઉમાશંકર જોષી

સ્વ. હરિવદન ભટ્ટના સ્મરણમાં–



સ્વ. ભાઇ હરિવદન ભટ્ટ

(ર. મ. રાવળ)

'Don't put a step forward without knowing the goal; and keep your determination foremost to follow the path marked out.' ('લક્ષ્ય સમજ્યા વિના એક પગલું પણ આગળ જતો ના; અને જીવનમાર્ગ દોરાઈ ગયો હોય તો તે પર જ ચાલવાનો નિશ્ચય હમેશાં આગળ ને આગળ રાખજે.')

૧૯૩૪ની પોતાની સ્કેચબુકમાં તેણે આવું કંઇક એક પાનાને ખૂણે લખેલું છે અને બાજુમાં આખા દિવસની દિનચર્યાની નોંધ કરી છે; તેમાં પા કલાકની કામગરી પણ નોંધાઇ છે. જીવનને વ્યવસ્થિત કરવાની તેની ઉત્કટ ઇચ્છા તેની પ્રવૃત્તિઓમાં દરેક પ્રસંગે દેખાય છે. છતાં અંતરના કોઈ ઊંડા સંસ્કારો તેને પ્રબળ મંથનમાં ધકેલી તેના જીવનને પ્રયોગની ભઠ્ઠી બનાવી દેતા એવી છાપ ઉપડે છે. એ પ્રયોગશાળી વીર આત્માએ શરીર-સ્વાસ્થ્ય, દેશસેવા, કળા, જ્ઞાન અને મોક્ષ સાધવાને કંઈકંઇ કર્યું છે એ તેની ટૂંકી નોંધો, વાક્યો અને પત્રોમાંથી જણાઈ આવે છે.

સ્વ. હરિવદન બે વર્ષ સુધી શાન્તિનિકેતન કલાભવનમાં વિદ્યાર્થી હતો. તેનામાં રહેલા કલાકાર તરીકેના બીજને પાંગરીને પ્રફુલ્લ થવા પૂરતો સમય મળ્યો નહિ. પણ તેનું આકર્ષક વ્યક્તિત્વ હું જીવીશ ત્યાં સુધી મારા અંતરમાં વસી રહેશે. પ્રકાશ અને પ્રેમની મધુરતાથી ભર્યોભર્યો તે હતો. એનો જીવાત્મા શાંતિમાં વિરમો.

નંદલાલ બોઝ

૩૦ જાન્યુ. ૧૯૪૦

માતાપિતા તરફથી વારસામાં મળેલું સુંદર શરીર એણે વ્યાયામની અખંડ ઉપાસના અને અખાડાની પરમ ભક્તિ વડે વધારે સુદૃઢ અને સુંદર બનાવ્યું હતું, છતાં મુખ ઉપર કર્કશતા કે કઠકાઇ કદી દેખાતાં નહોતાં. હરિવદનનો ચહેરો ચિત્રકારોને આકર્ષે એવો નમણો હતો. એને કામણગારો કહીએ તો પણ ખોટું નહિ; છતાં એણે પોતામાં છેલબટાઉપણું આવવા દીધું નહોતું. રાતદિવસ મહેનત કરી, કંઇક આવક કરી કુટુંબની સેવામાં તે એકનિષ્ઠ જણાતો. તેના મોટા ભાઈ કૃષ્ણલાલ ભટ્ટ તો ગુજરાતના જાણીતા કલાકાર છે; એટલે તેની પરિપાટી અને છાપ તેના પર સહજ પડી. એ દ્વારા અખાડાના વાર્ષિક હસ્તલિખિત અંકો વગેરે શણગારવામાં તેનો ફાળો આગળ રહેતો. એમાંથી તેની ચિત્રકળા વિકસી. તંદુરસ્ત વાચન અને ભાવનાપરાયણતાએ તેના મનમાં અનેક આદર્શો ઉપજાવ્યા; તેમાં મહાન પ્રવાસી થવાના અને કોઈ સમર્થ કલાગુરુ પાસે શીખવા જવાના મોટા કોડ હતા. એને પોતાની ઉણપોનું ભાન સદા સંતપ્ત રાખતું, છતાં કર્તવ્યની ખાતર એ પોતાની ઇચ્છાઓનો ભોગ આપતો. એના એક પત્રમાં તેનાં સૂચનો દેખાય છે:

'જુદાજુદા દૃષ્ટિકોણથી વિચાર કરતાં જુદીજુદી વસ્તુઓ સાચી લાગે. હમણાં બધું ઠીકઠીક ચાલે છે. કાકાની તબિયત ખરાબ રહે છે. કાન્તિલાલ અહીં એક ઈન્સ્યુરન્સ કંપનીમાં નોકરી કરે છે. વાસુદેવે કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો છે. હું બે જગ્યાએ નોકરી કરૂં છું. Girls' High School અને જ્યોતિસંઘ. મેં હમણાં clay modeling શરૂ કર્યું છે. નાનાંનાનાં સાતેક પૂતળાં બનાવ્યાં છે. જોડે ચિત્રો પણ શરૂ કર્યાં છે. છતાં એક વસ્તુ બહુ સાલે છે અને તે મારા માટે રીતસરના અભ્યાસની આવશ્યકતા. કુટુંબની આવી સ્થિતિમાં બધાંને છોડીને અભ્યાસ કરવાનું બની શકે તેવું નથી. મને બેએક જગ્યાએથી શાંતિનિકેતન જવા માટે સ્કૉલરશિપ મળે તેવું હતું અને છે, પણ ઘેર પૈસાની જરૂર પડે તેનું શું? આવાં કારણોથી રીતસરના અભ્યાસ વગર ચિત્રો શરૂ કર્યાં છે (૪–૮–૩૪).'

તેની મનોજાગૃતિની શરૂઆત ખરેખરી આ પ્રસંગોથી જ થઈ જણાય. તે પહેલાંનાં વર્ષોમાં મુખ્યત: અખાડાની જ આરાધના કરી હતી, રાષ્ટ્રસેવાના કાર્યોમાં ઝંપલાવ્યું હતું


અને સત્યાગ્રહના જંગમાં ઝુકાવ્યું હતું. જેને પરિણામે તેના નાનકડા મનોહર મૂક ચહેરા પર લાઠીના ઘાએ રુદ્ર રાષ્ટ્રભક્તનું બીબું લગાવ્યું હતું. સત્યાગ્રહસંગ્રામની પત્રિકાઓમાં તેણે તેની ચિત્રકળાનો પ્રયોગ છૂટથી કર્યો હતો, અને ગુપ્તપણે બહાર પડતી પ્રચારપત્રિકાઓમાં પ્રાસંગિક વ્યંગચિત્રો કરી તે દ્વારા લોકાકર્ષણ અને સચોટ અસર પેદા કર્યાં હતાં. એટલું બધું ગુપ્તપણે એ બધું ચાલતું હતું કે મારા જેવાને પણ તેની ખબર પડી નહોતી. હરિવદન અને તેના નાનકડા સાથીઓનું એ પરાક્રમ હું આજે પણ આનંદાશ્ચર્યે નિહાળું છું. એ ચિત્રોને લીધે ઘણી વાર પોલિસે કુમાર કાર્યાલય પર પણ શંકાનાં દિશોણાં ફેંકેલાં, પણ કશી પાકી બાતમી વિના શું બને?

સત્યાગ્રહસંગ્રામના અંત પછી થોડા વખત ચારે તરફ જે દબાણ અને કાયદાનો સકંજો ચાલ્યો તેમાં ઘણાં યુવાન વૃક્ષો વેરણ છેરણ બન્યાં. દેશમાં એક પ્રકારની નિરાશા અને રૂઢ સમાજ પ્રતિ તિરસ્કારનો પવન પણ આવ્યો. ભાઇ હરિવદન એમાંથી મુક્ત નહોતો રહી શક્યો. લગ્ન વિષે તેણે કશો જ વિચાર જાહેર નહોતો કર્યો પણ સમાજ વિષે તેણે કલ્પનાઓ બાંધી લીધી હતી એમ લાગે છે. તે ઘરથી અલગ રહેતો અને મિત્રો સાથે જ ઘણે ભાગે ખાતોપીતો. તેના સ્વભાવમાં એક પ્રકારનું ગીંઢું મૌન આવી વસ્યું હતું. તે પોતાના વિચારો ભાગ્યે જ બહાર પાડતો. પણ તેણે મલિનપણું કદિ સંઘર્યું નહોતું એટલી મને ખાતરી છે. એના મનની અસ્વસ્થતા અને અકળામણ ટાળવા તેણે વાચન વધાર્યું અને રખડપટ્ટીમાંથી પ્રવાસો આદર્યાં. તેની ૩૦-૧૦-૩૫ની નોંધ એક પાને આવી છે:

'જ્ઞાન, આનંદ, મૈત્રી, નિકટ પરિચય, સેવા, વ્યવસ્થા. લોકોની સ્થિતિ જાણવી જોઇએ, મૈત્રી કેળવવી જોઇએ. મુસાફરનું જગત વિશાળ છે, સંકુચિત નથી; એટલે એમાં આનંદ, જ્ઞાન, શક્તિ, બંધુત્વ, સેવા કરવાનાં સ્થળો વિશાળ છે. કોઈ વાર કડવા ઘૂંટડા પણ પીવા જોઇએ. મુસાફરી તો કેટલો આનંદનો પ્રસંગ છે! આનંદના અનંત સમુદ્રની છોળો ઉછળે છે. એ આનંદ અને જ્ઞાન સાચા મુસાફરોને માટે જ છેનાં—'

એણે ગુજરાત- કાઠિયાવાડનાં ઘણાં સ્થળોની મુસાફરી કરી, સાઇકલ પર કાશ્મીરની મુસાફરી કરવા પણ ચાર મિત્રો નીકળેલા. એ બધાંના પરિણામે તેની કલાવૃત્તિને જબરો વેગ મળ્યો અને આ જગતનાં રહસ્યો પામવાને કલાનો પરિચય જ ઉત્તમ સાધન છે એવી કોઇ સમજથી તેણે એક દિવસે અમદાવાદ છોડી શાંતિનિકેતન જવાનો સંકલ્પ જાહેર કર્યો.

કુમાર કાર્યાલયમાં તેણે એકધારું શિક્ષણ કદિ લીધું નહોતું; પણ તેની સદ્ભાવનાએ તેણે કુમાર કાર્યાલયનું



સ્વ. હરિવદન ભટ્ટ

જન્મ : ભાદરવા વદ ૧૧. સં. ૧૯૬૭ .. તા. ૧૮-૯-૧૯૧૧

અવસાન : માગશર સુદ ૧૧. સં. ૧૯૯૬ .. તા. ૨૨-૧૨-૧૯૩૯

સર્ટિફિકેટ માગ્યું; અને કાર્યાલયમાંથી ચિત્રશિક્ષણની એ અરસામાં છુટી પડેલી સંસ્થા 'ગુજરાત કલાસંઘ'ના નવાં છપાએલાં નોટપેપર પ્રથમ એ સર્ટિફિકેટ માટે જ વપરાયાં.

શાંતિનિકેતન ગયા પછી તેના ચિત્તને સ્વાસ્થ્ય મળ્યું જણાય છે. શ્રી નંદબાબુની તેના ઉપર મીઠી નજર હતી. અને તેના પ્રત્યેક પ્રયોગમાં તેમનું માર્ગદર્શન મળ્યા કરતું. છતાં ત્યાં પણ તે નિયમિત વર્ગવિદ્યાર્થી નહોતો બન્યો. ચિત્ર કરતાં યે તેનો ઉત્સાહ મૂર્તિવિધાન માટે હતો, એટલે શાંતિનિકેતનમાં માટી, છાણ અને ડામરના મિશ્રણથી મોટી મૂર્તિઓ બનાવવાના જે પ્રયોગો ચાલતા હતા તેના ફળમાં ભળીને તેણે બે મોટી મૂર્તિઓ તયાર કરી, તેમાંની એક તો લગભગ ૮॥ ફૂટની છે. આ કામથી તેના હાથની ચળ તૃપ્ત થઈ, શક્તિ અને તાલિમ વધ્યાં, પણ તેનાં સંપૂર્ણ વિકસિત ફળો આવે તે પહેલાં આર્થિક પરિસ્થિતિએ શાંતિનિકેતન તજવાની તેને ફરજ પાડી.

ફરી અમદાવાદ આવીને જ્યોતિસંઘની નોકરી તેણે ચાલુ કરી. તેના શિક્ષણકાર્યથી એ સંસ્થા ખૂબ જ સમૃદ્ધ બની હતી, એવામાં મુંબાઇથી ન્યૂ ઇરા સ્કૂલના પ્રિન્સિપલ શ્રી મગનલાલ વ્યાસની આંખ તેના પર ઠરી અને તેને યોગ્ય પગારે ત્યાં બોલાવ્યો. આ સંસ્થામાં તેને સ્થાન મળ્યું એ તેની શક્તિની યોગ્ય કદર હતી, અને તેણે છ મહિનામાં સૌને ખાતરી કરી આપી કે તેનામાં એક સાચા



૧૯૩૦ની રાષ્ટ્રીય લડતમાં 'તેના નાનકડા મનોહર મૂક ચહેરા પર લાઠીના ઘા પડ્યાં' તે વેળા કપાળે પાટો બાંધેલો તરુણ રાષ્ટ્રસેવક હરિવદન (સ્કેચ · ર. મ. રાવળ)

ચિત્રશિક્ષકની સંપૂર્ણ તૈયારી થઈ ચૂકી હતી. ન્યૂ ઇરાનું કલાશિક્ષણ જોવા બીજી શાળાઓના સંચાલકો લલચાતા અને સરકારી શિક્ષાનિયામકે તો કેટલાક શિક્ષકોને ત્યાં જોઈ આવવા ભલામણ કરેલી. છેવટના કળશ રૂપે ના૦ વાઈસ-રૉયને મુંબાઈની કોઈ સર્વોત્તમ શાળા જોવી હતી તે માટે એ શાળા પસંદગી પામી, અને એ પ્રસિદ્ધ મુલાકાત વખતે પ્રિન્સિપાલ વ્યાસે તેનાં કલાસર્જનો માટે શરમાતા ઊભેલા હરિવદનને કુમળકાથી ઓળખાવ્યા હતા.

બધાને લાગતું હતું કે તેને બંધબેસતું સ્થાન મળી ગયું છે, અને હવે તેની કળાનો સદ્ય વિકાસ થશે; પણ તેના અંતરનાં મંથનો અને મૂંઝવણો વધતાં જ રહ્યાં હશે. એની માનસિક પ્રયોગોની ભઠ્ઠી ધૂંધવાતી જ રહી હશે. એમાંથી શાતા મેળવવાના ઈરાદે ઉનાળી વૅકેશન એણે પૉંડી-ચેરીમાં ગુજારી; પણ ત્યાં શારીરિક સ્વાસ્થ્ય ન જળવાયું, એટલે ભાંગેલી તબિયત અને અસ્વસ્થ મનોદશા લઈ તે અમદાવાદ આવ્યો. કામકાજ, લેખન બધું અભરાઇએ ચડ્યું. અશક્તિએ લથડિયાં ખાતું એ શરીર છેવટે સળગતા સ્ટવનો ભોગ બન્યું. રહ્યાં માત્ર તેની સ્કેચ બુકોનાં પાનાં અને સ્નેહીઓનાં સ્મરણો.

સાથીનાં સ્મરણો

(એક મિત્ર)

સ્વ. હરિવદન ભટ્ટની ઓળખાણ મને પહેલી વાર સ્વ. ભાસ્કર લાખીઆને ત્યાં થઇ હતી. હરિવદન અને ભાસ્કર બંને વ્યાયામશાળાના લંગોટીઆ મિત્રો. તે જોડીમાં મારો ઉમેરો ૧૯૨૯માં થયો. તે પછી અમે અવારનવાર મળતા. એટલામાં ૧૯૩૦માં રાષ્ટ્રીય લડત શરૂ થઈ. એ લડતને લીધે અમે એકમેકની ખૂબ નજદીક પહોંચી ગયા.

૧૯૩૦ના સત્યાગ્રહની શરૂઆત વખતે અમે ત્રણે ભણતા હતા. ત્રણેમાંથી કોઈએ મૅટ્રિક પસાર નહિ કરેલી. આથી લડતમાં ઘર ન જાણે એવી રીતે ભાગ લેવાનું શરૂ કરેલું. પણ આ બહુ વખત સુધી છાનું ન રહ્યું, ને પછી તો ખુલ્લી રીતે ને મગરૂબીથી સત્યાગ્રહમાં ભાગ લેતા. ત્યાં ધારા-સણા જવા માટે બ્યૂગલ ફુંકાયું. અમે તેનો જવાબ આપવા તૈયાર થઇ ગયા. પહોંચવામાં તો ખાસ કાંઈ મુસીબત ન હતી. ત્યાં ગયા પછી શાંત ચિત્તે વિચાર કર્યો. હલ્લામાં પાછી પાની તો ન કરવી, એમ નક્કી કરી હલ્લામાં ગયા. સ્વ. હરિવદને વધારેમાં વધારે માર ખાધો ને તે પણ સામે મોંએ.

આ પછી અમે સત્યાગ્રહ પત્રિકાનું કામકાજ શરૂ કર્યું. પત્રિકા સારા અક્ષરે લખવી, તેનાં કાર્ટુનો આલેખવાં, ચિત્રો દોરવાં ને શહેરમાં વહેંચવી,—આ બધાં કામકાજ માટે ને પોલિસોને થાપ આપવા ખાસ ૩૦ ઈંચ પહોળાઇના પાયજામા અમે શીવડાવેલા. તમામ પત્રિકાઓ જાંગ ને પગની પીંડી પર બાંધતા ને શહેરને એક ખૂણેથી બીજે ખૂણે લઇ જતા. સાથે વાનર સેનાનું કામ પણ ચાલુ કરેલું. વાનર સેનાના કાર્યમાં બીજા ભાઈઓ મદદ કરતા. વાનરોને તાલીમ આપવી, મેળાઓમાં વિલાયતી રમકડાંની દુકાનો પર પિકેટિંગ કરવા તેમને લઇ જવા, વિલાયતી કાપડની દુકાને પિકેટિંગ કરવું, વિલાયતી દારૂની દુકાને કામ કરવું ને જે વિલાયતી કાપડને સીલ ન વાગે ત્યાં અપવાસ કરવા, આ બધું કામ અમે ખૂબ જોમથી કરતા.

સમિતિ તરફથી શહેરમાં ઠેર ઠેર ધ્વજ ચઢાવવા એવો પરિપત્ર નીકળ્યો. લખનારા રહ્યા અમે, એટલે સૌથી પહેલો વાંચ્યો. આ કાર્યક્રમમાં જરૂર ભાગ લેવો એવું નક્કી કર્યું. ભાગ ક્યાં જઇ લેવો એ હવે સવાલ થઇ પડ્યો. ત્યાં ઓચિંતી ખબર પડી કે આર.સી. હાઇસ્કુલમાં ધ્વજવંદન કરવાની હેડમાસ્તર છોકરાઓને ના પાડે છે. બસ, અમને કામ મળી ગયું. આગલે દિવસે આર.સી. હાઇસ્કુલ ગયા. વિદ્યાર્થીઓની સભા કરી. સભામાં સમય અને સ્થળ નક્કી કરી ઘેર આવ્યા. બીજે દિવસે હાઇસ્કુલે ગયા ત્યારે અમારી મહેમાનગત કરવા પોલીસો તૈયાર હતા. અમે પણ દઢ



ડાબી બાજુ : હરિવદન સાત વર્ષની વયે. જમણી બાજુ : સાઇકલ પર કાશ્મીરની મુસાફરીએ નીકળેલા ચાર મિત્રો : ઉપર–હરિવદન ભટ્ટ અને જયંતી ઠાકોર; નીચે–સુમન્ત શાહ અને કાન્તિલાલ પટવા

નિશ્ચય કરીને નીકળ્યા હતા. થોડા વખત સુધી વાટાઘાટો વગેરે ચાલ્યું. છેવટે ચાર વાગ્યે અમે ચોગાનના એક ખૂણામાંથી ઇન્કિલાબ ઝિંદાબાદ પોકારીને અંદર પેઠા. અમે અંદર ગયા ને બહારની જનતા પર પોલિસોએ લાઠીમાર શરૂ કર્યો. અમદાવાદમાં આમ પહેલીજ વાર જાહેર જનતાએ માર ખાધો. અમને તો એકાદ બે નેતરની સોટી જ પડેલી. અમદાવાદમાં અમર થઇ ગએલા એ ધ્વજવંદનમાં એનો ફાળો હતો.

અમને બધાને છોડી મૂકવામાં આવ્યા; જેલ ન થઇ. પાછું અમારું જૂનું ને દરરોજનું કામ શરૂ થયું. વાનર- સેનામાં પણ અમે કામ વધાર્યું. શહેરના જુદાજુદા વૉર્ડમાં અમે નવાંનવાં કેન્દ્રો ખોલવા માંડયાં. ત્યાં વાનરોને તાલીમ આપવી શરૂ કરી. આમ કુલ્લે અમે ૪૦ કેન્દ્રો ખોલ્યાં હતાં ને ૧૨૦૦ વાનરોને તાલીમ આપતા હતા. દરેક જગ્યાએ વૉર્ડમાં બોર્ડ પર લખાણો તથા સરકારવિરોધી સૂત્રો લખવા વગેરેનું કામ સ્વ. હરિવદન ઘણી હોંશથી કરતો.

'જપ્તસાહિત્ય દિન' ઉજવતાં અમો બીજી વાર પકડાયા. અમને લાગતું હતું કે આ ફેરી તો છોડી નહિ જ દે! છેવટે અમને સાબરમતી મોકલ્યા. ૨૧ દિવસ અંડર ટ્રાયલમાં રહ્યા બાદ અમને સજા થઈ: સી વર્ગમાં સખ્ત કેદ ૭ માસ ને ૨૧ દિવસ અને રૂા. ૮૦ દંડ.

જેલમાં સત્યાગ્રહીને શોભે તેવું વર્તન રાખેલું. ભાગે પડતું જે કાંઈ કામકાજ આવે તે કરતા. ફાલતુ સમયે વ્યાયામ કે નેતરનું કામ કરતા. આ પછી યરવડા અમારી બદલી થઇ. આ બદલીમાં સ્વ. ભાસ્કર સાબરમતી રહી ગયો, સ્વ. હરિવદન યરોડા આવ્યો. આ બદલી વખતે એનું જરાકે દિલ ખાટું થયું ન હતું. ઉલટું આનંદથી આ ફેરફાર સ્વીકારી લીધેલો. યરવડામાં અમને છોકરાંઓની બૅરેકમાં મૂકવામાં આવ્યા. ત્યાં ચક્કી, ઊન કાંતવાનું, દોરડાં વણવાનું, કિવનાઇનનું વગેરે કામો કર્યાં. ખાસ ધ્યાન ખેંચે તેવું તો ચક્કીનું કામ હતું જેમાં સ્વ. હરિવદન મોજથી દરરોજ બીજા બે સાથી સાથે ૭૫ શેર દળતો, ને આનંદથી કહેતો કે સાબરમતી રહ્યા હોત તો આવા સરસ અનુભવ ન મળત. સુલેહ થતાં અમે જેલમાંથી છૂટયા. અમદાવાદ આવ્યા.

અમદાવાદ આવી સાથે જ વ્યાયામશાળામાં કામ શરૂ કર્યું. સ્વ. હરિવદન ને સ્વ. ભાસ્કર લાખીઆ બન્ને ખાડિયા વ્યાયામશાળાના માનદ મંત્રીઓ તરીકે કામ કરતા હતા.

'૩૧માં બન્નેએ મૅટ્રિક પસાર કરી ને કૉલેજમાં દાખલ થયા. દાખલ થયાને ભાગ્યે જ ૯ મહિના થયા હશે ને બ્યૂગલ વાગ્યું. અભ્યાસ કોરે મૂકયો ને પત્રિકાનું કામકાજ શરૂ કરી દીધું. સ્વ. હરિવદન આ ઉપરાંત આસફાલ્ટના રસ્તા પર સરકારવિરોધી ચિત્રો દોરતો.

આ લડતમાં કામ કરતાં અમને વિચાર આવ્યો કે સાઈકલ પર કાશ્મીર જઇએ. સ્વભાવ મુજબ ત્રણે તૈયાર

ભાઈ હરિવદનને
એક અંજલિ

મ્હોરી કળી સુભગ આશભરી કુમારી
શાળા સુશીલ મૃદુ સ્નિગ્ધ કુટુંબકુંજે:
થાતી હતી ફુટું ફુટું, તહીં તો અકાળે
કાળે કર્યો શિશિરનો હિમપાત વેરી!

આશાલુ જીવનકલા ગઇ સ્વપ્નસેવી!
શ્રી શોભના પ્રકટતી કરમાઇ ફૂંળી!
ખીલંત સૌરભભરી નવ પાંદડીઓ
જોવા ફળી નયન નેહલ પામશે ના!

સ્નેહાર્દ્ર મૌક્તિકમયી હૃદયાંજલિઓ
અર્પાય આજ ગહને જહીં તું વિરાજે,
ઓજે મહાપ્રણયના પરમાત્મધામે
સેવંત હૂંફ, કળી ત્યાં તવ પૂર્ણ ખીલો!

ખીલી ચિરંતન પ્રભુપ્રણયી વસંતે
ઉચ્છ્વાસ દિવ્ય હરિ! ત્યાં લહરાવજે એ.

પૂજાલાલ

ગયા. જતાં પહેલાં કુટુંબ અંગે સ્વ. ભાસ્કર લાંબીયા નોકરી પર રહી ગએલો હોઇ ન આવી શક્યો. અમે એ ૧૨મી માર્ચ ૧૯૩૩ દાંડીકૂચને દિવસે, બીજા બે સાથીઓ સાથે અમદાવાદથી નીકળ્યા. રસ્તામાં હરિવદન એક બે વાર ઘાયલ થએલો. આ વખતે મોટરમાં અગર ગાડીમાં આવવા અમે કહેતું, પણ એ કહેતો, આજે આરામ લઇને આવની કાલે એકલો તમને પહોંચી વળીશ. આમ એ ગાડીમાં કે મોટરમાં ન બેસતો.

દરમાં એક વખત સીમલા જવાનો અમે વિચાર કર્યો, ત્યારે એણે કહ્યું કે હું તો હરદ્વાર જઈશ. હરદ્વાર જવાનું કારણ પૂછતાં કહેતું કે કોઇ સન્યાસી મળી જાય તો આ જીવનનું સાર્થક થાય. તે વખતે હું એ મશ્કરી કરે છે એમ માનતો. દરમાં હરિવદન સૌથી આગળ રહેતો ને કામ કરવા હમેશાં ઉત્સુક રહેતો. તે ગીલનસાર, સહનશીલ ને ખડતલ હતો.

કાશ્મીર પછી અમે ત્રણ દરરોજ મળતા. એક સરખા પહેરવેશ પહેરી આખા અમદાવાદમાં ઘૂમતા ને ત્રીજી વાર હિમાલય જવા અગર જર્મની જવાનાં સ્વપ્નાં સેવતા.

આ સ્વપ્નાં સેવતા હતા ત્યાં સ્વ. ભાસ્કર ટાયફોઈડમાં ઝડપાયો. રાત ને દિવસ હરિવદને તેની સેવા કરી હતી. તેને સારૂં થયું ને એને બંગલે ખસેડવામાં આવ્યો. ત્યાં અવારનવાર અમે જતા ત્યાં એક રાત્રે એકાએક ભાસ્કરની તબિયત બગડી ને સદાને માટે અમને છોડીને ગયો. ત્યાર પછી અમે ઘણીવાર મળતા. જૂના દિવસો યાદ કરતા ને ફરીથી એવી રીતે કામ કરવાનું મળે એમ ઇચ્છતા. આજે એ બધા વિચારો સંકેલાઈ ગયા છે, કારણકે વિચાર કરનાર ને સ્વપ્નાં સેવનાર આ જગતમાં નથી.

અમદાવાદે એક સરસ, બહાદુર, નીડર ને યુવાન કલાકાર ગુમાવ્યો છે.

જીવનસાધનાની ઝાંખી

(કેશવલાલ વળિયા)

૧૯૩૩ના ઑક્ટોબરમાં અખિલ હિંદ વીમેન્સ એસોસીએશનની ગુજરાતની શાખા તરફથી એક સ્વદેશી પ્રદર્શન ભગુભાઈનાં વંડામાં ભરાયેલું. હરિવદનનો તેમાં થોડોક ફાળો હતો. એ વખતે હરિવદન સાથે મારી પહેલી ઓળખાણ થઇ. તે જ વર્ષના ડિસેમ્બરમાં એલિસબ્રિજ આરોગ્ય ઉત્સવ ઉજવાયો. તે વખતે હરિવદન પણ તેને માટેની રંગભૂમિની સજાવટ તથા બીજી વ્યવસ્થા માટે ત્યાં આવતો. તેજ વખતે અમારી ઓળખાણ મૈત્રીમાં પરિણમી. ત્યાર પછી તો એ મૈત્રી ગાઢ બનતી ગઈ. અને ૧૯૩૪, ૩૫, ૩૬ તો અમે આખો વખત સાથે રહેતા. જીવન અંગેના અનેક પ્રશ્નો ચર્ચતા વિચારતા; અનેક યોજનાઓ ઘડતા. એક બીજાના જીવનની વિગતો પણ એકબીજાથી અજાણ્યું ન હતી.

હરિવદનના કુટુંબની એક ખાસ વિશિષ્ટતા છે. પિતાનો ધંધો મિઠાઇની દુકાનનો છે. પરંતુ બધાં જ ભાઈબહેનો કલાને વરેલાં છે. સૌથી મોટાભાઇ શ્રી. કૃષ્ણલાલ ભટ્ટને તો ગુજરાત ઓળખે છે. શ્રીદામ ભટ્ટની શક્તિ ફોટો-કલામાં બહાર આવી છે. બીજા ભાઇબેનોમાં પણ એ શક્તિ છે. હરિવદનમાં પિતાની તીક્ષ્ણ બુદ્ધિ, અને માતાની લાગણી-પ્રધાનતા ઊતર્યાં હતાં. તેનું બાલજીવન રસિક છે. તેનાં અનેક નાનાં મોટાં તોફાનોની વાતો સાંભળીએ ત્યારે હસીને પેટ દુઃખી જાય. પણ તે વખતે પણ તેને ચિત્રોનો શોખ હતો. અમદાવાદની બજારોમાંથી ફેંકી દેવામાં આવેલી જુદી જુદી જાતની છાપો ભેગી કરીને તે સંઘરતો.


તેણે માધ્યમિક શિક્ષણ પ્રોપ્રાઇટરી હાઇસ્કૂલમાં લીધેલું. ત્યાં તેની તેજસ્વિતાથી સ્કૉલરશીપ મેળવેલી. ગણિત તથા સંસ્કૃત તેના પ્રિય વિષયો હતા. અંગ્રેજી બીજા કે ત્રીજા ધોરણમાં હતો તે વખતે એક શિક્ષક તરફથી તેને થએલા અન્યાયની વાત તે ઘણી વાર કરતો. અને તેનું દુઃખ તેના હૈયામાં જડાઇ ગયું હતું. વર્ગમાં પ્રથમ શ્રેણીનો વિદ્યાર્થી હોય તેની પાટલી વિદ્યાર્થિનીઓની પાટલીની પાછળ જ હતી. વર્ગમાંના પાછલી પાટલી ઉપરથી કોઇ વિદ્યાર્થીએ છોકરીને બોરનો ઠળિયો માર્યો. તે તરફ શિક્ષકનું ધ્યાન ગયું. તે જ વખતે હરિવદન તેની બાજુના વિદ્યાર્થી સામે જોઇ કોઇ બીજા જ કારણસર હસ્યો. અને શિક્ષકને તેનો વાંક લાગ્યો. તેને ગુન્હો કબૂલ કરવાનું કહેવામાં આવતાં તેણે તેમ ન કર્યું હોવાને કારણે ના કહી. તેને માર પડ્યો. પણ મારના દુઃખ કરતાં ગુન્હાના પ્રકારનું દુઃખ તેને મોટું હતું. એ વાત તે આજસુધી ભૂલ્યો ન હતો. અને જ્યારે જ્યારે એ શિક્ષક તેને સામે મળતા ત્યારે ત્યારે એ વાત તેને યાદ આવતી.

૧૯૩૦ની લડત આવી અને બધા યુવાનો સાથે તેણે પણ ઝંપલાવ્યું. એ ત્રણે વર્ષની લડત દરમ્યાન પત્રિકા કાર્યનો ઘણો ભાર તેની અને તેની સાથેના બીજા બે મિત્રોને માથે રહેતો તે વખતના તેના અનેક અનુભવોનો તો મોટો ઇતિહાસ લખી શકાય. તેમાંય અર્ધી રાત પછી અમદાવાદના જાહેર રસ્તાઓ ઉપર ભીંત પત્રિકા તથા કાર્ટૂન્સ, જે વાંચીને બીજે દિવસે લોકો છક થઈ જતાં, તે કેવી સ્થિતિમાં લખાતાં તે પ્રસંગો ખરેખર રોમાંચ ઊભાં કરે તેવાં છે.

લડત બંધ થયા પછી તેણે બે ત્રણ મિત્રો સાથે અમદાવાદથી દિલ્હી થઇને કાશ્મીર તથા હરદ્વારસુધીની સાઇકલની મુસાફરી કરી હતી તેની વિગતો પણ એટલી જ રસિક છે.







ભાઈ હરિવદને કરેલા શિલ્પવિધાનના પ્રયત્નોના ત્રણ નમૂના (૧) ઘેર સ્વપ્રયત્ને માટીમાંથી ઘડેલી એક મૂર્તિ; (૨) (૩) શાંતિનિકેતનમાં ખીલવવામાં આવેલા એક નૂતન હિંદી શિલ્પ પ્રકારમાં તેણે કરેલા મોટા નમૂના: 'શાન્તાલ ઢોલી' અને 'વિષ્ણુ'. આમાં વિષ્ણુની મૂર્તિ ૮।। ફૂટ ઊંચી છે. બંને છાણ, માટી અને ડામરના મિશ્રણથી બનેલી છે. માત્ર વરસાદ અને ભેજવાળી જગ્યામાં તે ટકી શકતી નથી. સૂકી જગ્યામાં તે ઘણો કાળ ટકે છે અને કદમાં અત્યંત મોટી હોવા છતાં હલકા વજનના શિલ્પ તરીકે ઉપયોગી બને છે.

અભ્યાસ છોડયા પછી મોટાભાઈ પોંડીચેરી ગયા હોવાને કારણે ઘરની આર્થિક જવાબદારીનો થોડો ભાગ તેને માથે આવ્યો. તે માટે તે તૈયાર જ હતો. એક બાજુથી પોતાની જાતે ચિત્ર ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવા માંડયું, બીજી બાજુ કમાણી માટે કામ પણ મેળવી લીધું. મ્યુ. ગર્લ્સ હાઇસ્કૂલમાં વ્યાયામ શિક્ષક તરીકે તેણે કામ મેળવ્યું. તેનામાં બીજા પાસેથી કામ લેવાની કુનેહ અજબ હતી. અને બહુ જ થોડા વખતમાં તે બધાનો ચાહ મેળવી શકતો. અને મ્યુ. ગર્લ્સ સ્કૂલની એક છોકરીનો એપેન્ડીસાઈટીસ તેણે આસનથી મટાડયો હતો, એ બહુ ઓછા જાણતા હશે. તેના પોતાના શરીરનો બાંધો નબળો હતો; પણ તે તંદુરસ્ત રાખવા તે હમેશાં પ્રયોગો કર્યા કરતો હતો.

૧૯૩૩ સુધીનું તેનું જીવન વિદ્યાર્થી જીવન ગણાય. ત્યાં સુધી જીવનનાં કોઇ અગત્યનાં પ્રશ્નો તેની સમક્ષ આવેલાં નહિ હોય. ૧૯૩૦ના સત્યાગ્રહે તેને રાષ્ટ્રપ્રેમી બનાવ્યો. તે પહેલાં તેનામાં અખાડાની રમતો, કુસ્તી, બ્રહ્મચર્યનો પ્રભાવ વગેરેની અસર હતી, ૧૯૩૦થી તેમાં રાષ્ટ્રપ્રેમ ભળ્યો. માતાની પ્રભુપરાયણતાની અસર તેના ઉપર હતી. વળી ત્યાં સુધીનું તેનું જીવન મોટે ભાગે ઘરના ધાર્મિક સંસ્કારો પ્રમાણે ઘડાએલું. એ સંસ્કારોને અંબુભાઈના અખાડાના પવિત્ર વાતાવરણે ઓપ આપ્યો. તે વખતે અખાડામાં બીજી અનેકવિધ પ્રવૃત્તિ જેવી કે સાહિત્ય સભા, માસિકો ચલાવવાં, પર્યટનો ગોઠવવાં, ભાષણો ગોઠવવાં વગેરે હતી. અને એ બધાથી તેનો વિકાસ થતો જ જતો હતો. હડત પછી જેમ ઘણા જુવાનોના દાખલાઓમાં બન્યું છે તેમ તેનામાં પણ નવા-જૂના વિચારોનું ઘર્ષણ શરૂ થએલું. આજ સુધી તેના જીવનદૃષ્ટા ઘરના સંસ્કાર તથા અખાડો હતાં. હવે નવું વાચન મળ્યું, નવા અનુભવો થતા ગયા.








સદ્યાલેખો અને સ્મૃતિચિત્રો

ડાબી બાજુ: વરસાદ વેળા પોતાની પરસાળમાં ઊભી રાહ જોતી બંગાળની ગ્રામસ્ત્રી (જોએલા એક દૃશ્યનું ધ્યાન ચિત્ર). ઉપર: (૧) શાંતિનિકેતનમાં આમ્રવૃક્ષ નીચે મળેલી મંડળીનો પીંછીથી કરેલો સદ્યાલેખ. (૨) રંગમંચ પર જોએલા એક નૃત્યદર્શનનું એક સ્મૃતિચિત્ર (બંને કાર્ડ સાઇઝનાં)





એટલે એ ઘર્ષણ વધતું ચાલ્યું. તે વખતે તેને નવા મિત્રો મળ્યા. દરેક બાબતને બુદ્ધિની કસોટીએ ચડાવીને વિચારવી જોઇએ; માત્ર લાગણીથી દોરવાઈ ન જતાં બધી વસ્તુઓ પર સ્વતંત્રરીતે વિચાર કરીને જ નિર્ણય થવો જોઇએ; માણસ પોતે ક્યાં ઊભો છે, ક્યાં જવા માગે છે તે વિચારવું જોઇએ; જીવન શું છે, શાને માટે છે, તેને કયે રસ્તે દોરવવું? વગેરે પ્રશ્નો ઊભા થયા.

આમ એક બાજુ હૃદયમંથન ચાલતું હતું. બીજી બાજુ આર્થિક મુશ્કેલીઓ હતી. પણ હજી તેને કોઇ આખા વખતની નોકરી મળી નહતી. વચ્ચે વચ્ચે કોઈ પ્રદર્શનો વગેરેમાં પોસ્ટર્સ તથા ડેકોરેશન કરવાનું કામ તેને મળી રહેતું હતું. મુંબઈમાં કૉંગ્રેસ સાથે ભરાએલા પ્રદર્શનમાં તેણે ખૂબ મહેનત કરી હતી. અને તેમાં તેને યશ પણ મળ્યો હતો, તેના સાક્ષી તો શ્રી. શંકરલાલ બૅંકર છે.

૧૯૩૪ના એપ્રિલ-મેમાં તે 'જ્યોતિસંઘ'માં જોડાયો. જ્યોતિસંઘના વિકાસમાં હરિવદનનો ચોક્કસ પ્રકારનો ફાળો છે. તેની શીખવવાની કળાને લઇને જ્યોતિસંઘનો ચિત્રવિભાગ સભ્યોથી ભરેલો રહેતો. ઉપરાંત તેનાં પ્રદર્શનો, પર્યટનો, ઉત્સવો વગેરેમાં તેનો ફાળો ઘણો મોટો રહેતો. ૧૯૩૬ના જૂનથી ૧૯૩૮ના એપ્રિલ સુધી બે વર્ષ તે તેના ચિત્રકામના આગળ અભ્યાસ માટે શાંતિનિકેતન જઈ આવ્યો. એ બે વર્ષને તેના જીવનમાં તે ઉત્તમ ગણતો હતો. ૧૯૩૮ના મે માસથી ફરી તે જ્યોતિસંઘમાં જોડાયો. પરંતુ નવેમ્બરથી તે ત્યાંથી છૂટો થયો અને મુંબઇની ન્યુ એરા સ્કૂલમાં જોડાયો.

તેનું મિત્રમંડળ બહોળું હતું. તેના શુભેચ્છકો તથા



હંસનો એણે પુષ્કળ અભ્યાસ કરેલો એક સંપૂર્ણ લાક્ષણિક આલેખ

પ્રશંસકો ઘણા હતા. પણ બહુ જ ઓછાને તેના જીવનનો સાચો ખ્યાલ છે. તેની વાત કરવાની મિઠાશભરેલી રીતને લીધે તથા તેનામાં વિનોદ-વૃત્તિ ભરપૂર હોવાને કારણે તે ઘણા લોકોનો પ્રિય થઈ પડયો હતો. પણ તેના જીવનમાં જેટલો વિનોદ હતો તેટલી જ કરુણતા ભરી હતી. તેને હમેશાં લાગતું કે તેનામાં ખૂબ શક્તિ છે, તેના દિલમાં ધખધખતો અગ્નિ ભ છે, પણ તેને જે કામ કરવું છે તે કરવાનો સમય તથા મોકો મળતો નથી. તે પ્રમાણિક-પણે માનતો કે જે મહાન કલાનો હું વિદ્યાર્થી બનવા ઈચ્છું છું તેની લાયકાત તો મેં મેળવી નથી. તેની પાછળ જેટલું મનન, ચિંતન તથા કાર્ય કરવું જોઈએ તે તો મારાથી થતું જ નથી. આ વિચારોથી તે ઘણો અસંતોષી રહેતો. ચિત્રકલાદ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો, ઈશ્વરમય બનવું એ તેનું ધ્યેય હતું. તેમાં તે રાચતો. સામાન્ય જનતાની ચિત્ર-વિષયક કલા પ્રત્યેની મૂઢતાથી તેને ખૂબ દુઃખ થતું. તેને લાગતું કે આખા સમાજમાં જો કલાને યોગ્ય સ્થાન આપવું હોય તો પ્રાથમિક કેળવણીથી તેની શરૂઆત કરવી જોઈએ. જ્યોતિસંઘમાં તદ્દન નાની વિદ્યાર્થિનીઓને પણ ચિત્ર વિષ-યક કલામાં રસ લેતી તે કરી શક્યો હતો. તેના મગ-જમાં તેના વિષે ઘણી યોજનાઓ પણ હતી. જો તેને પોતાના અભ્યાસ માટે પૂરતો વખત મળ્યો હોત તો તે ઘણું કરી શક્યો હોત. વળી રંગોળીનું સુશોભન, અક્ષર મરોડ, તથા ડિઝાઈનમાં તો તે ગુજરાતના અગ્રગણ્ય ચિત્રકારોની હરોળમાં ઊભો રહી શકે તેમ હતો. કોઈપણ ઓળખીતાને ત્યાં માંગલિક પ્રસંગ હોય, કોઇપણ સંસ્થાના ઉત્સવો હોય, કોઇને નાનકડું પ્રદર્શન ભરવું હોય, કોઇને ગરબા—નાટિકાઓનો કાર્યક્રમ હોય ત્યાં હરિવદન હાજર. આ બાબતોમાં તેની દૃષ્ટિ એટલી સારી રીતે કેળવાઈ ગઈ હતી કે ઓછામાં ઓછાં સાધનોથી તે કલાત્મક રીતે શણ-ગાર કરતો અને વાતાવરણ કલામય બનાવી દેતો. તેણે ઘણી નવી ડિઝાઇનો કરેલી છે. રંગોળીમાં પણ તેણે સરસ હાથ બેસાડેલો. કુમાર કાર્યાલયની દિવાળીની રંગોળી પૂરવાનો તેને માથે કર હતો. અને આવું કામ કરતાં તેને કદી થાક કે કંટાળો જણાતો નહિ.

શાંતિનિકેતન ગયા પછી ચિત્રકામ, શિલ્પ વગેરેમાં ખૂબ આગળ વધવાથી તેની ભૂખ અત્યંત વધી હતી. જાપાન તથા ચીન જવાની તેની તીવ્ર ઉત્કંઠા હતી. ખાસ કરીને ચીનની ચિત્રકળા માટે તેને ખૂબ માન હતું. પરંતુ હવે તો તેનાથી શાંતિનિકેતન પણ ફરી જઈ શકાય તેમ ન હતું. ઘરની આર્થિક જવાબદારીમાં તેણે ફાળો આપ્યા વિના ચાલી શકે તેમ ન હતું. આખા વખતની નોકરી મળ્યા પછી ઘેર પોતાના કામ માટે તેને વખત રહેતો ન હતો. વળી જે જાતનું વાતાવરણ—માત્ર ચિત્રકામ માટે—તેને જોઈતું હતું તે પણ મળે તેમ ન હતું. આ સ્થિતિમાં તેની મનોદશા વધારેને વધારે બદલાતી જતી હતી.

શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે તેનો સ્વભાવ ઊર્મિપ્રધાન તો હતો જ તેમાં ૧૯૩૪–૩૬ દરમ્યાન જે થોડી કે ઘણીયે બૌદ્ધિક સ્થિરતા તથા સ્વસ્થતા હતી તે પણ હવે ચાલી ગઇ હતી. ફરી પાછો તે લાગણીપ્રધાન બનતો ગયો. તેનું મન mysticism (ગૂઢતાવાદ) પ્રત્યે વધારે ને વધારે ઝોક લેતું ગયું.

તેનું દિલ દરિયાવ હતું. જ્યારે જ્યારે શક્ય હતું. ત્યારે અનેક મિત્રોને મદદ કરી છૂટતો. અને જ્યાં જતો ત્યાં તેના વિનોદી સ્વભાવથી કિલકિલાટ કરાવી મૂકતો.

તેના જીવનમાં મોટી દુર્બળતા મનની નબળાઈ હતી. ધારેલું કાર્ય તે પૂરું કરી શકતો નહિ. જો એકવાર કોઈ કામ હાથમાં લેતો તો તેની પાછળ તેની સર્વ શક્તિ ખર્ચતો જ. એની નબળાઇનો અસંતોષ જૂઝવા મથ્યો. આ નબળાઇ વિષે તે ઘણો જાગૃત હોવા છતાં તેમાંથી પોતાની જાતને તારી શક્યો નહિ એ એના જીવનની સૌથી વધારે કરુણતા છે.

કલાકાર હરિવદન

(સુન્દરમ્)

ભાઈ હરિવદનમાં ચિત્રકળા માટે અપાર પ્રેમ હતો અને એ પ્રેમને મૂર્ત રૂપ આપવા માટેની ધગશ અને શક્તિ પણ તેનામાં હતાં. જ્યોતિ સંઘનો ચિત્રવર્ગ હમેશાં ઉત્સાહથી અને પ્રવૃત્તિઓથી ભરપૂર સ્થાન બની રહેતો.

એની શિક્ષણ આપવાની રીત આકર્ષક હતી. વર્ગમાં ક્યાં યે ઘોંઘાટ કે અવ્યવસ્થા રહેતી નહિ. ભિન્નભિન્ન આવડતની અનેક વિદ્યાર્થિનીઓને દરેકને યોગ્ય એવું કામ તે આપતા.

સ્મરણાંજલિ


હરિવદન કલાકાર જીવ હતો તેમજ સાધક પણ હતો. આ બે તત્ત્વો વચ્ચે વારંવાર અથડામણ થતી અને એ પોતે હમેશાં તે બંનેનો સમન્વય કરવા મથતો. પણ અફસોસ, એ ચિરઇપ્સિત સુમેળ માત્ર મૃત્યુના ખોળામાં જ થયો.

તેના પર દૈવની એક કૃપા હતી. તે પોતાની જાત પર બાળક જેવી સરળતા ને ઉમળકાથી હસી શકતો એટલું જ નહિ પણ બીજાઓને યે તેમની જાત પ્રત્યે હસાવતો, અને એમ કરીને તેમને તેમની અંદર રહેલા સત્‌ની ઝાંખી કરાવીને જે માયામાં આપણે સૌ સદા વીંટળાએલા છીએ તેનું ભાન કરાવતો. આથી તેનાં વ્યંગચિત્રોમાં એક પ્રકારની ઉત્તેજકતા જણાતી, કારણ કે તેની અંદર વસેલા ચેતન પરમાત્માના હાસ્યસ્પર્શથી એ કરવા તે પ્રેરાતો.

યુગોના રહસ્યને તેણે મૃત્યુમાં સંઘરી લીધું. એ રહસ્ય એ કે ગમતાં-અણગમતાંના દ્વંદ્વથી પર રહીને એકનિષ્ઠભાવે કલાની આરાધના કરવા કલાકારે યોગી બનવું ઘટે. સંત ફ્રાન્સિસમાં જેવી પાત્રતા, સ્વભાવ ને રૂચિ હતાં તેવી જ ભાવનાભક્તિવાળો કલાકાર હોઈ શકે. સ્રષ્ટાની જેમ તે વ્યક્તિ-સમષ્ટિ સર્વને સરખાં જ પ્રેમ-પાત્ર બનાવે છે.

હરિવદનનું જીવન તેના સાથીઓને પ્રેરણારૂપ હો.

(શાંતિનિકેતન ૨૮-૧-૪૦) ગુરૂદયાળ મલ્લિક



સૌથી નાની વિદ્યાર્થિનીઓનું શિક્ષણ કાતરકામથી શરૂ થતું અને થોડા જ વખતમાં કાતરનો ઉપયોગ કરીને



અલંકાર નીરખતી રાણી : જૂના શિલ્પની શૈલીનું ઉપજાવેલું એક રેખાભિધાન

વિદ્યાર્થીનીઓ ભાતભાતની મનોરમ ડિઝાઇનો ઉપજાવતી હતી. નાનાં બાળકો માટે તે જે ચિત્રના નમૂના પસંદ કરતા તે પણ બહુ લાક્ષણિક રહેતા. બીજા ચિત્રશિક્ષકો કરતાં તેમની એ લાક્ષણિકતા હતી. એમની એ દૃષ્ટિ શ્રી નંદબાબુ પાસે શિક્ષણ લઈ આવ્યા પછી વધારે વિકસિત અને પકવ બની. હું સમજ્યો છું તે મુજબ ચિત્ર એ પદાર્થનું વિગતવાર અનુકરણ બનવાને બદલે પદાર્થનું કલ્પનામય રૂપ બનવું જોઈએ, ચિત્રકારની કલ્પનાએ એમાં કંઇક અવનવું તત્ત્વ સર્જવું જોઈએ એવી કંઈક આ દૃષ્ટિ હતી. એ મુજબનાં એમણે ઘણાં ચિત્રો કર્યાં હતાં. બાળકો માટે તે જે પ્રાણીઓ દોરતા-મોર, પોપટ, કૂકડો, ગાય, ઘોડો, તે, તે તે પ્રાણી હોવા છતાં કંઈક વિશેષતાવાળાં બનતાં અને તેથી વાસ્તવિક પ્રાણી કરતાં યે વિશેષ રમણીય લાગતાં. એમાં રેખાઓની ખૂબ સ.દાઈ અને કરકસર રહેતી; ક્યાંક જાણીજોઇને રુક્ષતા—જડાઇ પણ દાખલ કરાતી. બાળકોને આ ચિત્રો ખૂબ જ અસર કરતાં અને મને પોતાને પણ પેલાં તાદૃશ આલેખનો કરતાં આ વધારે ગમતાં થયાં હતાં. આના ઉદાહરણ તરીકે હરિવદનનાં મોરનાં ચિત્રો જ લઈએ. હું માનું છું કે એકલા મોરની જ જે અનેક ડિઝાઈનો હરિવદને ઉપજાવી છે તેટલી કોઈએ હજી ઉપજાવી નથી.



એક પુસ્તકના પૂઠાના ચિત્ર માટેનો પ્રાથમિક આલેખ

અને તે બધી અરૂઢ પ્રકારની, નવીન મૌલિક રેખાઓવાળી છે. અને આ અરૂઢ રીતિનાં આલેખનોનું મૂળ આપણી જૂની ચિત્રકળામાં છે એ જ્યારે એમણે બતાવ્યું ત્યારે જાણે આપણી ચિત્રકળાની મૌલિકતાના ખરા અંશ એના હાથમાં આવ્યા હોય એમ મને લાગ્યું.

ભાઇ હરિવદનની ચિત્રશક્તિ આ દિશામાં વિકસી શકી હોત તો ગુજરાતને કોક નવી જ મૌલિકતાભરી કલમનાં દર્શન થાત. પણ એ માટે તો હવે શોક જ કરવાનો રહે છે.

એમની ચિત્રશક્તિનાં બીજાં બે આવિષ્કરણો નોંધીને હું અટકીશ. એ છે રંગોળી અને પોસ્ટરો. આ બંને ઉપર એમનો હાથ તો પહેલથી—એટલેકે '૩૦ની સાલથી' જ સારો જામેલો હતો. જ્યોતિસંઘે એમની આ શક્તિને વિકસવાની સારી તક આપી. સંઘના સમારંભોમાં રંગોળીઓને ઠીક મહત્ત્વ અપાતું આવ્યું છે. આપણી ચિત્રદૃષ્ટિને બહલાવે, ઉત્તેજે અને સંતોષે એવો ચિત્રકળાનો હળવો, પણ ખૂબ સહજ સામાજિક પ્રકાર તે રંગોળીનો જ છે. અને એમાં આયોજનોની મૌલિકતા હરિવદનમાં ખૂબ ભરી હતી.

પોસ્ટરોની રચના અમુક પ્રકારની કથનની ચોટ, નિરૂપણનું લાઘવ અને રેખાઓનું બળ માગી લે છે. આપણા સામાજિક પ્રશ્નોને જનતા સમક્ષ રજૂ કરવા જ્યોતિસંઘે પોસ્ટરોનો આશ્રય લીધો છે. એમા હરિવદનની પીંછીનાં ઘણાં બળવાન પોસ્ટરો છે. ભાઈ હરિવદને આશરે પચાસેક પોસ્ટરો કર્યાં હશે.


ભાઇ હરિવદનની મહેચ્છાઓ તો ખૂબ હતી. એની સ્કેચબુકો ખૂબ મૌલિક આલેખનોથી ભરેલી છે. મહાન ચિત્રોની સામગ્રી એણે સંઘરી હતી. પણ એ બધું મૂકીને, ચિત્રની શરૂઆત માટે બધી સામગ્રી ભેગી કરીને, કૅનવાસ પર થોડી રેખાઓ આંકીને, કશીક ધૂન આવતાં, કોઈ ધૂની

જીવનસાધના


આંખને વીંધીને આંધળી કરી મૂકે એટલું ગાઢ તિમિર ચારેકોર છવાઈ રહ્યું છે. આશ્રમમાં સૌ કોઇ સૂતું છે, પક્ષીઓ અને વૃક્ષો પણ સૂતાં છે, હું મારી ઓરડી તરફ આવું છું એવામાં ઊંચા શાલવૃક્ષની નીચે સફેદ પોશાક પહેરેલી કોઇ ઊંચી આકૃતિ દેખાઈ. જરા ધબકતે હૈયે હું નજીક ગયો તો જણાયું કે એ તો હરિવદન છે. 'અરે હરિવદન! આમ અહીં ભૂતની પેઠે શું ઊભો છે?' 'આપ્ટે, કલાકારને કોઈ વાર ભૂત પણ બનવું પડે છે. તને તો ખબર છે કે કળામાં મારા જીવનનો આનંદ મળે છે. આ છેલ્લા બે માસથી હું વૃક્ષોનો અભ્યાસ કરી રહ્યો છું. દિવસના મેં ઝાડોનું નિરીક્ષણ ખૂબ કર્યું, હવે હું અંધારામાં તેમને જોઉં છું. વૃક્ષો અદ્ભુત સર્જન છે. એક વાર તમે તેમને સમજી શકો તો તમારા પર એટલા ભાવ અને સુખનું વર્ષણ કરશે જે તમને લોકો તરફથી ભાગ્યે જ મળી શકે. તેની છાયામાં તમને શાંતિનો અનુભવ થાય છે. આપ્ટે! આ તો મારી જીવનસાધના છે.'

તેને યાદ કરૂં છું ને આ સાધનાનું દુઃખદ સ્મરણ મન પર ફરી વળે છે.

(શાન્તિનિકેતન—૨૫-૧-૪૦) ચિંતામણિ (આપ્ટે)



ચિત્રકાર પેઠે હરિવદન પીંછી પછાડીને આપણી પાસેથી ચાલ્યા ગયા છે . . . . કળાકાર આવા જ હશે!



તળીએ પડેલી સમાજનાં બાળકોનાં સદ્યચિત્રો ભાઇ હરિવદને પ્રવાસો દ્વારા જનસમુદાયનાં અસંખ્ય ચિત્રો જોઇ, હિંદની મોટા ભાગની પ્રજા કેવી છે તેનો સાક્ષાત્કાર કરીને એના આત્માનો કળામાં આવિષ્કાર કરવા આવાં સદ્યચિત્રોનો મોટો સંચય કર્યો હતો. એ કળા પૂર્ણ સ્વરૂપે પ્રકટ કરી હોત તો તે જનતાનું સાચું પ્રતિનિધિત્વ કરી શકત.

ભાઈ હરિવદનને—

(અંબાલાલ પુરાણી)

અનેક યુવાનોના આંતરજીવનના સાક્ષી અને મિત્ર થવાનું વિરલ ભાગ્ય મને સાંપડ્યું છે. તેમાંનો ભાઇ હરિવદન પણ એક હતો. વર્ષો થયાં મારી અને એની વચ્ચે કૃષ્ણલાલના સંબંધ સિવાય બીજો પ્રત્યક્ષ સંબંધ ન હતો તોપણ પોતાના આંતરજીવનનું સમાધાન શોધવા તે વગર બોલાવ્યો પોંડીચેરી દૂપડી આવ્યો.

પોતાના અંતરની ગૂંચો રજુ કરીને મને તો એણે તેની ગાઢ આત્મીયતાની પ્રતીતિ કરાવી. એના વાર્તાલાપમાં પરમાર્થ વિષય સિવાય બીજી કોઇ વાત એણે છેડી ન હતી. પ્રભુને સમર્પિત થએલ કળા એની આત્મોન્નતિનું સાધન બની શકે એવી આશા પણ મારા મનમાં જન્મેલી.

કળાના ક્ષેત્રમાં એની સિદ્ધિઓ બીજ રૂપે હતી, સુંદર પરિપાકની આશા આપનારી હતી. અહીંના તેના નિવાસ દરમ્યાન એણે બે મૂર્તિઓ શરૂ કરી હતી. મને તો એ બન્ને એની આંતરસ્થિતિની (અનુસંધાન પૃ. ૫૮મે)

'હજુ તો એ ઉછરતો અને મહાન આકાંક્ષાઓભર્યો તરુણ હતો. ચિત્રકળાનો તે સાચો રસિયો હતો અને પોતાના કામ પાછળ તે તન્મય બનીને લાગી જતો. એક વખત તેણે હંસનો જ અભ્યાસ કરવા માંડ્યો તે વાત મને યાદ છે. એ વખતે ધુમ ઉનાળો હતો, પણ અજબ ધીરજ અને ચીવટથી એ માહના સુધી તે હંસોને જ નિરખવા ધૂમ્યો. તડકો કે રોજ તળાવડે જવા-આવવાનો થાક—કશું યે તેને જરા યે કાયર કરી શકતું નહિ. પોતાના કામની એને એટલી લગની હતી.

(શાન્તિનિકેતન) એ. પેરૂમલ



પર્યટનમાં કરેલાં નોંધચિત્રોનાં કેટલાંક પાનાં. આવાં ચિત્રોમાં કલાકારને વિવિધ પ્રસંગોનું વસ્તુવિધાન પ્રાપ્ત થાય છે અને તે તેની સમૃદ્ધિ ઘણી વધારે છે.





ડિઝાઇન તો હરિવદનનો પ્રિય વિષય. નવરો પડે કે તેનું જ રટણ. હાથની આંગળીઓમાં એના આલેખનનો લય ઊતરે ત્યારે કલમ કેમ ફરતી અને જે હાથ લાગ્યા તે નજીવા કાગળ ઉપર પણ તે કેવી નોંધો કરતો તેના એ નમૂના

(અનુસંધાન પૃ. ૫૬-ડથી) સૂચક લાગે છે. એમાંની એક નાની હતી, જેમાં જમીન પર બેઠેલી માતાને પાછળથી દોડતું આવી વળગી પડતું બાળક એણે ઉતાર્યું હતું.

બીજી મૂર્તિ તો ઘણા મોટા કદની હતી અને અહીં રહીને એ પૂરી કરવાનો એને ઉત્સાહ હતો. એમાં આનંદિત ચહેરે ખોળામાં રહેલા શિશુને સ્તનપાન કરાવતી માતાનું આલેખન કર્યું હતું. આ કામને છેવટના રૂપમાં મૂકે તે પહેલાં તો એને અહીંથી જવું પડ્યું. પરંતુ વિષયનો મુખ્ય ભાવ બરાબર ઓળખાયો હતો. માનવ આત્માને અપાર પ્રેમથી પોષણ આપી રહેલી વિશ્વજનનીનો ભાવ એને તાદૃશ્ય કરવો હતો, કે પછી સર્વશક્તિમાન પ્રભુનું પણ 'મા' રૂપે આવ્હાન એના દુઃખપીડિત આત્માને ગમી ગયું હતું? અવસાનના થોડા જ મહિના પૂર્વે આલેખાએલી એ મૂર્તિ એના અંતરની એકત્રિત અભીપ્સાની સૂચક હતી. શિશુ બનીને માના હાથમાં પોતાને સોંપવા વાંછતો એનો આત્મા એ ભાવનામાં રાચતો હતો.

પણ જર્જરિત થએલું દુર્બળ શરીર ને એનું અતિ નાજુક મજ્જાતંત્ર, ખૂબ જલદી પ્રગતિ કરવાની ધગશમાં એણે કરેલો અતિ પ્રયાસ, આ બધું એકઠું મળવાને પરિણામે એના મગજમાં ઉશ્કેરણી થઈ આવતી. એને અમદાવાદ જવું પડ્યું. પોતાના જીવનની પુનર્ઘટના કરવા મથતા એને વારંવાર લાગતું કે પોતે પ્રભુકૃપાનો અધિકારી નથી. પોતાની ત્રુટીઓ, ખામીઓ, અશક્તિઓનું ભાન થતાં એને અસહ્ય દુઃખ થયા કરતું. એટલે જ જે પશ્ચાત્તાપના અગ્નિથી એનું અંતર તવાતું હતું તેણે જ સ્થૂળ રૂપે એના દેહનો ભોગ જ્યારે લીધો ત્યારે અંતરમાં એમ થયા વિના ન રહ્યું કે 'આખરે અગ્નિએ આહુતિ લીધી.'

એ બેવડા અગ્નિસ્નાનને પરિણામે એનો આત્મા પુનિત બનીને વધુ અનુકૂળ સંજોગોમાં પોતાની ઉન્નતિને માર્ગે પ્રયાણ કરો એટલી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીને આ અંજલિ અર્પણ કરું છું.



મહાત્માજીના હસ્તાક્ષરવાળો હરિવદને કરેલો તેમનો સ્કેચ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ (બલવન્ત ભટ્ટ)

ભાઈ હરિવદનનો પ્રથમ પરિચય મને ગુજરાત કલાસંઘ ચિત્રશાળામાં ઈ.સ. ૧૯૩૬માં થએલો. ત્યાર પછી ઈ.સ. ૧૯૩૭માં હું જ્યારે શાન્તિનિકેતન આવ્યો ત્યારે અમારે સારો પરિચય અને મિત્રતા થઈ. શાન્તિનિકેતન રહ્યા તે દરમિયાન તેમણે શાન્તાલ ગામડાંઓમાં પરિભ્રમણ કરીને શાન્તાલ 'Figures' (માનવકૃતિ)નો સારો અભ્યાસ કર્યો હતો. અહીં રહ્યા તે દરમિયાન બંગાળાનાં પ્રખ્યાત સ્થળો 'દુમકા પહાડ', 'ભીમ બાણ' અને પૂર્વ બંગાળામાં ફર્યાં છે. 'દુમકા' અને પૂર્વ બંગાળનાં ચમત્કૃતિભરેલાં કુદરતી દૃશ્યોના સ્કેચ તેમણે લીધા છે. **મદનલાલ મહેતા**

કળાનો મ્હોર ખર્યો



હરિલાલ ફુલચંદભાઈ પંચાલ નડિયાદ.
અવસાન તા. ૨૧-૧૧-૩૯.

આ છબીમાં દેખાતું નિર્દોષ શાંત મોં એક વખત પોતાના કુટુંબ અને નગરને ભાવિકલાવીરનાં સ્વપ્નાં પૂરતું હતું. એનાં આંગળામાં સર્જનનો તરવરાટ હતો. સોનારૂપાના શિલ્પીનો એ પુત્ર એક નવો પ્રતિમાવિધાયક જન્મથી જ બન્યો હોય તેમ બીન તાલીમે પંખીઓ, પશુઓ વગેરે ઘડતો અને છેવટમાં માનવમૂર્તિઓ ઉપર તેણે સુંદર સચોટ કામ બતાવ્યો હતો. એણે ઉપજાવેલી પૂ. ગાંધીજીની માત્ર એક વેંતની મૂર્તિમાં તેની હથોટી જણાઇ આવે છે. એના ભર્યા કુટુંબનો એ પાણીદાર હીરો હતો, પણ પહેલ પામી મહત્વ પામે તે પહેલાં કાળમાં ગર્ક થઈ ગયો અને દુઃખી માતા પિતા અને દેશની ખોટનો હિસાબ વધારી ગયો.

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: 'શ્રમજીવીની સવાર'-કાસમ સુતાર (નડિયાદ); બીજું ઇનામ: 'મીની'-આર. એમ. મિસ્ત્રી (નડિયાદ); ત્રીજું ઇનામ 'મા...'-ડી. ડી. પટેલ (નૈરોબી); કલ્પના: 'કોંકણની સંધ્યા'-નરેન્દ્ર નાયક; નોંધપાત્ર (ગુણ પ્રમાણે) (૧) એ. એન. કાપડિયા-સુરત; (૨) એફ. એ. સરકાર સુરત; (૩) જયંત આર. લાલન-મુંબાઇ; (૪) છગન મેવાડા-કલોલ.

ઘર દુકાનના આંગણામાં સવારના તડકામાં કામની શરૂઆત કરતા ત્રણ માનવીના ભાઇ સુતારે લીધેલા ફોટો-ચિત્ર 'શ્રમજીવીની સવાર'ની સંયોજના અને છાયાપ્રકાશ સારાં છે. કામનો વેત કરી રહેલા આ ત્રણે પાત્રોનું લક્ષ્ય સામે પડેલા લાકડાનો ટુકડો છે એમ જણાય છે. કામકાજની સ્વાભાવિક સ્થિતિ જાળવી ભાઇ સુતારે વસ્તુયોજના સાધી લીધી છે એ તેની પોતાની કુશળતા છે. વસ્તુઓ કે પાત્રોના ગુંચવાડા થતા નથી. દરેક પોતાનો હિસ્સો ચિત્રના મુખ્ય વ્યવહારમાં પૂરો પાડે છે.


ભાઈ મિસ્ત્રીની 'મીની' બિલાડીનું ઠીકઠીક પોર્ટ્રેટ ગણાય. માણસના ફોટો ચિત્રમાં, પોઝ લેતાં પહેલાં તેના હાથ, પગ વગેરે અવયવો તરફ ધ્યાન આપવાની જરૂર હોય છે, તેવું જ પ્રાણી ફોટોગ્રાફીમાં પણ છે. નહિતર ચિત્ર બેડોળ બની જાય. 'મીની'માં બિલાડીના માથાના પ્રમાણમાં તેના પંજા કેટલા નાના લાગે છે! બહુ જ નજીકથી સ્નેપ કરવા જતાં આવું પરિણામ આવે છે. નીચેથી દોઢ ઇંચ જેટલો ભાગ કાઢી નાખીને આ ક્ષતિ દૂર કરી શકાય.

ભાઈ પટેલે રડતા બાળકની હૂબહૂ મુદ્રા 'મા....' ચિત્રમાં પકડી છે. એ ચિત્ર ઘણી રીતે સારું છે, પણ ચિત્રની નીચેનો ભાગ ધોળો હોવાથી ચહેરાનો આધાર રચાતો નથી. બાળકનું ઝબલું રંગીન હોત તો એ ક્ષતિ દૂર થાત. કદાચ અચાનક સાંપડેલી તકનો ભાઈ પટેલે ઉપયોગ કર્યો હોય. તો તો હવે તેટલા ભાગને પ્રિન્ટિંગ કે એન્લાર્જિંગમાં વધારે કાળો કરવો એ જ એક માર્ગ રહે છે.

'કોંકણની સંધ્યા' સાયંકાળનું રમ્ય વાતાવરણ રજૂ કરે છે. આ પ્રકારના વિષયોમાં પ્રિન્ટીંગ જરા ઓછું કરી, બને તો આગળના ભાગમાં થોડી વિગત આણવી જોઇએ. બાકીનાં ચિત્રો અનુક્રમે સ્તુતિપાત્ર ઠરે છે. **બલવન્ત ભટ્ટ**




પોતે કરેલી ત્વરિત નોંધો અને સાદૃશ્યો ઉપરથી કલ્પનાગુંફન વડે ઉપજાવેલાં આ વિવિધ ડિઝાઈનમાંનાં સચોટ નિયમન અને સંવેગો ભાઈ હરિવદનના એ કાર્યમાં સિદ્ધહસ્ત હોવાની પ્રતીતિ આપે છે.



માત્ર પીંછીથી કરેલા આ વિવિધ સદ્યાલેખો (સ્કેચો)માં હરિવદને ચીનાઈ ચિત્રશૈલીનો ઉપયોગ કરેલો સ્પષ્ટ જણાય છે.



પરભાર્યું પીંછી વડે આલેખેલું એક રંગપૂર્ણ ત્વરિત આલેખન




જળલેપનભર્યા કાગળ પર માત્ર કાળી શાહીની પીંછીથી સીધેસીધું તૈયાર કરેલું આ નિસર્ગદૃશ્ય હરિવદનની વર્ણભંગની અને વિસ્તારદર્શનની શક્તિ રજૂ કરે છે. નીચે: ઉપર મુજબની જ પદ્ધતિનું એક બીજું આલેખન



ચીન કે જાપાનના ચિત્રકારો એક પક્ષી કે પ્રાણીના અભ્યાસ કરવા દિવસો કે મહિનાઓ સુધી તેના સહવાસમાં જીવન ગુજારે છે. પોતાના પાત્રની હીલચાલમાં દેખાતા દરેક મનોભાવ પોતામાં સજીવ બની જાય એટલી સ્મરણનોંધો ત કરે છે અને તે એટલે સુધી કે એ પાત્રના અભાવે તેનું ગમે તે સ્થિતિમાં પોતે ભાવપૂર્ણ ચિત્ર દોરી શકે એટલી સિદ્ધિ બતાવી શકાય. એ દૃષ્ટાંત ધ્યાનમાં રાખી ભાઈ હરિવદને હંસનો અભ્યાસ કર્યો છે (જુઓ સામેનું પાનું)





અહીં બતાવ્યાં એવાં સેંકડો ચિત્રો ઉપરાંત તેણે હંસના અસલ માપના પણ કેટલાં યે ચિત્રો કર્યાં છે. એ ઉપાસના દરમિયાન તેની મનોદશા કેવી હતી તે વિષે તેણે ઉપરના ચિત્રમાં પોતાનું જ વ્યંગચિત્ર કરી સ્વહસ્તે નોંધ કરી છે.

સંસારનાં શહેરો

(૮) સીંગાપોર

બ્રિટિશ ડિપ્લોમસીથી જગતની જીભે ચડેલું આ શહેર મલય દ્વીપકલ્પને છેડે આવેલો ૨૭ માઈલ લાંબો, ૧૪ માઈલ પહોળો ને ૨૧૭ ચોરસ માઈલ ક્ષેત્રફળનો એક આખો ટાપુ જ છે ને સ્ટ્રેઈટ્સ સેટલમેન્ટ તરીકે ઓળખાતા બ્રિટિશ સંસ્થાનમાં તેનો સમાવેશ થાય છે. જોહોર નામના મલય રાજ્યના પડખે આવેલું હોઇ, જોહોરથી પીનાંગ ને બાંગકોક સાથે તે રેલવે વડે જોડાએલું છે.

એનું મહત્ત્વ તો ખાસ કરીને પૂર્વના ટાપુઓના વેપાર ઉપર છે. શિપમેન્ટ માટે તેની આયાત-નિકાસનો આંકડો કરોડ પૌંડ ઉપરાંતનો થવા જાય છે! દુનિયાનાં સર્વશ્રેષ્ઠ બંદરોમાં તેની ગણત્રી થાય છે. તેના બારાની વચ્ચે દિવસે લગભગ ૮૦૦૦ સ્ટીમરો મુલાકાત લે છે, જ્યારે ૨૫૦૦૦ જેટલાં દેશી વહાણો.


એની નિકાસમાં મુખ્ય ભાગે રબર, કલાઇ, કોપરૂં, મસાલા, સાબુચોખા ને સુરક્ષિત (પૅક કરેલાં) ફળો આવે. આયાતમાં માત્ર અફીણ, તમાકુ, આલ્કોહૉલિક સ્પિરિટ્સ અને પેટ્રોલિયમ પર જકાત છે, બીજા કોઇ માલ પર નહિ.

સીંગાપોરનો કબજો બ્રિટિશો વતી સર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સે ઇ. ૧૮૧૯માં જોહોરના સુલતાનની સહાયથી મેળવ્યો. ત્યારે એ આખું જંગલથી છવાએલું હતું ને થોડા માછીમારો રહેતા હતા. એ આબાદ વેપારી કેન્દ્ર હોત તો માર્કોપોલો કે ઇબ્ન બતુતાએ તેની નોંધ લીધી હોત.

હવા ગરમ અને ભેજવાળી હોવાથી સૂકા પ્રદેશો કરતાં વધુ દુઃસહ બને છે, પણ વનસ્પતિને તે બહુ માફક આવે છે. એને નૈઋત્ય ખૂણે પરવાળાંના ખડકો આવેલા છે. મુખ્ય ભૂમિભાગ પર સરકારી ઑફિસો ને વેપારી પેઢીઓ સિવાય રબર, ચામડાં, જોડા, બિસ્કીટ, ફળોનું ટિનિંગ કરતાં કારખાનાં તથા રૅફલ્સ કૉલેજ, મ્યૂઝિયમ અને દેવળ આવેલાં છે. એની વસતિ એટલે પૂર્વની બધી પ્રજાઓનો શંભુમેળો. ઓછામાં ઓછા સિત્તેર ભાષા ત્યાં બોલાય છે! ચીનાઓનું ત્યાં પ્રમાણ વધુ છે. વસતિ લગભગ સવા ચાર લાખની છે. આજુબાજુના ક્રિસ્ટમસ, બાબુઅન અને કૉકોસ ટાપુઓ પણ સીંગાપોરને લગતા જ ગણાય છે.



સુએઝ કૅનાલની બહુમૂલ્ય ટિકીટો



આ ઉપર જે ચાર ટિકીટો અપાએલી છે એ બહુમૂલ્ય ઐતિહાસિક ટિકીટો છે. સુએઝની નહેરની પૂર્ણાહુતિ પ્રસંગે જુદી જુદી કીમતે જુદા જુદા રંગમાં એ બહાર પડેલી: ૧ સેન્ટની કાળી, ૫ સેન્ટની લીલી, ૨૦ સેન્ટની વાદળી અને ૪૦ સેન્ટની ગુલાબી રંગમાં. નહેર પસાર કરતા વહાણની તેમાં છાપ આપેલી છે. નવાઇની વાત એ છે કે ટિકીટોની દુનિયામાં ટૂંકામાં ટૂંકી આવરદા ધરાવતી ટિકીટોમાં આ ટિકીટો આવે છે. ઈ. ૧૮૬૮ના જુલાઇમાં એ બહાર મુકાઈ અને માત્ર ત્રણ જ મહિના પ્રચારમાં રહી ૧૮૬૮ના ઑક્ટોબરમાં તો એ ખેંચી લેવાઇ. એમ થતાં, એ નહેરના આજના ઐતિહાસિક મહત્ત્વને અંગે એમની કીમત ઘણી વધી ગઇ છે. ટિકીટોના કૅટલોગો આજે તેની ૭૯ પૌંડ—લગભગ ૧૧૦૦ રૂપિયા—જેટલી કીમત આંકે છે. આ દુષ્પ્રાપ્ય અને બહુમૂલ્યતાને કારણે, આ ટિકીટોની નકલી બનાવટો પણ ઊભી કરવામાં આવી છે.—જેમાંની કેટલીક તો એવી આબેહૂબ નકલો હોય છે કે નિષ્ણાતની આંખ જ એ ભેદ પારખી શકે. 'કુમાર'ના પરિચિત ટિકિટ સંગ્રાહક શ્રી હરિલાલ ઍન્કરે પોતાના સમૃદ્ધ સંગ્રહમાં આ ચારે મૂળ ટિકીટો જમાવી શક્યા છે અને આ સાથેનું ચિત્ર એમના એ સંગ્રહને જ આભારી છે.

ધૂંવાધાર

જબલપુર પાસેનો નર્મદાનો ભવ્ય-પાવન જલધોધ

પ્રપાત એટલે જીવનનો અધઃપાત. પણ અહીં એવું લાગતું નથી.... હવામાં ધુમ્મસપેઠે તુષારનોફુવારો ઉડાડતી એની ધારમાં વેગ છે, મસ્તી છે, બેપરવાઈ છે, તાંડવ છે, અને હાસ્ય ઠંડું પડતાંવેંત મોઢા પર ફરી નિર્મળ ભાવ ધારણ કરવાની કળા યે એને સાધિત છે.

પહેલા... બીજા... ત્રીજા! ધૂંવાધાર હમણાં ત્રીજી વાર જોઈ લીધો. ધૂંવાધાર નામ સરસ છે. નામમાં જ આખું દશ્ય આવી જાય છે. પણ આ વખતે એ પ્રપાત જોતાં જોતાં મનમાં ઊગ્યું છે હું તો એને 'ધારધૂંવા' કહું. ધાર પડે છે, ફુવારા ઊડે છે અને તરત એના તુષાર થઈને ધુમસ જેવા ગોટા હવામાં દોડે છે. માટે ધારધૂંવા એ જ નામ બંધ બેસે છે.

જબલપુરથી ત્યાંના ગોળમટોળ પથરા અને ચળકતાં તળાવ જોતા જોતા નર્મદાને કિનારે આવી પહોંચીએ છીએ. રસ્તાનું દશ્ય કહે છે કે આ કાવ્યભૂમિ છે. જ્યાં જુઓ ત્યાં નાનાં મોટાં ઝાડ રમતો રમવા ઊભાં છે. પાસે એક મોટી ભેખડ પડી ગઈ છે. પણ એને માથે, ઊગેલાં ઝાડ પોતાનાં અરધાં મૂળીઆં છૂટાં પડ્યા છતાં, જરા સરખા પણ ગમગીન કે ચિંતાતુર નથી. એવાં ઝાડો પાસેથી જીવનદીક્ષા લઈને જ આગળ જવાય.

ભેખડ તો તૂટે, પણ તૂટેલો ભાગ કંઈ સડેજે જમીનદોસ્ત થાય નહિ. એણે એક બે મિનારા અને એક મોટું શિખર બનાવી રાખ્યું છે, જે કહે છે કે વિનાશમાંથી પણ જો નવી સૃષ્ટિ ન બનાવીએ તો અમે કલ્પકવિ શાના? ભેખડ ઉપરથી પથરાપાણીનું નીચેનું દશ્ય દઢતાના ને તરલતાના વિચારો એકસામટા મનમાં પેદા કરતું હતું. પૂલ ઓળંગી આગળ આવ્યા અને યોગિનીની ટેકરી તળેનું અનેકવાર જોએલું બજાર દશ્ય જોયું. આ દશ્ય એટલું તો ગરીબડું છે કે એના પ્રત્યે ચીડ ચડતી નથી. અહીંના ગરીબ કારીગરો પથરામાંથી નાનીમોટી ચીજો બનાવી વેચવા બેસે છે. ધોળાં, કાળાં, લાલ, પીળાં, વાદળી અને શાબરચીતરાં સંગેમરમરનાં બાગની પંડખે શંખજીરાના ડબ્બા પ્રો, શિવાલયો, હાથીઓ અને એવાં જ નાનામોટાં રમકડાં



પાણીનો વેગ અને ફુવારાની ચંચળતા આશ્ચર્યકારક રીતે ચિત્તને સ્થિર કરે છે. પાણી તરફ જોયા જ કરીએ અને પછી અનુભવીએ કે હૃદયને હચમચાવી મૂકનાર એ ધોધની નવનવોન્મેષશાલિની ધારાઓ ત્રણેનો સમાધિ ધારણ કરીને જાગે છે

સ્વયંવર માંડીને ઊભાં હોય છે. જેની નજરમાં આવે તે એમને ઉચકીને લઈ જાય. આ બધાં રમકડાં આજે એક આસન ઉપર બેઠાં છે. કાલ કોણ જાણે ક્યું રમકડું ક્યાં જશે? કેટલાંક તો હિંદુસ્તાન બહાર પણ જશે અને ત્યાં વરસો સુધી ધૂંવાધારનું સંગીત યાદ કરી કરીને મૂકપણે તે સંભળાવશે.

બે વાર અહીંથી ધૂંવાધાર સુધી ચાલવાની તપશ્ચર્યા કરી હતી. પહેલી વારની મુસાફરી રાત્રીની[1] હતી. બીજી વારની સવારની નહાવા ટાણેની હતી. દરેકનું કાવ્ય જુદું. આજ ત્રીજો પ્રહર પસંદ કર્યો હતો. આ વખતે ઝાઝી તપસ્યા કરવી પડી નહિ. બ્યોહાર રાજેન્દ્રસિંહજીએ પોતાનું તેલવાહન[2] અમને સોંપ્યું હોવાથી અમે લગભગ ધૂંવાધાર સુધી વગર મહેનતે પહોંચ્યા. શંખજીરાના ખેતર પાસે ઊતરી. ત્યાંના વગડાની ત્રણ દુકાનો વટાવી, પથરા વચ્ચે કૂદીને ધૂંવાધાર પહોંચ્યા. પથરાઓ જેમ અગવડ ઊભી કરતા જાય તેમ ચાલવાનો સ્વાદ વધે. આમ કરતાંકરતાં ધૂંવાધાર પાસે પહોંચ્યા.

પ્રપાત એટલે જીવનનો અધઃપાત. પણ અહીં એવું લાગતું નથી. પહેલીવાર ગએલા તે ડિસેમ્બર મહિનામાં અને અંધારામાં. આકાશનાં વાદળાંઓ ચંદ્ર સામે કાવતરું કરીને બેઠાં હતાં એટલે ચાંદની રાત હોવા છતાં અમાસની ભીષણતા હતી. અમાસની રાત્રે આકાશના તારાઓ એ ભીષણતાને હસી કાઢે છે. પણ વાદળાં આગળ એની પણ આશા રહી નહિ. પરિણામે તે રાત્રે ધૂંવાધારે જ પોતાની ભવ્યતાથી અમને પ્રસન્ન કરવા પડેલા. રાતની પ્રાર્થના કરી અમે એ આનંદ પચાવ્યો અને પાછા આવ્યા.

બીજી વાર ગયા હતા તે ત્રિપુરી કૉંગ્રેસ પછી નવ દસ વાગે વધતા તડકાના સ્વાગત સાથે. ધૂંવાધારનાં સંપૂર્ણ દર્શન એ જ વખતે કરી શક્યા હતા. માર્ચ મહિનો હતો એટલે પાણીમાં ઉનાળાનો દુકાળ ન હતો. ભેખડના ખડબચડા પગથિયાં ઊતરી નીચેથી અમે ધૂંવાધાર પડતો જોયો. પાણીનો એ વેગ અને ફુવારાની એ ચંચલતા આશ્ચર્યકારક રીતે ચિત્તને સ્થિર કરે છે. પાણી તરફ જોયા જ કરીએ અને પછી અનુભવીએ કે નવનવોન્મેષશાલિની ધારાઓ દેવોના સમાધિ ધારણ કરી ઊભી છે! તે જ વખતે હું જોઈ શક્યો કે ત્યાંના લીલવાળા પથરાઓ ઉપરથી ગમે તેવા દેખાતા હોય, પણ અંદરથી તો પ્રેમનો રંગ ખિલવતા લાલ છે, પાણીને જોરે પથરાનો એક ટુકડો ઊડી ગયો અને જાણે ઘા પડ્યો હોય તેમ અંદરનો ગુલાબી લાલ રંગ સ્પષ્ટ દેખાવા લાગ્યો.

ધૂંવાધાર જોવાની સારામાં સારી મોસમ તે દીવાળીની. વરસાદ નહિ હોવાથી રસ્તામાં ક્યાંયે કાદવ ન મળે. ચોમાસામાં આવીએ છીએ ત્યારે આખો પ્રદેશ જળબંબોળ થવાથી પ્રપાતને સ્થાન જ હોતું નથી. જ્યાં અત્યારે હૃદયને હચમચાવી મૂકનારો ઘોષ છે ત્યાં ચોમાસામાં માથામાં ચક્કર આવે એવા વમળ દેખાતા હોવા જોઈએ. એ વમળનું રુદ્ર સ્વરૂપ જોવા માટે જો અહીં સુધી અવાતું હોય તો હું આવ્યા વગર રહું નહિ. વમળ એટલે ક્રાન્તિનું પ્રતીક. એનું આકર્ષણ અનેરું જ હોય.

દિવાળીના વખતે જલરાશી સૌથી પુષ્ટ, પ્રપાતની શોભા સૌથી સમૃદ્ધ અને મીઠા તડકાના સેવન પછી તુષારનાં વાદળાંની ચૂંદડીઓ સૌથી વધારે આહ્લાદક. જેવી અપેક્ષા કરી હતી તેવું જ આજનું દૃશ્ય હતું. તુષારના ગોટેગોટા દૂરથી જ દેખાતા હતા. રસોડાનો ધુમાડો જોઈ અતિથિને જેમ આનંદ થાય છે તેમ આ ધૂંવાના ગોટા જોઈને જ કેવી ઉજાણી મળવાની છે એનો ખ્યાલ હું કરી શક્યો.

ધારધૂંવા જેવો ધોધ જોવા જવાનું હોય છે ત્યારે એક પાટિયાનો કામચલાઉ પૂલ પણ કળાપૂર્ણ અને આતિથ્યશીલ લાગવા માંડે છે. અમે પરિચિત ઠાંકે જઈને બેઠા અને જતાંવેંત હેતાળ પવને તુષારનું એક ઝાપટું અમારી તરફ મોકલી કહ્યું 'સ્વાગતમ્', સ્વાગતમ્.' એક ક્ષણની અંદર અમારો અધ્વખેદ ઊતરી ગયો. અમે તાજા થયા અને તાજી આંખે ધૂંવાધાર જોવા લાગ્યા.

ધૂંવાધાર એટલે પથ્થરના વિસ્તારમાં તૈયાર થએલી અર્ધચંદ્રાકાર ખાળ. એમાંથી જ્યારે પાણીનો જથ્થો નીચે ઝુકે છે ત્યારે મધ્યમાં જે કાચ જેવો લીલો રંગ દેખાય છે તે ઝેર જેવી બીક ઉત્પન્ન કરે છે. એની ડાબી બાજુ એટલેકે આપણી જમણી બાજુનો ખડક હાથીના માથા જેવો આગળ આવ્યો છે. એના પરથી જ્યારે પાણી પડે છે ત્યારે અસંખ્ય હીરાના

૧ જુઓ 'નિશીથયાત્રા' કુમાર અંક ૧૬૮મો. ૨ મોટર

હાર પગથિયે પગથિયે કૂદતા કૂદતા શરત રમતા હોય એવો દેખાવ થાય છે. જેમ કૂદતા જાય છે તેમ હસતા જાય છે અને પાણી પીંજીપીંજીને એમાંથી ધોળો રંગ ખીલવતા જાય છે. વચલો મુખ્ય ધોધ ખાળમાં પડ્યો કે તરત એવા તો જોરથી ઉછળે છે કે આતશબાજીનાં બાણોને પણ એની ઈર્ષ્યા આવે. એક ફુવારો ઉપર ઊડી જરાક ઢીલો થાય છે એટલામાં બીજો ફુવારો નવા જોમથી એની પાછળ પાછળ આવી પહેલા ફુવારાને ધક્કો દઈ ફોડી નાખે છે અને પછી એના ચૂરેચૂરા, પૃથ્વીનું આકર્ષણ ભૂલી જઈ, ધુમાડાના રૂપમાં વ્યોમવિહાર શરૂ કરે છે. એ તુષાર સહેજ ઉપર આવ્યા કે પવનના ઝાપટાની પરંપરા એમને ઉડાડતી ઉડાડતી ચારેકોર ફેલાવે છે. આ ધુમાડાનાં મોજાં હવામાં જાડાં પાતળાં દોડતાં હોય ત્યારે ખૂબ જ મજાની વાદળની ભાત નજરે પડે છે.

અને નીચે! નીચેના પાણીની મસ્તીનું વર્ણન થઈ જ ન શકે. જાણે અદ્વૈતાનંદમાં લપસી પડ્યા. જેટલા પડ્યા તેટલા ઊડ્યા. લીલા રંગમાંથી ધોળું ફીણ પેદા કર્યું અને મરજીમાં આવે તેમ વિહાર કર્યો. એ અપૂર્વ લહાવો યાદ કરીકરીને નીચેનાં પાણી ફરીફરી ઉભરાતાં હતાં. ધોબીઘાટ પરના સાબુના પાણીની ઉપમા જો અરસિક ન હોત તો નીચેના પાણીના ઉભરાને હું એની સાથે જ સરખાવત. પણ ધોબીના સાબુનું પાણી ગંદું હોય છે. એમાં વેગ અને મસ્તી પણ નથી હોતાં, બેપરવાઈ અને તાંડવ નથી હોતાં; અને હાસ્ય ઠંડું પડતાં વેંત મોઢા ઉપર ફરી નિર્મળ ભાવ ધારણ કરવાની કળા પણ એની પાસે હોતી નથી. અહીંનાં પાણી જોઈને ધોબીઘાટનું સ્મરણ કેમ થયું! એમાં તો કોઈ જાતનું ઔચિત્ય નથી.

માણસને સમાધિની મસ્તી જોઈતી હોય તો એણે આ સ્થાને આવવું, એને કોઈ પણ કારણે નિરાશ થવું નહિ પડે.

આ બાજૂની (જમણી) મેખડનાં બે પગથિયાં આ વખતે ફરી ઊતર્યો. અહીં આ ફેરે ઈશોપનિષદ ગાવાનું સૂઝ્યું. માથે સૂરજ તપતો હતો અને હું મોઢેથી ગાતો હતો —पूषन्नेकर्षे यमसूर्य प्राजापत्य व्यूह। रश्मीन् समूह। જ્યારે અંત નજદીક આવ્યો અને હું બોલ્યો 'ॐ क्रतो स्मर कृतं स्मर' ત્યારે એકાએક ત્રણચાર વરસનું મારું આખું જીવન એક સામટું આ જીવનધારા આગળ ખડું થયું અને જાણે મારું પોતાનું જીવન આ મસ્ત જીવનની કસોટી ઉપર કસતો હોઉં અને જોઈતો કસ અંતરનો નથી એમ જોઈ મૂંઝાતો હોઉં તેમ તે ક્ષણ લાગ્યું. બીજી જ ક્ષણે એ ત્રણ વરસની સ્મૃતિના પણ તુષાર થઈ આકાશમાં ઊડી ગયા અને હું ધોધ સાથે એકરૂપ થઈ ગયો. ખરેખર આ ધોધ પૂર્ણ છે. અને હું પણ એ પૂર્ણનો જ એક અંશ છું. અમે બન્ને વિસદૃશ નથી, એક જ પરમ તત્ત્વની નાની મોટી વિભૂતિઓ છીએ, એવું ભાન જાગ્રત થતાં ચિત્ત શાન્ત થયું અને હું ઉપર આવ્યો.

ચિ. સરોજિની પણ એ આખું દૃશ્ય ઉત્કટ નયને ધરાઈને પીતી હતી. આ આવો આનંદ શી રીતે સમજવો, શી રીતે પચાવવો અને શી રીતે વ્યક્ત કરવો એની મીઠી મૂંઝવણ એની આંખમાં દેખાતી હતી.

અહીંથી તરત પાછા જઈ ચોસઠ યોગિનીનાં દર્શન કરવાં હતાં, નર્મદાના રક્ષક ધોળા, પીળા, નીલા પહાડો જોવા હતા, એટલે વહુ જેમ પિયર છોડીને સાસરે જાય ત્યારે બન્ને બાજુના સુખદુઃખના મિશ્ર ભાવો અનુભવતી જાય તેમ અમે ધુંવાંધારને હાર્દિક પ્રણામ કરી પાછા ફર્યા.

હિંદુસ્તાનમાં આવા અનેક પ્રપાતો અખંડ વહેતા રહે છે અને ભવ્યતાના તેમજ ઉન્મત્ત અવસ્થાના પાઠો ભણાવતા જાય છે. હજારો વરસો થયાં--અને લાખો નથી જ થયાં એની ખાતરી નથી—ધુંવાધાર એવોને એવો જ ગબડ્યા કરે છે. શ્રી રામચન્દ્ર અહીં આવ્યા હશે. વિશ્વામિત્ર ને વશિષ્ઠ અહીં નહાયા હશે. ચંદ્રગુપ્ત અને સમુદ્રગુપ્તના સૈનિકોએ અહીં આવી જલવિહાર કર્યો હશે. શ્રી શંકરાચાર્યે અહીં બેસી પોતાનાં સ્તોત્રો રચ્યાં હશે. કલચુરી અને વાકાટક વંશના વીરોએ આ જ પાણીમાં પોતાના જખમો ધોયા હશે. અને અલ્હણાદેવીએ અહીં જ બેસીને ચોસઠ યોગિનીનું સ્મારક બનાવવાનો સંકલ્પ કર્યો હશે. અને ભવિષ્યકાળમાં ધુંવાધારને કિનારે શું શું થવાનું હશે એ કોણ કહી શકશે? ધૂંવાધારને પોતાને જ એ કશાની ખબર નથી. એ તો પડ્યા જ કરે છે અને તુષારના રૂપમાં ઊડ્યા જ કરે છે.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

ભૂતકાળની શોધમાં... ઉત્તર ગુજરાતનાં પ્રાચીન

ઇતિહાસકેન્દ્રોનો પુરા-શોધક દૃષ્ટિએ પગપાળા કરેલો પ્રવાસ

દેલમાળનાં જૂનાં સ્થળો

દેલમાળમાં અઢીસો ઘરની વસતિ છે. તેમાં જેઠીગસ્સોનાં હાલ ૬૦ ઘર રહી ગયાં છે. ગામની પશ્ચિમે વડતળાવ કરીને એક પ્રાચીન તળાવ છે જે હવે પુરાઇ ગયું છે. એમાં લોકો ખેતી કરે છે ને કેટલાક કુવાઓ પણ છે. એની આસપાસ ઘણાં મંદિરોનાં ખંડીએરો છે. અગાઉના વખતમાં અહીં એટલાં બધાં મંદિરો હતાં કે એ ગામ 'દેવલમાળ' કહેવાતું, જેનું હાલનું રૂપ દેલમાળ છે. તળાવનું ક્ષેત્રફળ એક ચોરસ માઇલ જેટલું હશે, પણ તે જીર્ણ સ્થિતિમાં હોવાથી તેના આકાર વિષે હું કંઇ અટકળ બાંધી શક્યો નહિ. આ તળાવના કાંઠા ઉપર આવેલાં મંદિરોની વિગત આ પ્રમાણે છે.

(૧) સરસ્વતીની દહેરી—લોકો એને પાલ્લીમાતા કહે છે, પણ મૂર્તિ ખરેખર સરસ્વતીની હોઇ ૨ ફૂટ ઊંચી ને આરસની છે. સામે હવનને માટે અગ્નિકુંડ છે. દર વર્ષે ચૈત્ર સુદ સાતમને દિવસે અહીં મોટો મેળો ભરાય છે. આગલે દિવસે અહીંથી કંબોઇ જતાં જે ટોળાં મને મળ્યાં હતાં તે આ મેળાનાં જ હતાં. દહેરી નવી બંધાવેલી લાગે છે—જોકે મૂર્તિ પ્રાચીન છે.

(૨) ગણપતિનું મંદિર—બારમા કે તેરમા સૈકાનું લાગે છે. પાછલો ભાગ ભાંગેલી સ્થિતિમાં છે. અંદર બે નાની મૂર્તિઓ છે.

(૩) બ્રહ્માનું મંદિર—અંદર મૂર્તિ નથી. ગુજરાતના હિંદુ કાળના સ્થાપત્યનો આ બહુ જ સારો અખંડ નમૂનો છે. એવી અખંડ જૂની ઇમારતો ગુજરાતમાં હાલ ભાગ્યે જ મળે છે. વળી ૫૦–૬૦ વર્ષ પર વડનગરના એક શિલ્પીને બોલાવી ફરી સમરાવ્યું છે.

(૪) શિવનું મંદિર—તદ્દન ભાંગેલી સ્થિતિમાં છે. બાજુમાં જ એક બીજું શિવમંદિર ખંડીએર રૂપે છે.

(૫) હનુમાનનું મંદિર—તળાવની ઉત્તરે ગામમાં છે. તળાવનાં જૂના વખતનાં પગથિયાંઓનો થોડોક ભાગ હજી સચવાઇ રહ્યો છે. ગર્ભમંડપમાં હનુમાનની મૂર્તિ છે ને ગૂઢ મંડપમાં કોઇક બહુ જ મોટી મૂર્તિનું માથું રાખવામાં આવ્યું છે. મને કોઇક જૈન મૂર્તિનું મસ્તક લાગ્યું. લોકો એને રાવણનું માથું માને છે ને કહે છે કે હનુમાન લંકાથી એને દેલમાળ લેતા આવ્યા હતા.

આ તો તળાવની આસપાસનાં મંદિરોની વિગત થઈ. ત્યાંથી આગળ શિવના જીર્ણ મંદિર પાસે જતાં આશરે પોણા માઇલને છેટે કોઇક બહુ સુંદર મુસલમાની ઇમારત જણાઇ. એટલે ગામની અંદરનાં સ્થળો જોવા જતાં પહેલાં હનુમાનને મંદિરેથી સીધો હું ત્યાં ગયો.

દેલમાળ–વહોરાઓનું તીર્થ

દેલમાળ જેવા વેગળા આવેલા ગામમાં આવી ઇમારત જોઇ મને નવાઇ લાગી. નજીક જઇને જોઉં તો ત્યાં વહોરાઓનું એક નાનું ઉપનિવેશ વસેલું હતું. હૉટેલ, વીશી ઉપરાંત બધી વસ્તુઓની દુકાનો ત્યાં છે. નજીકમાં જ એક વીજળીનું એન્જીન ચાલતું હતું જે આ આખા વિસ્તારને વીજળી પૂરી પાડે છે. એક બાજુએ રમ્ય બગીચો આવેલો છે ને વચ્ચે આરસનું ભવ્ય ને ઊંચું મઝાર છે. ગામમાં મને એના વિષે કોઇએ વાત નહોતી કરી, તેથી મેં ત્યાં હૉટેલમાં બેઠેલા વહોરા ગૃહસ્થોને માહિતી પૂછી. મારી પાસેની વસ્તુઓ જોઈ તેમણે ધાર્યું કે હું કોઇ સર્વેયર છું, એટલે મને આ ઇમારત બંધાવનાર શેઠની ઑફિસમાં લઇ જવામાં આવ્યો. એનો વહીવટ શેઠના દીકરા અબ્દુલહુસેન અકબરઅલીના હાથમાં છે. રાધણપુરના તેઓ રહીશ છે. તેઓ મને મઝાર શરીફ બતાવવા લઈ ગયા. વહોરા કોમના એક ધાર્મિક શહીદ હસનપીર સાહેબનું એ મઝાર શરીફ છે. ત્રણ લાખના ગંજાવર ખર્ચે આ આરસની ઇમારત બાંધવામાં આવી છે. જયપુરના કારીગરોનું એ કામ છે. મેં એમને પૂછ્યું કે તમે આપણા ગુજરાતના કારીગરોને કેમ ઉત્તેજન આપતા નથી? ઉત્તર મળ્યો કે આજનું ગુજરાત ક્યાં ગુજરાતને ઓળખે છે? અમે વહોરાઓ ગુજરાતનું જ એક અંગ છીએ, છતાં હિંદુઓ અમને ઓળખતા નથી. ગુજરાતના ઇતિહાસમાં અમારા ઇતિહાસની ક્યાંયે ગણત્રી નથી. અમે તો દેશદેશાંતરમાં ગુજરાતી ભાષાને લઇ ગયા છીએ. આજે આ મુસ્લિમ ઐક્યના જમાનામાં અમને કહે-

વામાં આવે છે કે ઉર્દૂ એ મુસલમાનોની ભાષા છે માટે હવેથી કોમી શિક્ષણમાં અમારે ઉર્દૂને દાખલ કરવી અને ધીમે ધીમે ગુજરાતીનો ત્યાગ કરવો. પણ અમે તેમ કરવાની ના પાડી છે, કારણ ગુજરાતી અમારી માતૃભાષા હોવા ઉપરાંત ધાર્મિક ભાષા પણ છે. અમારું પોતાનું ગુજરાતી સાહિત્ય છે, પણ તેની કોઇ નોંધ લેતું નથી. ખરેખર મને એ વાતો સારની લાગી. આપણી ઉદાસીનતાને લીધે ગુજરાતની આવી કોમો ગુજરાતીના ક્ષેત્રમાંથી બહાર જવા લાગે તે પહેલાં ગુજરાતની અસ્મિતા ધરાવનારા આપણે વેળાસર ચેતવું જોઇએ.

શહીદ હસન પીર સાહેબ

આ મઝારશરીફના ઇતિહાસ વિષે મને કહેવામાં આવ્યું કે પંદરમી સદીમાં પાટણમાં પિરાનશાહ સુબાની હકૂમત ચાલતી હતી તે વેળા હસનભાઇ કરીને એક અમદાવાદના વહોરા ગૃહસ્થની પાટણમાં દુકાન હતી. વહોરાપંથના તેઓ સારા જાણકાર હતા અને વખતોવખત પાટણના મૌલવીઓ સાથે તેમને ધાર્મિક વાદવિવાદ થયા કરતો ને તેમાં મૌલવીઓની હાર થતી. આથી મૌલવીઓએ એમનું ખૂન કરાવવા કાવત્રું રચ્યું. તેઓ ઘરકામ પ્રસંગે પાટણથી અમદાવાદ જતાં રસ્તામાં દેલમાળ આગળથી પસાર થતા હતા, તેવામાં તેમનું આ જગ્યાએ ખૂન કરાવવામાં આવ્યું. તેઓ શહીદ થતાં હસનપીર સાહેબના નામથી પ્રખ્યાતિ પામ્યા. અહીં એક મઝાર ચણાવવામાં આવ્યું, પણ તે જીર્ણ થઇ જતાં રાધણપુરના અલી ભાઇએ આ નવું બંધાવ્યું છે.

ખરેખર આ ઇમારત આધુનિક દેશી કારીગરીનો એક સારો નમૂનો છે. દરરોજ સંખ્યાબંધ વહોરાઓ અહીં જાત્રાએ આવે છે અને તેમની સગવડ માટે અહીં મોટરો રાખવામાં આવી છે. એક બસ તેમના માટે હમેશ કંબોઇ સ્ટેશને આવે જાય છે ને બીજી વીરમગામ અને રાધણપુર થઇ આવતા ઉતારુઓ માટે મુંજપુર સુધી આવજા કરે છે.


મઝાર શરીફની નજીકમાં જ થોડીક પુરાતન હિંદુ ઇમારતો હતી. તે આ વહોરા સજ્જનોએ મને બતાવીઃ

(૧) જૂનો કૂવો—ચારસો કે પાંચસો વરસ પરનો છે.

(૨) જૂનું મંદિર—મોઢેરાના સૂર્યમંદિર જેવું એનું સ્થાપત્ય છે. ઘણીખરી કુંભીઓમાં કોતરેલાં ભોગાસનોનાં દૃશ્યો એમ માનવા કારણ આપતાં હતાં કે એ મંદિર અગિયારમા અગર બારમા સૈકાનું હોવું જોઇએ. છતનો ભાગ પડી ગયો છે, પણ બાકીનો ભાગ ઠીકઠીક સ્થિતિમાં છે. બે ત્રણ ઠેકાણે લખાણો કોતરેલાં છે.

(૩) શીતલા માતાનું મંદિર—પચાસેક વર્ષની જૂની ઇમારત છે. અંદર કાળા આરસના એક ગણપતિ પણ છે.

વાતચિત કરતાં જણાયું કે શેઠ અબ્દુલહુસેન પૈસાપાત્ર કુટુંબના હોઈ એક સારા ઍમેટર ફોટોગ્રાફર પણ છે. વળી પ્રાચીન સ્થળોની ફોટોગ્રાફીનો તેમને ભારે શોખ છે. ઈન્ફ્રા રેડ અને કલર ફોટોગ્રાફીના પ્રયોગો પણ અજમાવી ચૂક્યા છે. રાધણપુરની આસપાસના



વિસ્તારનાં પ્રાચીન સ્થળોની તેમને સારી માહિતી છે.

લીંબજા માતા

ગામમાં આવીને જમીને હવે લીંબજા માતાનું મંદિર ને એ બીજાં સ્થળો જોઈ વાઘેલ ઊપડી જવું હતું. લીંબજા માતા જેઠીમલ્લોની કુળદેવી છે. દેવળ સામે કોતરણીવાળી ચૉરી છે અને બહાર કીર્તિસ્તંભ તથા તોરણ છે. મુખ્ય મંદિરની આસપાસના ચોકના ચાર ખૂણાઓમાં ચાર દહેરીઓમાં બ્રહ્મા તથા પાર્શ્વનાથની મૂર્તિઓ છે. એક મૂર્તિના લેખમાં સંવત ૧૨૮૫નું વર્ષ લખ્યું છે. પશ્ચિમે જેઠીમલ્લોના એક વીર પુરુષ લાખાજી જેઠીની ઊંચાઈ અને વામની પહોળાઇ દર્શાવતો સ્તંભ છે. અકબર બાદશાહના વખતમાં દેલમાળમાં લાખાજી કરીને એક જેઠીમલ્લ થઈ ગયા. દિલ્હીથી પાટણ થઈ અમદાવાદ જતાં અકબરે અહીં પડાવ નાખેલો તે વેળા તેની સાથેના દિલ્હીથી આવેલા બધા પહેલવાનોને આ જેઠીમલ્લ લાખાજીએ હરાવેલા. નજીકમાં એક મોટે લીમડો હતો. બાદશાહે કહ્યું કે એને ઉખેડી બતાવે તો લાખાજી ખરો પહેલવાન ગણાય. લાખાજીએ કહ્યું કે આ કાર્ય હું કરી બતાવીશ, પણ મારો જીવ જશે. એમ કહી તે લીંબડાને વળગી પડ્યો ને તેને હચમચાવીને ઉખેડી નાખ્યો. પણ તેમ કરતાં લાખાજીની આંખો બહાર નીકળી આવી ને તે મરણ પામ્યો. આ લીંબડો ઉખેડવામાં તેનાં ઈષ્ટદેવીએ લાખાજીને મદદ કરી હતી. ત્યારથી એ માતા લીંબજા માતા કહેવાયાં.

લીંબજા માતાના મંદિરની પાસે જ જેઠીમલ્લોનો જૂનો અખાડો છે. હાલ ગરીબાઈના ભોગ થઇ પડેલા જેઠીમલ્લોની કાયામાં હવે શક્તિ રહી નથી. ખેતી અને મજૂરી કરીને એ લોકો માંડમાંડ ગુજરાન ચલાવે છે. આ લોકોનો એક મોટો સમુદાય કાઠિયાવાડ અને કચ્છ તરફ ચાલ્યો ગયો છે. અગાઉ રજવાડાંઓમાં તેમનું ઘણું માન હતું અને રાજાઓ એ મલ્લોને રાખી પોતાના રાજદરબારની શોભા વધારતા. ગાયકવાડ સરકારે એમને સારું ઉત્તેજન આપ્યું હતું. ખંડેરાવ ગાયકવાડના સમયમાં ભગીરથ મલ્લ બહુ પ્રખ્યાતિ પામ્યો હતો. તેનો પાળિયો અહીં છે. મહારાજા સયાજીરાવનો મલ્લ વિદ્યાગુરુ પણ દેલમાળનો જ એક જેઠીમલ્લ હતો.

દેલમાળની અગત્ય

ગુજરાતના ઇતિહાસમાં કળાધામ મોઢેરાના રાજ્યનું પૃષ્ઠ હજી સુધી કોરું છે. ક્યારે અને કેવી રીતે મોઢેરાનું રાજ્ય સ્થપાયું અને ક્યાં કારણોને લઈ ને ક્યારે નાશ પામ્યું એ બધી બાબતો હાલ અંધારામાં છે. દેલમાળનો સમાવેશ આ મોઢેરા રાજ્યમાં થતો હતો. તેના સ્થાપત્યમાં મોઢેરાના સ્થાપત્યની છાપ દેખાય છે. દેલમાળની લોકવાયકાઓને મોઢેરાના રાજવીઓ સાથે સંબંધ છે. દેલમાળની પ્રાચીન ઇમારતો પથ્થરની છે ને સ્થાપત્ય બારમા–તેરમા સૈકાનું છે. પાટણથી અમદાવાદના ધોરી માર્ગ પર દેલમાળ અગત્યનું સ્થળ હતું. એ માર્ગ ઉત્તરે સીધો દિલ્હી સુધી જતો હતો. હાલ એના અવશેષો ક્યાંય દેખાતા નથી. આ દૃષ્ટિએ દેલમાળ અગત્યનું સ્થળ હશે, પણ તે મોટું શહેર તો નહોતું એમ મને તેના જૂના અવશેષો જોતા જણાયું. હા, તીર્થ તરીકે તે ઉત્તર ગુજરાતમાં એક અગત્યનું સ્થળ ગણાતું હતું.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા


વીરસૂ ગુજરાતને

· પૃથ્વી ·

હતાશ-ગુજરાત!-ભવ્ય ગત કાલને સંસ્મરી
થતો હરઘડી, અને હૃદય ખૂંચતાં શલ્ય શાં
બધાં ય સ્મરણો; તને ન કહું તો કહું કો કને?
સદા સ્મરણ ભીમ પીથલહરીફ પેલો રમે,
રમે સુભટ કર્ણ, તેમ યશવ્યાપ્તિ જેસંગની;
પછી ગ્રહરિપુરિપુ શું વિસરું? તવારીખ તો
કહે છ તવ આત્મજોથી અવરુદ્ધ મ્લેચ્છો હુણો.
થતી ન દસ પંદરે ગણતરી કદી પૂર્ણ તો
ગણું સપુત કેટલા હું અનભિજ્ઞ, ઓ વીરસૂ!

તને મલકતી કરી અમરધામ તારા પળ્યા
અગણ્ય ફરજંદ ફર્જ બજવી અનામી કંઇ,
ગમે છ સહુએ ખુંદેલ અવ અંક સૂનો શું મા?
કદી નહિ ગમે પરંતુ સમજી વ્યથા કોણ એ
સહશુ તવ લૂછશે નયનતેજ લૂંટી જતાં?

અશોક હર્ષ



देवोनुं काव्य

આ સાથે જે માનચિત્ર–નકશો આપેલો છે તેમાં આકાશનું બ્રહ્મહૃદય, રોહિણી, બાણરાજ (મૃગ નક્ષત્ર-નો એક પગ), વ્યાધ, પ્રશ્વન્ અને પુનર્વસુ એ છ તારા-ઓનો જે દિવ્ય ષટ્કોણ બને છે તે દર્શાવ્યો છે. એ ચિત્ર કેમ જોવું તે સમજીએ.

પૃથ્વીના કોઈ પણ દેશના નકશામાં ઉપર ઉત્તર અને નીચે દક્ષિણ, વાચકના જમણા હાથ તરફ પૂર્વ અને ડાબી બાજુ પશ્ચિમ દિશા હોય છે. આકાશનો નકશો તેથી ઉલટો હોય છે, એ વાત આ નકશાને આપણે માથે છતની માફક પકડી રાખીને જોવાથી સમજાશે. જે દિશાની તરફ મોં કરીને આપણે આ-કાશ જોતા હોઈએ તે દિશાને નકશામાં નીચેની બાજુ રાખીને પછી આરામ ખુરશી પર સૂઈને માથે નકશો પકડી આપણે આકાશ જોવું જોઈએ.

નકશામાંની આ આકૃતિ આકાશમાં કયે સમયે દેખાશે તે પણ સમજી લેવું જોઈએ. જાન્યુઆરીની શરૂઆતમાં રાતના ૧૧-૧૫ અને ૧૧-૩૦ની વચ્ચે આકાશમાં તારાઓની જે સ્થિતિ હતી તે આ નકશા-માં આપેલી છે. પણ તેનો ઉપયોગ તો વાચકોના હાથમાં આ અંક ૧૬મી ફેબ્રુઆરીએ આવ્યા બાદ થશે એટલે તે માટે આપણે થોડી ગણત્રી કરી લેવી પડશે. એ ગણત્રી આ મુજબ છે. દરેક તારો આકાશમાં રોજ ચાર મિનિટ વહેલો ઊગે છે. એટલે કે આકાશમાં જે તારો જે સ્થળે આજે દેખાય છે તે જ સ્થળે તે કાલે ચાર મિનિટ વહેલો દેખાશે. આ હિસાબે જ્યારે વાચકોના હાથમાં આ અંક આવશે તે દિવસે ૧૬મી ફેબ્રુઆરીની અને તે પછીની રાત્રે લગભગ ૮।–૮ વાગ્યે આ નકશા-માંની સ્થિતિ વાચકો જોશે.

આ થઈ સમયની વાત. હવે સૌ પહેલી દક્ષિણ તરફ નજર કરીને વાચક ત્યાં પ્રકાશી રહેલા અત્યંત તેજોજ્જ્વલ અગસ્તિને પ્રણામ કરે. અગસ્તિ ઋષિએ જ્યારે વિંધ્ય અને સાતપુડાના પહાડો ઓળંગવાનો પ્રથમ પ્રયાસ કર્યો ત્યારે આ જ તારો એમની સામે રક્ષા કરતો હતો; જે પરથી તેને 'અગ-સ્તિ'નું નામ આપવામાં આવ્યું છે.

આ અગસ્તિ મુનિ આસ્તે આસ્તે નૈઋત્ય તરફ ગતિ કરતા રહે છે અને એમની ઝૂંપડી (કે પછી આશ્રમ કહો) એમની પાછળ પાછળ દોરાય છે. ઉત્તરોત્તર ચડતા પ્રકાશનો એ એક પંચકોણ છે. ઝૂંપડીની અંદર બે દિવાલો-ની વચ્ચે છત પરથી લટકતો તારો દીવાનું કામ કરે છે. અગસ્તિ અને એમની ઝૂંપડી સૌ પહેલાં જોવા એટલા માટે કહ્યું છે કે થોડી વાર પછી ઝૂંપડી એના એ ઠેકાણા પર નહિ હોય.

દક્ષિણની આ ઝૂંપડી જોઈ લઈને આપણે પશ્ચિમ તરફ વળીએ. જો યોગ્ય સમયે પશ્ચિમ તરફ જોઈશું તો ત્યાં ભાદ્રપદાનો મોટો ચતુષ્કોણ પૂરેપૂરો જોવામાં આવશે. એનાથી ઉપર અશ્વિનીના બે કે ત્રણ તારાઓ અને કૃત્તિકાનો છ તારાનો એક નાનો અને નયન-મનોહર ગુચ્છ દેખાઈ આવશે.

અશ્વિની અને કૃત્તિકાની વચ્ચે, પરંતુ કંઈક ઉત્તર તરફ ઝૂકતો એક બીજો નાનો અને બિલકુલ ઝાંખો ત્રિકોણ દેખાશે. એ છે ભરણી નક્ષત્ર, જે પર પિતરોનું શ્રાદ્ધ થાય છે.

કૃત્તિકા અુપર રોહિણીનો કંઈક તિરછો V પડી રહ્યો છે. એ Vના પ્રારંભમાં જે તારો છે તે એના પાંચ તારાઓમાં સૌથી મોટો છે. એ આખા Vને રોહિણી કહે છે. અને એના અુજ્જ્વળ તારાને રોહિણીનો યોગતારો કહે છે. રોહિણીનો V આકાર જોઈ પ્રાચીન લોકોએ એને વલ્મીક (રાફડો)ની અુપમા આપી છે. કેટલાક લોકોએ એમાં ગાડીની બેઠકની કલ્પના કરી છે. 'રોહિણી શકટાકારા.'

અહીંથી આપણે શરૂઆતમાં જેની વાત કરી તે દિવ્ય પરકોળનો પ્રારંભ થાય છે. જમણી તરફ બ્રહ્મહૃદય અને ડાબી બાજુ મૃગનો પાછલો પગ બાણરાજ; બાણરાજની અુપર આકાશનો સૌથી મોટો તારો વ્યાધ; એ બધા આસાનીથી જોઈ શકાય છે. વ્યાધ અને રોહિણીના યોગતારાની વચ્ચે મૃગના પેટમાં ઘુસેલું અિષુત્રિકાંડ બાણ જોઈ શકાય છે.

વ્યાધની જમણી બાજુ અથવા અુત્તર તરફ પ્રશ્વન્ મળશે. પ્રશ્વન્ આકાશની પુનર્વસુની નાવડીનો શિરોભાગ (મોરો) છે. પ્રશ્વન્‌થી માંડી છ તારાઓની જે ગોળ રેખા થાય છે તે એ નાવડીનું પડખું છે. અહીં આગળ પુનર્વસુના બે તારા છે ને નીચે બ્રહ્મમંડળની અુપરનો યોગતારો (બ્રહ્મહૃદયનો તારો) આ પરકોળને પૂરો કરી દે છે.

આપણે ગમે ત્યાં અુભા હોઈએ, ત્યાં આકાશનું જે બિન્દુ બરાબર આપણા માથા પર આવી રહે તેને આપણી પરિભાષામાં ખ-સ્વસ્તિક કહે છે. ખ-સ્વસ્તિક કોઈ તારો નથી, કેવળ એક કાલ્પનિક બિન્દુ છે. અને તે આપણા માથા પર જ રહેવા બંધાએલું છે.

હવે આપણે અુત્તર તરફ મોં ફેરવી નકશામાં જ્યાં અુત્તર લખ્યું છે એ છેડાને નીચે રાખીએ, તો આપણી સામે, કંઈક ડાબી તરફ આકાશમાં કેટલાક તારાની એક M જેવી આકૃતિ બનેલી દેખાશે. એનો આકાર જોતાં જ આપણે એની એક ઝૂલતી આરામ ખુરશી બનાવી શકીએ. એના પર બેસીને એને પોતાનું યાન બનાવીને દેવો આરામ કરી શકે છે. આ દેવયાનીને અંગ્રેજીમાં કૅસ્યોપિયા કહે છે.

[વાચકોને જ્યોતિષના બીજા દેશી ગ્રંથોમાં કૅસ્યોપિયાનું નામ 'દેવયાની' નહિ મળે, શર્મિષ્ઠા મળશે. આ નામ પુરાણું નથી. મહારાષ્ટ્રના જ્યોતિષી શ્રી બાળશાસ્ત્રી જાંભેકરે કેટલાં યે અંગ્રેજી નામોનાં પ્રતિયોગી દેશી નામ યોજી દીધાં છે. પરસ્યુસ, ઍન્ડ્રોમિડા, અને કૅસ્યોપિયાની કથા સાંભળીને એમણે યયાતિ, દેવયાની અને શર્મિષ્ઠાનાં નામ યોજ્યાં. આપણી પૌરાણિક વાર્તામાં શર્મિષ્ઠાનું મહત્ત્વ બહુ નથી. કવિઓનું ધ્યાન દેવયાની તરફ વધુ ગયું છે. આકાશમાં કૅસ્યોપિયાનું નક્ષત્ર મંડળ એટલું સ્પષ્ટ અને સુંદર છે કે એને દેવયાની કહેવું જોઈએ. અને એ દેવ-યાન તો છે જ.]

દેવયાની અને સપ્તર્ષિ આકાશમાં હમેશાં અુત્તર ધ્રુવની સામસામે રહે છે. દેવયાની જ્યારે અુપર ચડે છે ત્યારે સપ્તર્ષિ ક્ષિતિજની નીચે ડૂબી જાય છે. વાચકો જોશે કે આ દિવસોમાં દેવયાનીની આરામ ખુરશી ધીમેધીમે પાછળ હઠે છે અને સપ્તર્ષિ એ જ ક્રમથી પોતાનું શિર અુંચું કરતા આવે છે.

આ વખતે આટલી વાતો પૂરતી છે. કોઈ આગલે મહિને બ્રહ્મમંડળની હંડી, પુનર્વસુની કિશ્તી, મૃગનું ચર્મ, વ્યાધવાળો કૂતરો અિત્યાદિ નક્ષત્રોનાં વિસ્તૃત ચિત્રો આપવામાં આવશે. આ નીચે એ બધા તારો ને નક્ષત્રોનાં અંગ્રેજી નામ પણ આપ્યાં છે. જ્યોતિષનાં અંગ્રેજી પુસ્તકો અને નકશા જેમની પાસે હોય તેઓ એ નામોનો લાભ અુઠાવી શકશે. આપેલા બે નકશાની મદદથી વાચકો આકાશદર્શન કરતા જાય.

અગસ્તિ-Canopus	સપ્તર્ષિ-Great Bear
ભાદ્રપદા-Pegasus	ધ્રુવમત્સ્ય-Little Bear
અશ્વિની-Hamul	દ્વાપર ધ્રુવ-Tuban
ભરણી-Musca	વશિષ્ઠ-Mizar
કૃત્તિકા-Pleiades	અરુંધતી-Alcor યા Saida
રોહિણી યોગ તારા -Aldeberon	શર્મિષ્ઠા-Andromeda
મૃગ-Orion	દેવયાની-Cassiopeia
બાણરાજ-Rigel	મઘા Leo ની છાતી
આર્દ્રા-Betelgeuse	મઘા(યોગતારા)-Regulus
વ્યાધ-Sirius	ફાલ્ગુનીયોગતારા -Denebola
પ્રશ્વન્-Procyon	એકાકી-Alfard
પુનર્વસુ-Castor and Pollaux	વરેણ્યકેશા-Coma Berenices
બ્રહ્મહૃદય-Capella	કૅરેના-False Cross
ખ-સ્વસ્તિક-Zenith	યમુના-Achernar
ધ્રુવ-Pole Star	યામ્યમત્સ્ય-Fomalhaut

दत्तात्रेय बालकृष्ण कालेलकर

નવી નજરે

સમાજહિતની કોઇ અદૃષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મજાક-મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ;—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારણાને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

જર્મનીના એક વખતના પ્રધાન પ્રિન્સ બિસ્માર્કના અમુક કાર્યની પ્રોફેસર રૂડૉલ્ફ વિરચોવે ઝાટકણી કાઢી. એટલે બિસ્માર્કે પ્રોફેસરને દ્વંદ્વ યુદ્ધનું આહ્વાન આપ્યું. આવી રીતે કજીઓ પતાવવા માટે લડાતાં દ્વંદ્વ યુદ્ધનો એક નિયમ હોય છે કે કયા શસ્ત્રથી લડવું એની પસંદગી જેને આહ્વાન અપાયું હોય તે કરે. એટલે પ્રોફેસરે પ્રધાનને કહ્યું, 'શસ્ત્રની પસંદગીનો હક્ક મારો છે, અને રસાયણશાસ્ત્રના પ્રોફેસર પાસેથી તમે બીજાં શસ્ત્રની આશા ન રાખી શકો. અહીં ટેબલ ઉપર એક જ રસાયણની બે શીશીઓ ભરી છે. પણ એક તદ્દન નિર્દોષ છે ત્યારે બીજીમાં એક ભયંકર રોગના જંતુઓ પ્રયોગ માટે નાખેલા છે; એ બેમાંથી ગમે તે એક આપ પી જાઓ, એટલે બીજી જે હશે તે હું પી જઇશ.' એક કલાકના પુખ્ત વિચાર પછી બિસ્માર્કે છેવટે દ્વંદ્વની વાતને હસી કાઢી.

જેમ દરેક શોધની શરૂઆત નાના પાયા ઉપર થાય છે, તેમ હવાઈ લડાઇની શરૂઆત પણ બહુ નાના પાયા પર થએલી નોંધાઈ છે. ઇ. ૧૮૦૮ની સાલમાં બે ફ્રેંચમેનને પ્રેમની બાબતમાં કજીઓ થયો, અને એનો નિકાલ બલુનોમાં અધર ચડી હવાઇ દ્વંદ્વથી લાવવાનો તેઓએ નિર્ણય કર્યો. બંને પોતપોતાનાં બલુનોમાં શસ્ત્રો સાથે ચડ્યા. અંતે એકે બીજાનું બલુન વહેલું ચીરી નાખ્યું. એટલે એ બલુન નીચે પડયું અને સાથોસાથ એમાં બેસનાર પણ ખપી ગયો. પછી વિજેતા આરામથી નીચે ઊતર્યો. અને આમ, હવામાં લડાએલી પહેલવહેલી નાની લડાઇનો અંત આવ્યો.

જેના ઉપર જીવતાં વેર વાળી ન શકાયું હોય એના ઉપર કયારેક મરતાં મરતાં પણ પ્રહાર કરતા જવાય છે, એ વાતની, એક બાઇનું વિચિત્ર વિલ સાક્ષી આપે છે. એનું નામ કેટી હતું, અને ગામની મ્યુનિસિપાલિટીના પ્રમુખ સાથે એને થોડી તકરાર થએલી, કેમકે શંકાસ્પદ વર્તનવાળી એ બાઇનું મકાન અમુક લતામાંથી હઠાવવાની ચર્ચા એ પ્રમુખે ઉપાડેલી; જો કે એમાં એને સફળતા તો મળેલી નહિ જ. એ પછી ઘણાં વર્ષે એ બાઇએ પોતાનું વિલ કર્યું તેમાં જણાવ્યું કે 'મારી મિલકતની પહેલી વારસદાર અમારા આખા કુટુંબમાં મારૂં નામ ધરાવતી એકની એક મારી મિત્ર કેટી નામની કુતરીને નીમું છું. અને એના પોષણ તથા દફન માટે ખર્ચ થયા પછી વધતી રકમ માટે બીજા વારસદાર મારા કીમતી મિત્ર ડૅન રીચમનને નીમું છું.' ડૅન રીચમન, મ્યુનિસિપાલિટીના એક વખતના પ્રમુખને આ એક સખ્ત ફટકો હતો. કેમકે કુતરી પછી બીજા નંબરના વારસદાર થવાના અપમાન કરતાં પણ કેટી જેવી સ્ત્રીના મિત્ર તરીકેનું ઓળખાણ તેને વધારે આકરૂં પડે એમ હતું. પણ મરનારે જેને પોતાનો મિત્ર ગણાવ્યો હોય એને લોકો અમિત્ર માની શકતા નથી એટલે જો પોતાને ભાગે આવતી રકમ તે ન સ્વીકારે તો ખોટ એને જ હતી. અને આ ચાલાકી સમજથી જ કેટીએ વાપરી હતી!

રસ્તે ચાલ્યા જતા એક પ્રોફેસરને એક બુટ પૉલિશ કરતા છોકરાએ પૂછ્યું, 'સાહેબ, આપના જોડા સાફ કરી આપું?'

છોકરાનો ચહેરો બહુ ગંદો હતો, એટલે પ્રોફેસરે તેને કહ્યું, 'મારા બુટને પૉલિશની જરૂર નથી. પણ નળ ઉપર જઈ તારૂં મોં ધોઇ આવ એટલે તને પૉલિશ કરવાના પૈસા આપી દઇશ.'

થોડીવારમાં છોકરો મોં ધોઇ આવ્યો એટલે પ્રોફેસરે ઉદારતાથી તેને આપવાના પૈસા લંબાવ્યા.

છોકરાએ વેર વાળ્યું, 'સાહેબ, હવે એ પૈસા તમને વાળ કપાવવા માટે હું આપું છું, માટે આપ જ રાખો.'

પુરાતત્ત્વને આપણે સામાન્ય મૂર્તિઓ, શિલાલેખો કે તામ્રપત્રો અથવા તો સિક્કાઓ ખોદી તેને પરખા

વાંચી તેના ઉપરથી ઇતિહાસ સમજવાના અર્થમાં જ ઘટાવીએ છીએ. પણ દફન પામેલી આખી સંસ્કૃતિને સજીવન કરવાની આ વિદ્યા કેટલો બધો ભોગ માગી લે છે તેનું એક જ ઉદાહરણ બસ થશે. મીસરની એક પીરામીડમાં જમીન ઉપર લાકડાનો થોડો ભૂકો અને થોડાં સોનાનાં પતરાં અવ્યવસ્થિત પડેલાં હાથ લાગ્યાં. ખોદકામ કરનારાઓએ ઈંચે ઈંચનું માપ કરી કરીને એકેક ટુકડો તેમાંથી ઉઠાવ્યો. ૨૮૦ દિવસે એ બધા બારીક ટુકડાઓ પૂરા ઉઠાવી રહ્યા. અને એ દરમ્યાન દરેક ટુકડાનો નંબર તથા તે જ્યાં પડ્યો હોય તે સ્થાનની જુદી નોંધ એ બધાં પાછળ નોટનાં સેંકડો પાનાં રોકાયાં તથા હજારો ફોટોગ્રાફ લેવાયા. અને એ પછી એ દરેક ટુકડો મૂળ કયા સ્થિતિમાં હશે અને એ પદાર્થ સડતાં સડતાં ત્યાં કેવી રીતે પડ્યો હશે એની આખી શ્રેણી ગોઠવવામાં આવી. પરિણામે છેવટનું ડ્રૉઈંગ એક પાલખીનું તૈયાર થયું. આમ અનેક નાની નાની વસ્તુઓને પુનર્જીવન આપીને જ અસ્ત પામેલી સંસ્કૃતિઓનું ચિત્ર દોરાય છે.

વાંદરા પણ ક્યારેક આશ્ચર્યકારક સમજશક્તિ બતાવતા માલમ પડ્યા છે. નળની ચાવી ખોલી પાણીનો પ્યાલો ભરવો, અને પ્યાલો ભરાય કે તરત ચાવી બંધ કરી દેવી, અથવા તો તાળું ખોલવું કે બંધ કરવું, આવી જાતનું કામ તો તેને શીખવ્યું શીખવી શકાય તેમ છે. પણ એક મિસ કનિંગહામ પોતાના પાળેલા વાનર જૉનનો એક પ્રસંગ કહે છે તે વાંચતાં તો જૉન તરફ આદર થાય છે. એકવાર એણે જૉનને પોતાના ખોળામાં બેસવા ના પાડી કેમકે બહાર જવા માટે સરસ કપડાં પોતે પહેરેલાં તે ખરાબ થવાનો તેને ભય હતો. પણ જૉને તુરત જઈને એક છાપું આણ્યું અને એના ખોળામાં પાથર્યું.

આટલી એની બુદ્ધિની વાત. બીજી તરફ લાગણીની બાબતમાં પણ એનામાં થોડું ઉમદા તત્ત્વ રહેલું છે. આ જ જૉનને છોડીને એ બાઈને લાંબી મુસાફરીએ જવું પડેલું, ત્યારે એના વિરહદુઃખે છેવટે તે મરણ પામ્યો.


ડીટેક્ટિવ સાહિત્યમાં આપણે એવા ઘણા કિસ્સાઓ જોઈએ છીએ જેમાં ગુનેગાર પોતે જ ગુનો શોધનારાઓની સાથે ભળી જાય, અથવા તો કોઈ બદમાશ પોતાના છુપાવાના સ્થળ તરીકે પોલીસ ચોકીનો જ ઉપયોગ કરે. વિચારની સૃષ્ટિમાં પણ આવા અખતરા વખતોવખત અજમાવાતા હોય છે, એનું એક ઉદાહરણ આપણને ગૅલિલીઓ પૂરું પાડે છે. પૃથ્વી અને બીજા ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે, એ પ્રથમ કોપરનીકસ નામના વિદ્વાને પ્રતિપાદન કરેલા સિદ્ધાંતનું સમર્થન કરવા માટે ગૅલિલીઓ પાસે અનેક દલીલો હતી. પણ એવી માન્યતા, એ વખતના ખ્રિસ્તી ધર્મનાં સૂત્રોથી વિરુદ્ધ જતી હતી; અને ધર્મગુરુઓનું એ યુગમાં એવું વર્ચસ્વ હતું કે એઓની વિરુદ્ધ શિક્ષણ આપનારને જીવતા બાળી મૂકવામાં તે જરા યે દયા ખાતા નહિ. છતાં એ મોતના ભયની સામે થઈને પણ ગૅલિલીઓ પોતાની વાત રજૂ કરવા લાગતો હતો; એટલે એણે એક પુસ્તક સંવાદરૂપે લખ્યું, જેમાં બે પાત્રોમાંથી એક પૃથ્વીને ફરતું આખું નભોમંડળ ફરે છે એવા ટૉલેમીના સિદ્ધાંતનો પક્ષકાર હતો, અને બીજો, સૂર્યને ફરતા ગ્રહો ફરે છે એવા કોપરનીકસના સિદ્ધાંતનો પક્ષકાર હતો. એ સંવાદમાં પોતાને રજૂ કરવાના બધા મુદ્દા એણે વફાદારીથી રજૂ કરી દીધા; પણ અંતે કયો પક્ષ જય પામે છે તે વાચકની બુદ્ધિને નિર્ણય કરવા માટે બાકી રાખ્યું. બીજી બાજુએ પુસ્તકની પ્રસ્તાવનામાં એક વફાદાર ખ્રિસ્તી તરીકે કોપરનીકસના સિદ્ધાંતની (જે સિદ્ધાંતનું પોતાને સમર્થન કરવું છે, અને જેના બધા જ મુદ્દા પોતે પુસ્તકમાં સમાવ્યા છે તેની) સખ્ત ઝાટકણી કાઢી અને એ સિદ્ધાંત સાચા ધર્મથી તદ્દન વિરુદ્ધ હોવાથી હાંસીને પાત્ર છે એવું એનું ઘણું લખ્યું. એ પ્રસ્તાવનાને જોરે પોપના સેન્સરે એ પુસ્તક મંજૂર કર્યું અને તે પ્રસિદ્ધ થયું. પાછળથી લાંબે વખતે પોપને સમજાયું કે પોતાને એ માણસ મૂર્ખ બનાવી ગયો છે, ત્યારે એણે એના ઉપર પૂરું વેર વાળ્યું. પણ તે દરમ્યાન ગૅલિલીઓના વિચારો આખા યુરોપમાં પ્રસિદ્ધિ પામી ગયા હતા.

બર્નાર્ડ શૉને એક વખત એક ટૂંકી આમંત્રણ પત્રિકા મળી. એમાં જણાવ્યું હતું કે, લેડી ફલાણાં ચાર અને છ વાગ્યાની વચ્ચે ઘેર હશે.'

શૉએ પણ એવો જ ટૂંકો જવાબ વાળ્યો, 'મિ. શૉ સદર મુજબ!'

(ચાલુ)

હરિકૃષ્ણ વ્યાસ



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · આઠમું

ઐતિહાસિક ઇતિહાસ

હિંસા વિ૰ અહિંસા માટેની લાંબી લાંબી ચર્ચાઓ અને પ્રશ્નોત્તરીઓનો છેવાડો આવી જાય છે ત્યારે જે છેલ્લા પ્રશ્ન પર વાત આવીને ઊભી રહે છે તે એ કે 'ઇતિહાસમાં તો કદી કોઈ રાષ્ટ્રે અથવા સમાજે અહિંસાથી આત્મરક્ષા કરી હોય એવાં ઉદાહરણ નથી. જે વસ્તુને ઇતિહાસનો ટેકો નથી એના ઉપર ભરોસો કેમ રખાય? હિંસાને વાયરે હજારો વહાણ નાંગરાયાની ઇતિહાસમાં સાબિતી છે; પણ અહિંસાને વાયરે એ નાંગરાવાની પ્રતીતિ નથી આવતી.'

મારા દિલમાં સામો સવાલ ઊઠે છે કે જે ઇતિહાસનાં આજે ગીત ગવાય છે એ એક કાળે ભવિષ્યની વાત હતી કે નહિ? કોઇ ઇતિહાસ જમીન ફોડીને નીકળી આવેલો અથવા આકાશમાંથી ટપકી આવેલો નથી હોતો. માણસોના પુરુષાર્થે ઇતિહાસને આસ્તે આસ્તે ઘડેલો હોય છે. અને જે ઘડવાની–બનાવવાની વસ્તુ છે એ મનધારી બનાવી શકાશે કે નહિ એવાં રોદણાં રોતા રહેવું એ તો નરી કાયરતા ગણાય. પદ્ધતિસર વિચારીવિચારીને અજમાવવાથી આકાશમાં ઊડી શકાય છે, સમુદ્રના પેટાળમાં જહાજો દોડાવી શકાય છે તો પછી લૂટારૂ અને જાલિમોની ગરદન દબાવ્યા વિના પોતાનાં માલમિલકત અને મરતબો ન જાળવી શકાય એવા હારણ શા સારૂ બનવું જોઇએ. જો જૂના ઇતિહાસમાં એવા દાખલા સાંપડતા નથી તો નવા પેદા થઈ શકે.

સત્યાગ્રહના સિદ્ધાંતે પોતાનો નવો ઇતિહાસ પેદા કર્યો પણ છે. અમુક સો કે અમુક હજાર વરસ જૂની બીનાને જ ઇતિહાસ મનાય એવો મને ગ્રહ જો ન હોય તો પચ્ચીસ વરસથી વધુ ઉમરનો દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ નજીવો નથી. માત્ર એ આંખમાં સમાવો જોઇએ. ફ્રાન્સની ક્રાન્તિ જો ઇતિહાસનું મોંઘામૂલનું પ્રકરણ હોય, એનું ઊંડું અધ્યયન કરીને નવી નવી ક્રાન્તિ ઘડી શકાતી હોય તો દક્ષિણ આફ્રિકાના ત્રણ પાઉંડના કરની લડત પણ ઇતિહાસનું મહામૂલું પ્રકરણ લેખવી શકાય. નવેનવે જમાને એનું અધ્યયન નવીનવી રીતે કરીને પદદલિત જનતા મુક્તિને રસ્તે પ્રયાણ કરી શકે એટલો મસાલો એમાં ભર્યો પડ્યો છે. એ ઇતિહાસ સદા ઐતિહાસિક રહેવાનો.

એ લડતમાં સફળતા મળ્યા પછી એ ઇતિહાસના પ્રણેતાને હાથે જ એ ઇતિહાસ લખાયો છે. ઇતિહાસના પ્રણેતાઓને હાથે રચાએલો ઇતિહાસ જવલ્લે જ વાંચવા મળે છે. આપણે સદ્‌ભાગ્યે બાપુજીને હાથે જ લખાએલો ઇતિહાસ આપણી પાસે છે. સત્યાગ્રહ વિજયનો સોનેરી અંક 'ઇંડિયન ઓપિનયને' પ્રસિદ્ધ કર્યો એમાંનું બાપુજીનું લખાણ એમના જ શબ્દોમાં અહીં ઉતારૂં તો એ પુનરાવૃત્તિ પણ વાચકને ગમશે જ.

'ફીનિક્સની ટુકડી જેલ ગઈ એટલે જોહાનિસબર્ગથી ન રહી શકાયું. ત્યાંની બૈરીઓ અધીરી થઈ. તેઓને જેલ જવાનો ઘણો જ ઉત્સાહ થયો. મિ. થંબી નાયડુનું કુટુંબ આખું તૈયાર થયું. એમની ઓરત, સાળી, સાસુ, મિ. મુરગનનાં સગાંઓ, મીસિસ પી. કે. નાયડુ, અમર નામ કરી ગએલી બેન વાલીઆમા અને બીજી સ્ત્રીઓ તૈયાર થઈ. તેઓ કાખમાં બાળકો લઈ ચાલી નીકળી. મિ. કેલનબેક તેઓને લઈ ફ્રીનિખન ગયા. ત્યાં જવામાં એવી ઉમેદ હતી કે તેઓ 'ફ્રી સ્ટેટ'ની સરહદ પર જઈ પાછા વળતાં પકડાશે. તેઓની ઉમેદ બર ન આવી. તેઓએ કેટલાક દિવસ દુઃખેસુખે ફ્રીનિખનમાં ગાળ્યા. ત્યાં ટોપલીઓ લઈ ફેરી કરી પકડાવાનો પ્રયત્ન કર્યો, પણ કોઇએ તેઓને પકડી નહિ. આ નિરાશામાં અમર આશા છુપાઈ રહેલી હતી. ઓરતોને સરકારે ફ્રીનિખનમાં જ પકડી હત તો વખતે હડતાલ ન પડત. એટલું તો ચોક્કસ છે કે જે પાયા ઉપર હડતાલ જામી તે પાયા ઉપર તો ન જ જામત. પણ કામ ઉપર ઈશ્વરનો હાથ હતો. એ સદા સત્યનો

બેઠા છે. ઓરતો ન પકડાઈ તેથી એમ ઠર્યું કે તેઓએ નાતાલની હદ ઓળંગવી. જો તેઓને ન પકડે તો તેઓએ મિ. થંબી નાયડુની સાથે ન્યૂકૅસલ મથક કરવું. તેઓ નાતાલ તરફ રવાના થઈ. સરહદ પર પોલીસે ન પકડી. ન્યૂકૅસલ ઘર કર્યું. મિ. ડી. લાઝરસે પોતાનું ઘર ઓરતોને સોંપ્યું ને તેમની ઓરતે તથા સાળી મિસ થૉમસે આ સત્યાગ્રહી ઓરતોની સારવાર કરવાનું માથે લીધું. ઠરાવ એવો હતો કે ઓરતોએ ન્યૂકૅસલમાં ગિરમિટિયાની ઓરતોને તથા ગિરમિટિયાઓને મળવું. તેઓને તેમની દશાનો ચિતાર આપવો ને ત્રણ પાઉંડના કર બાબત હડતાલ પાડવાનું સમજાવવું. પછી જ્યારે હું ન્યૂકૅસલ પહોંચું ત્યારે હડતાલ પાડવી. પણ ઓરતોની હાજરી તો સૂકાં લાકડાં ઉપર દીવાસળી રૂપ થઈ પડી. સેજ તળાઈ વિના નહિ સુનારી ને ભાગ્યે જ મોં ખોલનારી આ ઓરતોએ ગિરમિટિયા પાસે જાહેરમાં ભાષણો કર્યાં. તેઓ જાગ્યા ને હું પહોંચું તે પહેલાં તો તેઓએ હડતાલ પાડવાનો આગ્રહ કર્યો. કામ ઘણું જોખમભરેલું હતું. મિ. નાયડુનો તાર મને મળ્યો. મિ. કૅલનબૅક ન્યૂકૅસલ ગયા ને હડતાલ શરૂ થઈ. હું ન્યૂકૅસલ પહોંચ્યો તે દરમિયાન તો કોલસાની બે ખાણોના હિંદીઓએ કામ બંધ કર્યું.

મિ. હોસ્કેનના પ્રમુખપણા નીચેની યુરોપિયન સહાયક કમિટીએ મને બોલાવ્યો. હું તેઓને મળ્યો. તેઓએ આપણી હીલચાલ પસંદ કરી ઉત્તેજન આપવાનો ઠરાવ કર્યો. એક દિવસ જોહાનિસબર્ગમાં રહી હું ન્યૂકૅસલ પહોંચ્યો ને ત્યાં રહ્યો. મેં જોયું કે લોકોનો ઉત્સાહ અત્યંત હતો. ઓરતોની હાજરીની બરદાસ્ત સરકાર ન કરી શકી ને છેવટે તેમને રખડુના તહોમત નીચે જેલ આપી. મિ. લેઝરસનું ઘર હવે સત્યાગ્રહની ધર્મશાળા બન્યું. ત્યાં તો સેંકડો ગિરમિટિયાને સારૂ ખાણું પકાવવાનું કરવું પડ્યું. તેથી મિ. લેઝરસ નાસીપાસ નહિ થએલા. ન્યૂકૅસલના હિંદીઓએ એક કમિટી નીમી. મિ. સીદાત પ્રમુખ નીમાયા. કામ ધમધોકાર ચાલ્યું. બીજી ખાણોના હિંદીઓએ કામ બંધ કર્યું. આમ, ખાણોના હિંદી મજૂરો કામ બંધ કરતા ચાલ્યા તેથી કોલસાના ધણીઓના મંડળની મીટિંગ થઇ. ત્યાં વાતચીત ખુબ થઇ, પણ નીવેડો ન આવ્યો. તેઓની માગણી એવી હતી કે જો આપણે હડતાલ બંધ રાખીએ તો તેઓ સરકારને ત્રણ પાઉંડના કર બાબત લખાણ કરે. આ કંઇ સત્યાગ્રહીથી કબુલ ન થાય. આપણને ધણીઓની સાથે વેર ન હતું. હડતાલનો હેતુ ધણીઓને દુ:ખ દેવાનો ન હતો. માત્ર આપણે દુ:ખ ઉઠાવવાનો હતો. એટલે કોલસાના ધણીની સલાહ માન્ય ન થાય તેવી હતી. હું પાછો ન્યૂકૅસલ આવ્યો. મજકુર મીટિંગનું પરિણામ મેં જણાવ્યું તેમ ઉત્સાહ વધ્યો. વધારે ખાણોમાં કામ બંધ થયું.

આજ લગી મજૂરો પોતપોતાની ખાણમાં રહેતા હતા. ન્યૂકૅસલની કારભાર મંડળીએ વિચાર્યું કે જ્યાં લગી ગિરમિટિયા પોતાના શેઠની જમીનમાં રહે ત્યાં લગી હડતાલની પૂરી અસર પડે નહિ. તેઓ લલચાઇને અથવા ડરીને કામ શરૂ કરે એ ભય પણ હતો. અને શેઠનું કામ ન કરવું છતાં તેના ઘરમાં વસવું અથવા તેનું નિમક ખાવું એ અનીતિ ગણાય. આમ ગિરિમિટિયાઓનું ખાણ પર રહેવું દોષિત હતું. છેલ્લો દોષ તે સત્યાગ્રહના શુદ્ધ પ્રયાસને મલિન કરનાર જણાયો. બીજી તરફથી હજારો હિંદીને ક્યાં રાખવા, તેઓને કેમ જમાડવા એ ભારે કામ હતું. મિ. લેઝરસનું મકાન હવે નાનું જણાયું. બિચારી બે ઓરતો રાતદિવસ મહેનત કરતાં પણ પહોંચી શકે એમ ન લાગ્યું. તેમ છતાં પણ ગમે તે જોખમ ઉઠાવી ખાણો ખાલી જ કરવી એ નિશ્ચય થયો. ગિરમિટિયાઓને પોતાની ખાણ છોડી ન્યૂકૅસલ આવવાના સમાચાર મોકલવામાં આવ્યા. આ ખબર મળતાં જ ખાણોમાંથી કૂચ શરૂ થઈ 'બેલંગી'ની ખાણના હિંદીઓ પહેલા આવી પહોંચ્યા. ન્યૂકૅસલમાં કેમ જાણે હમેશાં જાત્રાળુનો સંઘ આવતો ન હોય એવો દેખાવ થઈ રહ્યો જુવાન, બુઢ્ઢાઓ, ઓરતો-કોઇ છડી ને કોઈ કાખમાં બચ્ચાવાળી. બધી પોતાના માથા પર ગાંસડીઓવાળી હતી. મરદોને માથા પર પેટીઓ જોવામાં આવતી હતી. કોઇ દિવસના આવી પહોંચતાં તો કોઈ રાતના. તેઓને સાફ ખાવાનું પૂરૂં પાડવું પડતું. આ ગરીબ માણસના સંતોષનું હું શું વર્ણન કરૂં? જે મળ્યું તેથી તેઓ સુખ માનતા. ભાગ્યેજ કોઈ રડતો જોવામાં આવતો. બધાના ચહેરા ઉપર હાસ્ય ખાલી રહેલું હતું. મારે મન તો તેઓ તેત્રીસ કોટી દેવતાઓમાંના હતા. સ્ત્રીઓ દેવી રૂપ હતી. તેઓ બધાને છાપરૂં ક્યાંથી અપાય? સુવાને તૃણ,

સાથરો' હતો. છાપરું આકાશ હતું. તેઓનો રક્ષક ઈશ્વર હતો. કોઇએ બીડીની માગણી કરી. મેં સમજાવ્યા કે તેઓ ગિરમિટિયા તરીકે નહોતા નીકળી પડયા. તેઓ હિંદના સેવક તરીકે નીકળ્યા હતા. તેઓ ધાર્મિક લડતમાં જોડાયા હતા. ને આવે વખતે તેઓએ દારૂ, તમાકુ વગેરે વ્યસન છોડવાં જોઈએ. ન છોડે તેમણે ગનડેર પૈસામાંથી તેની હાજતો પૂરી પાડવાની આશા ન રાખવી જોઇએ. આ સાધુ પુરુષોએ ઉપરની સલાહ માન્ય રાખી, ને ત્યાર પછી કોઇએ બીડીને માટે પૈસા ખરચવાની મારી પાસે માગણી કરી નહિ. આમ ખાણોમાંથી હાર ચાલુ થઈ તેમાં એક ઓરત જે ગર્ભવતી હતી તેને રસ્તામાં ચાલતાં ગર્ભપાત થયો. આવા અનેક દુઃખો ઉઠાવતાં છતાં કોઈ ન થાકયા, ન પાછા હઠયા.

ન્યૂકૅસલમાં હિંદીની વસતિ બહુ વધી પડી. હિંદીની જગ્યાઓ ભરાઈ ગઈ. તેઓની પાસેથી જેટલાં મકાનો મળી શકયાં તેટલામાં સ્ત્રીઓ ને ઘરડાંઓનો સમાસ થઇ શકયો. આ જગ્યાએ કહેવું જોઇએ કે, ન્યૂકૅસલના ગોરાની વસતિએ ઘણો વિનય વાપર્યો હતો. તેઓએ લાગણી પણ દર્શાવેલી. કોઇ પણ હિંદીને કનડગત નહિ કરેલી. એક ભલી બાઈએ પોતાનું મકાન મફત વાપરવાને આપ્યું. બીજી પણ ઝીણી મદદો ઘણા ગોરા પાસેથી મળ્યા કરતી હતી.

પણ ન્યૂકૅસલમાં હજારો હિંદીને સદાયને સારૂ રાખી શકાય એવી સ્થિતિ ન હતી. 'મેયર' ગભરાએલા. ન્યૂકૅસલની વસતિ સાધારણરીતે ત્રણ હજારની ગણાય. તેવા ગામડામાં દસ હજાર માણસ બીજાં સમાઈ ન જ શકે. બીજી ખાણોના મજૂરો કામ બંધ કરવા લાગ્યા, એટલે હવે શું કરવું એ સવાલ ઊઠયો. હડતાલ પાડવામાં હેતુ એ હતો કે જેલ જવું. મજૂરોને પકડવા ધારે તો સરકાર પકડી શકતી હતી. પણ હજારોને સારૂ તેની પાસે જેલ જ ન હતી. તેથી મજૂરો ઉપર હજુ હાથ ન નાખ્યો. ત્યારે હવે ટ્રાંસવાલની હદ ઓળંગી પકડાવું એ જ સહેલો ઉપાય રહ્યો. વળી તેમ કરતાં ન્યૂકૅસલમાં ભીડ ઓછી થાય એમ પણ લાગ્યું. અને હડતાલિયાઓની વધારે કસોટી થાય. ન્યૂકૅસલમાં ખાણોના જાસૂસો હડતાલિયાને લલચાવી રહ્યા હતા. એક પણ મજૂર પડયો નહિ તો પણ તે લાલચથી તેમને દૂર રાખવા એ કારભાર મંડળની ફરજ હતી.

આવા કારણે ન્યૂકૅસલથી ચાર્લ્સટાઉન કૂચ કરવી એ ઠીક જણાયું. પંથ લગભગ પાંત્રીસ માઈલનો હતો. હજારો માણસોને સારૂ રેલભાડું ન જ ખર્ચી શકાય. એટલે બધા મજબૂત મરદ ને સ્ત્રીઓએ પગે પાળા જવું એમ ઠરાવ થયો. જે ઓરતો ન ચાલી શકે તેને રેલમાં લઇ જવાનું ઠર્યું. રસ્તામાં પકડાપકડી થવાનો સંભવ હતો. તેમજ આવો આ પહેલો અનુભવ હતો તેથી પહેલી ટુકડી મારે લઇ જવી એ નિશ્ચય થયો. પહેલી ટુકડીમાં લગભગ પાંચસો હતાં. લગભગ સાઠ સ્ત્રીઓ પોતાનાં બચ્ચાં સહિત હતી. આ ટુકડીનો દેખાવ હું કદી ભૂલી શકું એમ નથી. 'દ્વારિકાં નાથકી જે' 'રામચંદ્રકી જે' 'વંદેમાતરમ્' આવા પોકારો કરતી ટુકડી ચાલતી. બે દિવસ થાય તેટલા પકાવેલા દાળચાવલ બંધાવ્યા હતા. સહુ પોતાનાં પોટલાં બાંધી ચાલી નીકળેલા. તેઓને નીચે પ્રમાણે શરતો સંભળાવવામાં આવી હતી:

(૧) હું પકડાઈ જાઉં એવો સંભવ હતો. જો તેમ બને તોપણ ટુકડીએ કૂચ જારી રાખવી અને જ્યાં સુધી તેઓ પોતે ન પકડાય ત્યાં સુધી તેઓએ ચાલ્યા કરવું. રસ્તામાં ખોરાક વગેરેનો બંદોબસ્ત કરવા સર્વે પ્રયત્ન થશે છતાં કદાચ કોઇ દિવસ ખાવાનું ન મળે તો પણ સંતોષ રાખવો (૨) લડતમાં રહેતાં સુધી દારૂ વગેરેનું વ્યસન છોડવું. (૩) મરણ પર્યંત પાછા ન હઠવું. (૪) રસ્તામાં રાત પડે ત્યાં ઘરની આશા ન રાખવી પણ ઘાસમાં પડી રહેવું. (૫) રસ્તામાં આવતાં ઝાડ પાનને જરા પણ ઇજા ન કરવી અને પારકી ચીજને બિલકુલ ન અડવું. (૬) સરકારી પોલિસ પકડવા આવે તો પકડાઈ જવું. (૭) પોલીસની કે કોઈની સામે ન થવું, પણ માર પડે તો તે સહન કરવો, ને સામે માર મારીને બચાવ ન કરવો. (૮) જેલમાં જે દુઃખો પડે તે ઉઠાવવાં; ને જેલને મહેલ સમજી તેમાં દિવસ ગુજારવા,

આ સંઘમાં બધા વર્ણ હતા. હિંદુ, મુસલમાન, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર હતા. કલકત્તીઆ હતા, તામીલ હતા. કેટલાક પઠાણોને તેમજ ઉત્તર તરફના સિંધીને માર ખાઈ લેતાં પણ બચાવ ન કરવાની શરત આકરી લાગી હતી, પણ તેઓએ તે શરત ખુશીની સાથે સ્વીકારી, એટલું જ નહિ પણ તેઓની કસોટીનો વખત આવતાં તેઓએ બચાવ પણ નહિ કરેલો.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

જીવી જાણનારા જે માનવજીવનનું સાચું [૨] મૂલ્ય શીખવી ગયા

એડ્વર્ડ ટ્રૂડો

'બારી સાવ બંધ રાખજો, ને માલીકોર તડકો આવવા દેતા નહિ,' ક્ષયરોગથી પીડાતા પોતાના ભાઈની પરિચર્યા કરતા એડવર્ડ ટ્રૂડોને ડાકટરે ચેતવણી આપી! સપ્તાહ ઉપર સપ્તાહ તે તેના ભાઈ ભેળો એક ઓરડીમાં રહ્યો, રાતદિવસ એની સેવા કરી, અને રાતે ચા પી પીને જાગરણ કર્યું. ઔષધરસનું શામક ઓસડ પાવું અને તે ફિક્કો છોકરો યાતનાથી છૂટે એની વાટ જોવી તે વિના કાંઈ બને એમ નહોતું. ભાઈનું વેદનામય મરણ એડ્વર્ડના સ્મૃતિપટ ઉપર આળેખાઈ ગયું, અને તે દિવસથી ક્ષયરોગી પ્રત્યે અવિચળ સદ્ભાવ એના હૃદયમાં જાગ્યો. લાંબા પરિશ્રમથી તથા ચિન્તાથી એનું બળવાન શરીર દૂબળું પડ્યું, અને ક્ષયનાં બીજ એનાં ફેફસાંમાં પણ રોપાઈ ગયાં.

લૉટી બેર નામે મિત્રની વાદે વાદે એણે પણ ડાકટર બનવાનો વિચાર કર્યો, ને મેડિકલ કૉલેજમાં બેઠો. પણ એ અભ્યાસ પૂરો કરવા પામે તે વિષે એના સહાધ્યાયીઓને એટલો અવિશ્વાસ હતો, કે એકે તો ટ્રૂડો ડિગ્રી મેળવવા પામે તો પાંચ હજાર ડૉલર ધરી દઉં એવી હોડ બકી, ને એની હોડનો સ્વીકાર કરવા કોઈ તૈયાર ન થયું. અભ્યાસ પૂરો થયા પહેલાં જ એના શરીરમાં રોગ પેધવા મંડ્યો, તો પણ એ છેલ્લી પરીક્ષામાં ઉત્તીર્ણ થયો, પરણ્યો અને ધંધો કરવા મંડ્યો.

થોડા માસ પછી ડાકટરોએ એનું શરીર તપાસી ક્ષયનું નિદાન કર્યું અને રોગ અસાધ્ય છે એમ કહ્યું. તે સાંભળીને ટ્રૂડો સ્તબ્ધ થઈ ગયો. આકાશમાં સૂર્ય તપતો હતો, તો પણ જગત્ એને અંધકારમય લાગ્યું. પોતાના ભાઈનો મંદવાડ એને સાંભર્યો. એને થયું કે મૃત્યુને ભેટવા, અને આ અમંગળ સમાચાર પત્નીને આપવા પોતાની લેશમાત્ર તૈયારી નહોતી.

એકે ઉપચાર કામ ન લાગ્યા. કસરત કરવા માંડી, તો એનાથી તો રોગ ઉલટો વધ્યો. એક મિત્ર એને ઍડીરૅાંડૅક પર્વત ઉપર લઈ ગયો, ત્યાં વીશીવાળાએ એને તેડી લીધો, અને એના ઓરડામાં સુવરાવ્યો. 'અરે ડાકટર,' તે બોલ્યો, 'ઘેટાના બચ્ચાના સૂકા ચામડા જેટલો તમારો તોલ હોય તો કોણ જાણે.'

એનું અવશિષ્ટ આયુષ આ ગિરિમાળા ઉપર જ વીતવાનું હતું. જ્યારે પોતે તાવથી મુક્ત હોય ત્યારે તે શિકાર કરવા નીકળતો. ૧૮૭૬માં એની પત્ની પણ તે ડૂંગરા ઉપર આવી, જ્યાં રહીને ૩૯ વર્ષ લગી એ ક્ષયરોગ સામે ઝૂઝવાનો, આરોગ્યઘર (સૅનૅટોરિયમ) સ્થાપવાનો અને ક્ષયના અભ્યાસાર્થે પ્રયોગશાળા ચાલુ કરવાનો હતો.

એની મૃગયાના ભોમિયાઓએ ૧૬ એકર જમીન આપી, તેના ઉપર એણે ક્ષય રોગીઓને સારુ ઝૂંપડાં બાંધ્યાં. દર્દીની સારવાર સારુ ડાકટર દાખલ હરીફરીને એ એકલો જ હતો અને ઉનાળામાં સહેલાણીઓ વચ્ચે પોતાનો ધંધો કરીને એને પોતાનો તથા આરોગ્યઘરનો નિર્વાહ કરવાનો હતો. પ્રયોગ કેવળ નવીન હતો, અને કસોટી ઉપર નહિ ચડેલા પોતાના વિચારોને આચારમાં મૂકવા સારુ એકલે હાથે એને આશ્રય મેળવવાનો હતો.

એનું આરોગ્યઘર કુંવરબાઈનું મામેરું કરવા નિકળેલા નરસિંહ મહેતાના ગાડાનું સ્મરણ કરાવે એવું હતું. ડૂંગરાનું ખડબચડું પાસું, તેના ઉપર આછું આછું ઘાસ ને વચ્ચે વચ્ચે નાનીમોટી ને કઇક તો ચારપાંચ ફૂટ ઊંચી શિલાઓ,—એવી તો આરોગ્યઘરની ભૂમિ હતી. મકાનમાં એક લાકડાનો લાકડાની પટ્ટીથી છાયેલો કોઠાર અને એક રંગ લગાડ્યા વિનાનું નાનકડું ઘર (કૉટિજ)હતાં. દર્દીમાં બે અશક્ત અધવસ્ત્રી કારખાનામાં મૂલીનું કામ કરનારી છોકરીઓ હતી. સહકારીવર્ગ-(સ્ટાફ) દાખલ એક ખેડૂત, એની પત્ની તથા બે કન્યાઓ હતાં. અને આ બધી સામગ્રી ઓરામાં ઓરા સ્ટેશનથી ૪૨ માઇલ દૂર અખંડ વનરાજિમાં પડી હતી. ટ્રૂડોના આશાવાદને આપણા શતશોહ્ય સહસ્રશઃ નમસ્કાર હોજો.

આ વાતને થોડાં વર્ષ થયાં ત્યાં તો કોઠાર, ખેતર, પરિચારિકાઓનો નિવાસ તથા અધ્યાપનમન્દિર, પુસ્તકાલય, દેવળ, પ્રયોગશાળા, વિનોદઘર, કોડ અને

અનેક એકર ઉપર પથરાયેલા વન સહિત નાનાંમોટાં ઘરવાળું એક સંપૂર્ણ ગામ તે ઠેકાણે વસી ગયું હતું!

જર્મનીમાં કૉખે ક્ષયનું બીજ (જર્મ) શોધી કાઢયું છે એમ ટ્રૂડોએ જાણ્યું, એટલે તે ન્યૂ યૉર્ક જઈને ડા. પ્રૂડેનની પ્રયોગશાળામાં સૂક્ષ્મદર્શકયંત્ર વાપરતાં શીખ્યો, અને પોતે જ શોધખોળ કરવા મંડયો. ન્યૂ યૉર્કમાં પોતે મંદવાડમાં પડ્યો હતો ત્યાં એની નાનકડી પ્રયોગશાળામાં આગ લાગી ને એ બળી ગઈ. ડા. પ્રૂડેને એને નવું સૂક્ષ્મદર્શક ભેટ આપ્યું અને બીજા મિત્રોએ સારાનાકમાં પત્થરની પ્રયોગશાળા ચણાવી આપી.

આરોગ્યઘર વીશ વર્ષે ચણાઈ રહ્યું. ૫૦,૦૦૦ ડૉલરનો ફાળો મળે તો ઘણું એમ ટ્રૂડોએ આંક મૂકયો હતો, તેને ઠેકાણે એને ૬,૦૦,૦૦૦ ડૉલર મળ્યા. ૧૮૯૫માં માસાચૂસેટ્સની ધારાસભાની સમિતિ એની સંસ્થા જોવા આવી, અને સમિતિએ પાછી ફરીને યુનાઇટેડ સ્ટેટ્સમાં ક્ષયરોગના પહેલા દરબારી આરોગ્યઘરની સ્થાપના કરી.

ફાળો ઉઘરાવતાં ઉઘરાવતાં ટ્રૂડોનું શરીર નીચોવાઈ ગયું, અને એ વારંવાર માંદો પડયો. તીવ્ર પીડા પોતે ન ભોગવી હોય એવું વર્ષ તો એને કવચિત જ જાય. બાલ્ટીમોરમાં નિબંધ વાંચતાં વાંચતાં એની તબિયત લથડી. તાવ તથા અશક્તિ છતાં ૧૯૧૦માં એણે અમેરિકન કાયચિકિત્સકો તથા શસ્ત્રવૈદ્યોની કૉંગ્રેસમાં પ્રમુખપદેથી વ્યાખ્યાન આપ્યું.

એની દીકરીને કન્યાશાળામાંથી ક્ષયનો ઓચિંતો ચેપ લાગ્યો, ને એ મરી ગઈ. સારાનાકની નાનકડી સ્મશાનભૂમિમાં એના બાળક ભાઈના પડખામાં એને સમાધિ દીધી. એક દીકરો ડાકટર થયો હતો, તે ન્યુમોનિયાથી મરણ પામ્યો. આ જુવાન ડાકટર બહુ લોકપ્રિય હતો, એટલે લોકોએ એના છેલ્લા કરિયાવર કર્યા, અને એની સ્મશાનયાત્રાનું બધું ખર્ચ ઉપાડી લીધું. મર્મમાં ઘવાયેલા ટ્રૂડો તથા તેની પત્નીને માથે દુઃખ પડયે જાણ થયું કે પોતાની એકનિષ્ઠ સેવાને પરિણામે કેવું વિશાળ મિત્રમંડળ એને ઘેરીને ઊભું થયું હતું.

'મને થયું કે આ અન્તકાળ આવ્યો, પણ એ તો જીવનપંથની દિશા જ ફરી હતી. હું ડુંગરામાં મરવા ગયો, ત્યાં મારા નવજીવનનો આરંભ થયો... મારા જીવનનું હું સિંહાવલોકન કરું છું, તો રાજરોગ મારા હાજરાહજૂર તથા નિર્દય શત્રુરૂપે ભાસે છે. એણે મારાં પ્રિય બાળકોનું હરણ કર્યું અને મારા જીવનમાં પરમ શોકનો સંચાર કર્યો. હું જુવાન ને બળવાન હતો ત્યાં એણે મારું આરોગ્ય તોડી પાડયું અને દૂર સુદૂર આવેલા આ પ્રદેશમાં મારો વાસ કરાવ્યો, જ્યાં મારા મંડળ ઉપર પડતું એનું હિમ મેં તે દીથી આજ લગી જોયા કર્યું છે. તથાપિ ક્ષયની સામે યુદ્ધ કરતાં મને એવા અનુભવ થયા છે ને એવાં સ્મરણ રહી ગયાં છે, જે બીજી રીતે મને પ્રાપ્ત ન થાત, અને જેને કુબેર ભંડારીના ધનને સાટે પણ હું આપવા ઇચ્છતો નથી.'

મૃત્યુ પહેલાં થોડે સમયે શૂરા ડાકટર કહેતા હતા કે એક ચિત્રમાં ઘવાયેલા વીરને વિજયશ્રી એની પાંખમાં ઊપાડી જાય છે તે પોતાને બહુ ગમે છે. 'આ ચિત્રમાં જેના ઉપર મને પ્રીત થઈ હતી એવાં ઘણાંએ સારાનાક સરોવર આગળ પ્રાપ્ત કરેલો વિજય, દેહ ઉપર આત્માનો, જડ ઉપર ચેતનનો વિજય, જગત જેને નિષ્ફળતા કહે છે તેનો તથા એને સિદ્ધ કરતાં જીવ આપવો પડે તો દેહસમર્પણનો પણ સ્વીકાર જેમાં કરવો પડે છે એવો વિજય, ત્રિશળી ઉપર ચડેલા ઈશુનો વિજય અંકિત થયેલો છે.'

(રૉબર્ટ બાર્ટલેટના ઇંગ્રેજી ઉપરથી) દે. વા.

ગણિત ગમ્મત

વર્ગમૂળ નીકળી શકે તેવી વિચિત્ર સંખ્યાઓ

(૧)	(૨)
૧૫૬૨૫ = ૧૨૫²	૨૭૨૨૫ = ૧૬૫²
૫૬૨૫ = ૭૫²	૭૨૨૫ = ૮૫²
૬૨૫ = ૨૫²	૨૨૫ = ૧૫²
૨૫ = ૫²	૨૫ = ૫²

આ સંખ્યાઓમાં બીજી ખૂબી એ છે કે ૧૫૬૨૫, ૨૭૨૨૫, ૫૬૨૫, ૭૨૨૫, ૬૨૫ અને ૨૨૫ એ બધી સંખ્યાઓના છેલ્લા બે અંક (૨૫) કાઢી નાખીએ તો બાકી રહેતી સંખ્યાઓ એ કોઈ પણ પાસેપાસેની સંખ્યાઓનો ગુણાકાર થશે.

જુઓઃ ૧૫૬ = ૧૨ × ૧૩; ૨૭૨ = ૧૬ × ૧૭, ૫૬ = ૭ × ૮; ૭૨ = ૯ × ૮; ૬ = ૨ × ૩; ૨ = ૧ × ૨.

મ. ના. ખત્રી

આ મહિનો (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૩ સાયમન કમિશનના વિરોધમાં હિંદમાં સાર્વત્રિક હડતાલ ને કાળા વાવટાનાં સરઘસ (૧૯૨૮)

તા. ૭ ડચોએ પોર્ટુગીઝો પાસેથી તુતીકોરીન જીતી તેમને હાંકી કાઢ્યા (૧૬૪૯) × × હિંદમાંના અને ખાસ કરીને અયોધ્યાની બેગમો પરના અત્યાચાર માટે મિ. રિચાર્ડ બ્રિન્સલે શેરિડને બ્રિટિશ પાર્લામેન્ટમાં વૉરન હેસ્ટિંગ્સ પર તહોમત મૂક્યું.

તા. ૮ ઓગણીસ વર્ષ કેદમાં સબડાવ્યા પછી ઇંગ્લંડની રાણી એલિઝાબેથે સ્કૉટલૅંડની રાણી મેરીનો વધ કરાવ્યો (૧૫૮૭)

તા. ૧૦ એકસ કિરણોના શોધક જર્મન પ્રોફેસર વિલિયમ કાનરાડ ફૉન રંગનનું અવસાન (૧૯૨૩)

તા. ૧૨ દીનબંધુ સી.એફ. ઍન્ડ્રયૂઝનો જન્મ (ઇ. ૧૮૭૧)

તા. ૧૮ ઇટલીના મહાન ચિત્રકાર માઇકેલ ઍન્જેલોનું રોમ મુકામે અવસાન (૧૫૬૪) × સર દીનશા એદલજી વાચ્છાનું અવસાન (૧૯૩૬)

તા. ૨૦ અંગ્રેજ સેનાનો ભરતપુરમાં પ્રવેશવાનો ત્રીજી વારનો પ્રયાસ નિષ્ફળ ગયો. (૧૮૦૫) એ વખતે જ્યારે બધી ગોરી સેના શિસ્ત અને શુરાતન બંને ગુમાવી બેઠી હતી ત્યારે કંપનીની ભારતીય સેનાએ આગળ વધી ભરતપુરની સેનાને કિલ્લામાં પાછા પેસી જવાની ફરજ ન પાડી હોત તો તેણે કંપની સરકારની બધી આશાઓ પર પાણી ફેરવ્યું હોત. આખરે લાચાર બની અંગ્રેજોએ માર્ચ માસમાં સંધિ કરી ને ભરતપુરનો જીતેલો બધો મુલક તેને હવાલે કર્યો. × × ગયા મહાયુદ્ધમાં વર્ડુનનું પહેલું યુદ્ધ (૧૯૧૬)

તા. ૨૧ પાશ્ચાત્ય ફિલસૂફ સ્પિનોઝાનું હાગ મુકામે અવસાન (૧૬૭૭)

તા. ૨૫ હિટલર જર્મન નાગરિક બન્યો (૧૯૩૨)



આ માસની વિભૂતિ
દીનબંધુ ઍન્ડ્રયૂઝ

ઇ. ૧૮૭૧ના ફેબ્રુઆરીની ૧૨મીએ ઇંગ્લંડમાં કાર્લાઇલ મુકામે ચાર્લ્સ ફ્રીઅર ઍન્ડ્રયૂઝનો જન્મ. માબાપ ગરીબ છતાં એટલાં ધર્મનિષ્ઠ કે એક મિત્રે મોટી રકમની નુકસાની કરતાં પિતાએ કશાં પગલાં ન લેતાં પ્રભુને પ્રાર્થેલા કે 'મારા મિત્રના અપરાધ માટે તેને ક્ષમા કરજે.' આ સરળ નમ્રતા ઍન્ડ્રયૂઝના સ્વભાવમાં પૂરેપૂરી ઊતરી છે.

ખંતીલા અધ્યયન વડે છાત્રવૃત્તિઓ અને ઇનામો મેળવતા જઇને એમણે કેમ્બ્રિજ વિદ્યાપીઠની સર્વોચ્ચ પરીક્ષા પસાર કરી અને તેના ફેલો નિમાયા. ૧૮૯૯માં યુનિવર્સિટીની નોકરી સ્વીકારી, છતાં ગરીબી પીધેલા એ મહાનુભાવને એ અમીરી ખૂંચ્યા જ કરતી. ગરીબોની સેવામાં એ રત રહી માત્ર અઠવાડિયાના ૧૦ શિલિંગ પર જ પોતાનું ગુજરાન ચલાવતા.

હિંદના દીનદરિદ્રો કૉલેજજીવનથી જ એમનાં માનસચક્ષુ સમક્ષ રમી રહેલા. આખરે મોકો મળ્યો ને ૧૯૦૪ના ફેબ્રુઆરીમાં હિંદને કિનારે ઊતર્યા અને દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કૉલેજમાં અધ્યાપક નિમાયા. ગોખલેજીના કહેવા પ્રમાણે એ હિંદી વિદ્યાર્થીઓના સર્વોત્તમ મિત્ર બની રહ્યા. શાસક પ્રજાની મગરૂબી એમનામાં મુદ્દલ છે જ નહિ. એટલી જ અહંભાવની ઊણપ છે.


ઈ. ૧૯૧૩માં પોતાના મિત્ર પીઅર્સન સાથે ગાંધીજીના સત્યાગ્રહની લડત જોવા દક્ષિણ આફ્રિકા ગયા. ગાંધીજીને જોતાં જ એ સંત પુરુષનું સત્ત્વ એમના દિલમાં વસી ગયું ને એમની ચરણરજ શિરે ચડાવી પાવન થયા, જે બનાવે ત્યાંના અનેક ગોરાઓને નારાજ કર્યા. એ વખતે જનરલ સ્મટસ સાથેની સંધિમાં એમણે ગાંધીજીને સહાય કરેલી.

દક્ષિણ આફ્રિકાથી વિલાયત થઇ તેઓ હિંદ આવ્યા ને ૧૯૧૪માં રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં વગર વેતને જોડાયા. બસ ત્યારથી શાંતિનિકેતન જ તેમનું ઘર બની રહ્યું છે. આજે તો હિંદને જ તેઓ પોતાની માતૃભૂમિ માને છે. હિંદનો હાર્દ રજૂ કરતાં ને વાસ્તવિક પિછાન આપતાં એમણે બે ડઝન ઉપરાંત પુસ્તકો લખી નાખ્યાં છે ને લેખો તો બેશુમાર. એમણે ૨૦ વર્ષથી ફીજિમાંના હિંદી મજૂરો પર લદાએલી કૂલી પ્રથા દૂર કરાવીને, કેનિયાની લડત ઉપાડીને, પંજાબના અત્યાચારમાં સેવા આપીને તથા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર આદરીને ભારત પ્રત્યેની હાર્દિક ભક્તિની પ્રતીતિ આપી છે. હિંદ અને હિંદીઓની કીર્તિને ઉજ્જવલ બનાવતું નાનામાં નાનું કારણ આગળ ધરવામાં કે એને અપમાનકારક ચાહે તેવા મોરચા સામે ઝઝવામાં એમણે પાછું વાળી જોયું નથી.

અંગ્રેજોએ દુલીપના કોહેનૂરનું હરણ કરી હિંદને ગરીબ બનાવ્યું તેથી યે ઍન્ડ્રયૂઝ રૂપી કોહેનૂરની પ્રાપ્તિથી હિંદ વધુ સમૃદ્ધ બન્યું છે, અને 'જ્યાં સુધી અંગ્રેજ પ્રજામાં એક પણ ઍન્ડ્રયૂઝ હોય ત્યાં સુધી તેમને ખાતર પણ આપણે અંગ્રેજો પ્રત્યે તિરસ્કાર ન કરી શકીએ' એ ગાંધીજીનાં વચનો એ સમૃદ્ધિ કેટલી મોંઘામૂલી છે તેનો ક્યાસ આપે છે.



બા ળ વિ ભા ગ



પંચતંત્રની વાર્તાઓ

એમ કહીને એ કરટકસકાશે આવ્યો, અને કહ્યું, 'બેય વચ્ચે ફૂટ પડાવી છે, ને નીતિનું બીજ વાવ્યું છે; હવે જે થાય તે દૈવાધીન છે.' કરટક કહે, 'આ બાપડા સુખિયા સ્નેહીઓને તેં કોપસાગરમાં ફગવ્યા તે અઘટિત કર્યું. નિર્દોષ સુખિયાને દુઃખી કરનાર જન્મજન્માન્તરમાં દુઃખી થાય એમાં સંશય નથી. વળી તું વેર ઊભું કરીને હરખે છે તે પણ અજુકતું છે, કેમકે બગાડવું સોયલું છે, પણ સુધારવું દોયલું છે. નીચ માણસ બીજાનું કામ બગાડી જાણે છે, પકવી જાણતો નથી; વાયુ ઝાડને પાડે છે પણ ઊભાડી શકતો નથી. આવા મંત્રી હોય? અને કહ્યું છેઃ

બાળિયો બાવકો નાગો રાજાની પ્રીતિ મેળવી ।
બલભદ્ર સુમન્ત્રીએ આત્માની ચડતી કરી ॥
॥પૂ० ૧-૩૭૮॥

કથા ૨૧*

કોસલ દેશમાં અયોધ્યા નગરી છે, ત્યાં સુરથ નામે રાજા હતો. જંગલી જાતના ખંડિયા રાજા એક વિન્ધ્યકને નેતા કરીને એના સામા થયા, તેનો વિરોધ શમવવા સુરથે બલભદ્ર મંત્રીને મોકલ્યો. મંત્રી પાછો નહોતો આવ્યો ત્યાં એક નાગો બાવો અયોધ્યા આવ્યો, અને જોષ જોઈ જોઈને એણે લોકોને જાણે વેચાતા લઈ લીધા. જનપરંપરાએ એની વાત સુરથને કાને આવી, એટલે રાજાએ એને બોલાવ્યો ને પૂછ્યું, 'આપ સાચે જ બીજાનું ચિત્ત વર્તી જાઓ છો?' બાવો કહે, 'કળથી આપ જાણશો.' એમ કહીને એ તો રાજાને ભોળવવા મંડ્યો ને એક દિવસ કહ્યું, 'આજ પ્રભાતે મઠીમાં આ શરીરને છોડી બીજું દેવલોકોચિત શરીર ધારણ કરી હું સ્વર્ગે ગયો હતો, કેમ કે બધા દેવ મને સંભારતા હતા. ત્યાં દેવોએ કહ્યું કે અમારા વતિ રાજાને કુશલપ્રશ્ન કરજો.' રાજા કહે, 'શું આપ સ્વર્ગે જાઓ છો?' બાવો કહે, 'મહારાજ હું તો રોજ સ્વર્ગે જાઉં છું.'

જડમતિ રાજાએ આ વાત સાચી માની, એટલે એ તો સર્વ રાજકાજ તથા અન્તઃપુરકૃત્યમાં શિથિલ થઈ ગયો ને જોષી વાંસે ગાંડો તૂર બન્યો. એટલામાં અટવીરાજ્યને નિષ્કંટક કરી બલભદ્ર રાજા આગળ આવ્યો, અને આવીને જુએ છે તો રાજા મંત્રિમંડળનો ભાવ પૂછતો નથી અને નાગા શ્રમણ આગળ પડ્યો પાથર્યો રહે છે. બલભદ્ર રાજા આગળ જઈ નમીને બોલ્યો, 'જયતુ દેવઃ દેવાનાં પ્રિયઃ' રાજાએ મન્ત્રીને કુશલપ્રશ્ન કરીને પૂછ્યું, 'આ આચાર્યને જાણો છો?' તે બોલ્યો, 'આચાર્યશિરોમણિને ન જાણું તે કેમ બને? કહે છે કે પોતે સુરલોક જાય આવે છે.' રાજા કહે, 'એ સાચું છે', એટલે બાવો કહે, 'મંત્રીને કૌતુક હોય તો તે ભલે જુએ.' એમ કહીને તે મઠીમાં ગયો, ને બારણું વાસી દીધું. બે ઘડી પછી મંત્રી કહે, 'દેવ આ કેટલી વારે આવશે?' પાર્થિવ કહે, 'કેમ ઉતાવળા થાઓ છો? એ તો પોતાનું કલેવર મઠીમાં મૂકીને બીજા દિવ્ય શરીરથી આવે છે.' મંત્રી કહે, 'એ સાચું હોય તો તો લાકડાં આણો એટલે આ મઠીને સળગાવું.' ભૂપતિ પૂછે, 'કેમ?' સચિવ કહે, 'આ કલેવરને દહન દઈ દઈએ એટલે સુરલોકગામી શરીરથી જ એ આપની સેવામાં રહેશે. અને આ વાર્તા સંભળાય છેઃ

કથા ૨૨*

રાજગૃહ નગરમાં દેવશર્મા નામે બ્રાહ્મણ હતો. તેની બ્રાહ્મણીને પ્રજા નહોતી, એટલે પાડોશીનાં છોકરાંને જોઈને એ બહુ રોતી, એટલે એક દિવસ બ્રાહ્મણે કહ્યું, 'ભદ્રે, સંતાપ કરો મા. મેં પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો ત્યાં કોઈ અદષ્ટ દેવતા બોલી, કે બ્રાહ્મણ, તને સર્વ બીજા મનુષ્ય કરતાં રૂપસત્ત્વસૌભાગ્યવાન્ પુત્ર અવતરશે.' આ

* પૂર્ણભદ્રની

* પૂર્ણભદ્રની



એક બાવો સ્વર્ગે આવજા કરતો હોવાની વાતની ખાતરી કરાવવા સુરથ રાજા પોતાના મંત્રીને લઈ ગયો. મંત્રી ચતુર હોઈ, બાવો મઢીમાં પેસતાં જ તે સળગાવી, જેથી જૂના દેહનો નાશ થઈ નવા જ દેહે બાવો આવે.

સાંભળીને બ્રાહ્મણી હરખી. ક્રમે કરીને એને ગર્ભ રહ્યો ને સર્પ અવતર્યો. તેને જોઇને પરિજન કહે, 'આનો ત્યાગ કરો.' પણ બ્રાહ્મણીએ તો દૂધમાખણ ખવરાવીને એને પુત્રવાત્સલ્યથી મોટો કર્યો. એકદાણ બ્રાહ્મણી પાડોશીને ઘેર પુત્રવિવાહોત્સવ જોઈને રોઈ તથા ભર્તાને કહ્યું, 'હું તમને દવલી છું એટલે મારા દિકરાનો વિવાહોત્સવ કરવા તમે પ્રયત્ન નથી કરતા.' બ્રાહ્મણ કહે, 'આર્યે, કહો તો પાતાલપ્રવેશ કરી વાસુકિને પ્રાર્થના કરું. મૂઢે, એના વિના બીજો કોણ સર્પને દિકરી આપે?' આ સાંભળીને બ્રાહ્મણી વળી દીનવદન થઈ ગઈ, એટલે બ્રાહ્મણ ભાતું બાંધીને ચાલી નિકળ્યો ને થોડેક માસે કુક્કુટનગર આવ્યો, તથા એક જાણીતા બ્રાહ્મણને ઘેર ઉતર્યો. એણે પૂછ્યું, 'શું આવ્યા છો? અહિંથી ક્યાં જવાનો વિચાર છે?' તે બોલ્યો, 'પુત્ર-જોગી કન્યા ગોતવા આવ્યો છું.' આ સાંભળીને યજમાન કહે, 'મારે જ રૂડી રૂપાળી દીકરી છે તેની તમારા દિકરા વેરે સગાઈ થાય તો કેવું?' બ્રાહ્મણે હા પાડી અને તેની કન્યાને લઈ ને એ ઘેર આવ્યો. કન્યાનું પરમ લાવણ્ય જોઇને લોકોએ એના પરિજનને કહ્યું, 'આવું કન્યારત્ન શું જોઇને સર્પ હારે પરણાવ્યું હશે?' આ સાંભળીને પરિજને ઉદ્વેગ પામીને કન્યાને પાછી તેડી જવાનો વિચાર કર્યો, પણ કન્યા કહે, 'એવી વિડંબના ન કરાય. કેમ કે

એકદા બોલતો રાજા એકદા સાધુ બોલતા।
એકદાણ દિએ કન્યા એકદા હોય આ ત્રણે॥

॥પૂ. સુ. ૩૭૯॥

એમ કરીને એ તો સર્પને પરણી, ને એની સેવા કરવા મંડી. હવે એક વાર રાતે આ સર્પ પેટીમાંથી નિકળીને એની સેજ ઉપર ચડ્યો. બાઈ ને થયું, આ પુરુષાકૃતિ કોણ હશે? પરપુરુષ છે એમ જાણીને એ તો બારણું ઉઘાડીને ભાગવા મંડી તો તે બોલ્યો, 'ભદ્રે, હું તારો વર છું.' એમ કહી પેટીમાં રહેલા શરીરમાં જઇને પાછો એમાંથી નિકળ્યો, એટલે બાઇને વિશ્વાસ બેઠો. અને એનો વર હજી શય્યામાં સૂતો હતો ત્યાં તે વહેલી ઉઠી, અને પેટીમાં પડેલો સર્પકોશ બાળી નાખ્યો.

આ દાખલો રાજાને આપી ગલભદ્રે નાગા બાવાની મઢી બાળી દીધી.

એટલે હું કહું છું, 'બાળિયો બાવટો નાગો.'

(ચાલુ)

વાલજી ગોવિન્દજી દેસા



મધુકરી

તું પ્રેર, શુભ પ્રેર, વેગભર પ્રેર, અગ્નિ! મને,
ક્ષણે વિરમ ના, વિરામ મુજને ય ના દે ક્ષણે.
પ્રચંડ તવ જ્વાળને પ્રતિપળે ઊંચે ને ઊંચે
ઉછાળ રચી વીજવલ્લરીમયી શિખાની સીડી;
અનંત શિવધામમાં અચળ એહને ટેકવી,
મને સતત આપ ઊર્ધ્વ ગતિ, અગ્નિ! તારી ફૂંકે.

—પૂજાલાલ

પોલાંડનો પ્રાણગાયક

ઍડમ મિત્સ્કિયેવિચ

રંગદર્શનની ફરસબંધી સમું ફારસ (ઈરાન) એશિયામાં જે રીતે અઝરૂમના આ પારનાં ઢોળાવો પર આવેલું છે એ રીતે એવો જ રંગદર્શી દેશ પોલાંડ યુરોપમાં કાર્પેથિયનનાં પેલી પારનાં ઢોળાવો પર આવેલો છે. ઐતિહાસિક નજરે જોતાં ફારસનું દુર્દૈવ જ્યાંથી અટક્યું ત્યાંથી પોલાંડનું દુર્દૈવ શરૂ થયું છે. અને રહીરહીને આજે ચોથીવાર પોલાંડ જગતના નકશા પરથી અદૃશ્ય થાય છે. કોપરનિકસ તથા માદામ ક્યૂરી સમાં વિજ્ઞાનના માર્ગસ્તંભો અને ચોપિન તથા પેડ્રેવસ્કી જેવા સંગીતકારોની એ પુણ્યભોમ સ્વાતંત્ર્યનો પૂરો પરિપાક પામ્યા વિના આજે ફરી પાદાક્રાન્ત થઈ છે.

પરંતુ એવી લુપ્તતાથી પોલાંડ કોઈ પણ કાળે હતપ્રાણ બને એમ નથી. તેનું કારણ તેના કવિવર્ગે તેના વાતાવરણમાં જ વહેતી મૂકેલી સરફરોશીની તમન્ના. ગઇ કાલ સુધી પોલિશ માતા પારણામાંથી જ બાળકને બોધ આપતી, 'દીકરા, જલદી મોટો થા જેથી રાષ્ટ્રના સ્વાતંત્ર્યયજ્ઞમાં તું તારો ફાળો આપી શકે.' આવતી કાલની તેની માતાઓ માટે પણ એ જ બોધનું પુનરુચ્ચારણ કરવું હવે રહ્યું છે.

પરાભૂત થએલા રાષ્ટ્રનું રાજકીય અને સામાજિક પતન બહુ સહેલું છે. પરંતુ પોલાંડ એક એવી તારક ત્રિપુટીથી મગરૂબ છે, જેણે એવા ભવિતવ્યનું સ્વપ્નું પણ પ્રજામાનસમાંથી નાબૂદ કર્યું છે. એ ત્રિપુટી તે 'પાન ટાડયૂશ' મહાકાવ્ય રચનાર ઍડમ મિત્સ્કિયેવિચ, 'Anhelli'નો પ્રણેતા સ્લોવાટ્સ્કી અને 'અજ્ઞાત કવિ' તરીકે પંકાએલો ક્રાસિન્સ્કી. પોલાંડની પ્રજાના દિલમાં એ પવિત્ર ત્રિમૂર્તિ (Holy Trinity)એ કાયમનું સ્થાન મેળવ્યું છે.

ગુજરાતી સાહિત્યને બીજા સઘળા પ્રાંતીય સાહિત્યો કરતાં વિશેષ ગૌરવ અનુભવવાની તક તાજેતરમાં જ પ્રાપ્ત થઇ છે અને તે ઉપરોક્ત ત્રિપુટીમાં પ્રથમ સ્થાનના અધિકારી ઍડમ મિત્સ્કિયેવિચના 'ક્રીમિયન સૉનેટ્સ' નામની



સૉનેટમાળાના અનુવાદથી. શ્રી. ડુગાશંકર જોષી જેવાની કલમે એ અનુવાદ આદરીને ('ગુલે પોલાંડ'ની એ પુસ્તિકાના પ્રવેશક લેખક ઍલેક્ઝાંડર યાન્ટાના કથન મુજબ) ખરેખર ગુજરાતીનું વાઙ્મય સમૃદ્ધ કર્યું છે. અને,—

'ગીતો વીણી સાગરશેરીઓનાં
વેરીશ હું એ મનુમંડપોમાં'—

એ એમના કવિહૃદયની ઝંખના પણ ફળવતી બની છે.

પોલાંડના તારણહાર પિલસુદ્સ્કી જેમ જ પોલાંડનો આ પ્રાણગાયક પણ લિથુઆનિયામાં નોવોગ્રોડાકના પડતી હાલતના એક ઉમરાવ કુટુંબમાં ઈ. ૧૭૯૮માં જન્મેલો. વિલ્નાની વિદ્યાપીઠમાં અભ્યાસ કરતાં કરતાં જ એ રાષ્ટ્રપ્રેમથી રંગાયો. કવિતાની બે નાની પુસ્તિકાઓ પણ બહાર પાડી. પરંતુ પછીથી એના સ્થાપેલા 'ફિલોમેથીઅન્સ' નામક અભ્યાસી મંડળ પર રશિયન સરકારની શંકા ઊતરતાં ઇ. ૧૮૨૩માં તેને ગિરફતાર કરી રશિયામાં જ વસવાનો હુકમ કરવામાં આવ્યો.

રશિયામાં રહેતાં એને 'પાન ટાડયુશ' જેવા જ મહાકાવ્ય 'યુજિન ઓનેગિન'ના કર્તા રશિયન મહાકવિ પુશ્કિન સાથે દોસ્તી થઇ. પરિણામે પુશ્કિનનો ઇસ્લામ પ્રત્યેનો આદર અને મશરિક(પૂર્વ)નો સંમોહ તેનામાં પૂર્ણપણે ઊતર્યો. આ સંમોહમાંથી જ ઇ. ૧૮૨૫માં ક્રીમિયન સૉનેટોની કાવ્યકલગી જન્મી.

ઈ ૧૮૨૮માં એણે 'Conrad Wallenrod'ની રચના કરી, જેમાં ટ્યુટોનિક સામંતો સાથેના લિથુઆનિયાના ઝગડાની પશ્ચાદ્ભૂ પર આખી કૃતિને ઘડાવ આપેલો છે. બાયરનની ખડતલ શૈલીએ લખાએલા એ રોમાન્સમાં મિત્સ્કિયેવિચ એવા નિર્ણય પર આવે છે કે, 'રીબાતી પ્રજાના અગ્રણીઓએ કશો ય વિકલ્પ રાખ્યા વિના દેશને માટે જ જીવન આપી દેવું જોઇએ, પછી ભલે એમને પોતાના નૈતિક સિદ્ધાંતો છોડી દેવા પડે.'

અને એ નિર્ણય એ માત્ર લૂખો આદર્શવાદ નહોતો. કાર્યમાં પરિણત થવા માગતી એ એના હૃદયની અતૃપ્ત ઝંખના હતી. એ તૃપ્ત કરવા પાંચ વરસે તે રશિયા છોડી ચાલી નીકળ્યો. ઈટલી થઈ જર્મનીમાં રખડતો રખડતો તે વાઈમાર પહોંચ્યો. જૈફ બની ચૂકેલા જર્મનીના અમર કવિ ગ્યોએટની ત્યાં તેણે મુલાકાત લીધી, જેણે બાકિ અનેક મીઠાં સંસ્મરણો તેને પૂરાં પાડ્યાં. આ રખડપાટમાં જ એણે પોલાંડનું લોકજીવન આલેખતું એનું પ્રખ્યાત નાટક 'પિતૃતર્પણ' (Dziady=Forefathers' Eve)લખી કાઢ્યું.

ઈ. ૧૮૩૨માં રોમ છોડી તે પારીસ જઇ વસ્યો. એની ઢળતી સાલે, ગ્યોએટને પોતાના સંગીતથી મુગ્ધ કરનાર સ્લાવ રમણીની પુત્રી સેલીના ઝાયમાનોવ્સ્કા સાથે તે લગ્નગ્રંથીથી જોડાયો. પરંતુ તેને ગાંડપણની બિમારી લાગુ પડતાં ગરીબી ને હાલાકીમાં દિવસો ગુજારતા મિત્સ્કિયેવિચના જીવનમાં એક વધુ ઉપાધિનો ઉમેરો થયો.

જીવનના એ નાસીપાસ ગાળાએ એની પ્રતિભાને અપૂર્વ પ્રચેતના આપી અને પરિણામે જગતને 'પાન ટાડયુશ' એ અમર મહાકાવ્યની સંપ્રાપ્તિ થઇ. ઈ. ૧૮૩૪માં પ્રગટ થએલા એ મહાકાવ્યનો ૧૮૧૨ની રશિયા પરની નેપોલિયનની ચડાઇથી ઉઘાડ થાય છે ને બે કુટુંબો વચ્ચે ચાલતા ઝગડાથી તેનો પ્રવાહ આગળ ચાલી આખરે બંને કુટુંબો વચ્ચેના લગ્નસંધાનથી તે વિરમે છે.

ઇ. ૧૮૩૯માં લોઝાં યુનિવર્સિટીમાં લાટિન સાહિત્યના અધ્યાપકનું પદ મિત્સ્કિયેવિચે મેળવ્યું ત્યારબાદ ૧૮૪૦માં કૉલેજ દ ફ્રાન્સમાં સ્લાવ સાહિત્યના અધ્યાપકનું પદ એને આપવામાં આવ્યું. એ અરસામાં ટોવીઆન્સ્કી નામના એક રહસ્યવાદીની અસરને લઈને તેના ધાર્મિક અને રાજકીય વિચારોમાં પલટો આવતો ગયો. ફ્રાન્સની સરકારને એ પલટો અસહ્ય લાગ્યો અને ૧૮૪૪ના મેની ૨૮મીએ છેલ્લું ભાષણ આપી મિત્સ્કિયેવિચ એ પદેથી છૂટો થયો.

ઇ ૧૮૪૮ની સાલે પાછો ક્રાન્તિનો ઉગમ જોયો. એ જ અરસામાં પોલાંડનો ત્રીજો ભાગ પચાવી બેઠેલા ઑસ્ટ્રિયાની એડી નીચે આવેલા ઈટલીએ યુદ્ધની જાહેરાત કરી. એ વખતે 'જગતની પરાધીન પ્રજાઓની ભેગી મુક્તિમાં જ પોલાંડની સ્વાધીનતાનો પ્રશ્ન સંકળાએલો છે એવી ભાવના' વડે પ્રેરાઇને મિત્સ્કિયેવિચે ઇટલીમાં પોલિશ સ્વયંસેવક દળ ઊભું કરી ઇટલીને લશ્કરી મદદ આપવાનો પ્રયાસ કરી જોયો પણ તે નિષ્ફળ નીવડ્યો.

આઝાદી માટે તલસતું તેનું હૈયું ફરી ગમ ખાઇ બેસી રહ્યું. પણ તેનું ક્રિયમાણ ભેજું નિષ્ક્રિયતાથી સંતોષ માની લે તેમ ન હતું. ઇ. ૧૮૪૯માં એણે 'Le Tribune des peuples' નામનું ફ્રેન્ચ અખબાર શરૂ કર્યું પરંતુ નાણાંની અગવડે એક વર્ષ ચાલી બંધ પડ્યું.

નેપોલિયન ત્રીજા ઉપર એણે લખેલું લાટિન ગીત મિત્સ્કિયેવિચની છેલ્લી કૃતિ. ત્યારબાદ ઈ. ૧૮૫૫માં રશિયા સામે તુર્કીએ આદરેલા ક્રિમિયન યુદ્ધમાં એ કૉન્સ્ટાન્ટીનોપલ ગયો જ્યાં કૉલેરાથી પટકાઈ એ અવસાન પામ્યો. એનું મુડદું ફ્રાન્સ લઇ જવામાં આવ્યું. ત્યાંથી ૧૮૯૦માં તેના મૃદ્ભૂત અવશેષો પાછા પોલાંડ લઈ જવામાં આવ્યા અને ૧૯મી સદીની મૃદ્ભૂત બનેલી પોલાંડની મહત્ત્વાકાંક્ષા સંઘરતા એ અવશેષો ક્રેકાવના કૅથીડ્રલમાં દફનાવવામાં આવ્યા.


પોલિશ સાહિત્યમાં રંગદર્શી હીલચાલનો મિત્સ્કિયેવિચ સર્વોત્તમ પ્રતિનિધિ છે. અઢારમી સદીમાં સૌષ્ઠવ સાહિત્યના ભારથી લદાઇ ગએલા યુરોપને એણે નવી દ્રષ્ટિ આપી અને એ રીતે સઘળા સ્લાવોનિક કવિઓમાં તે બીનહરીફ છે. પોલાંડની ભૂમિ, એના રસ્મોરિવાજ, એના લોક-

દાસ, એની મથામણો ને એનું માનસ પોતાની કૃતિઓમાં પ્રતિબિંબિત કરી ગએલા એ મુહાજિરનં વલવલાટભર્યું મોત, શહાદતથી લેશ પણ ઓછી તારીફનું અધિકારી નથી. અને એણે પણ પોતાની આંતરિક અસ્વસ્થતાની રીબામણ માંથી છૂટવા એવું જ ઈચ્છ્યું હતું કે,

"યથા ઘુમરીમાં જહાજ ઝપટાય ત્યમ છવ આ.
ડૂબું, ગરકું શાંતિમાં; કવણ ક્ષોભ? રોકાણ શાં?"

ક્વીનાઇન

આજે ક્વીનાઇન વગરની કોઇ ફાર્મસી હોય એ વાત જ અવિશ્વસનીય લાગે છે, પણ મૅલૅરિયા વગેરે કુપણ કઠિબંધના કેટલાક રોગો પર વપરાતી આ દવાનું ગઇ સદી સુધી તો કોઇ નામ પણ નહોતું જાણતું. ગઇ સદીના અંત ભાગે રોબર્ટ કૉક તેને યુરોપમાં પહેલી દાખલ કરી. એની ઉત્પત્તિ સિંકોના નામે ઓળખાતા ઝાડની છાલમાંથી છે.



દક્ષિણ અમેરિકામાં આવેલો પેરૂ દેશ આ સિંકોનાનો પિતૃદેશ ગણાય છે. ત્યાંના દેશી ઇંકા લોકો તેના વૈદકીય ગુણથી પહેલેથી જ વાકેફ હતા, પણ ગોરાઓ એથી આ રીતે વાકેફ થયા: પેરૂના વાઈસરૉયની પત્ની કાઉન્ટેસ દ સિંકોન એક વખત ખૂબ બીમાર પડી. કોઈ દાક્તર હાથવગો ન હતો. ત્યારે એક ઈંકાએ આ છાલથી તેનો તાવ ઉતાર્યો. અને ત્યારથી તેની મહત્તા વધી.

પહેલવહેલાં જેસ્યુઇટોઓએનો જબરો વેપાર ખેડવા માંડ્યો. પછી તો સ્પેને તાવ સામેના આ એકના એક સાધનની મોનોપોલી લઈ તેના રક્ષણની ખૂબ તકેદારી રાખવા માંડી. પણ એ તકેદારી વચ્ચેથી યે કેટલાક ડચ લોકો તેના રોપા ચોરાવી ગયા. ૧૮૫૨માં જાવામાં તેનું વાવેતર કરવામાં આવ્યું ને આજે ડચ ઇસ્ટ ઇંડીઝના સૌ ટાપુઓમાં તે વધુ ઉપજાઉ નીવડ્યું છે.

આમ હોલૅન્ડ સ્પેનની બજારથી સ્વતંત્ર થયું. પણ ઈંગ્લંડ હજુ રડી જતું હતું. એણે પણ ક્યાંકથી હાથ માર્યો ને સીલોનમાં વાવેતર શરૂ કર્યું. પરિણામે ત્રણે વચ્ચે ઝગડો જાગ્યો ને એ 'સફેદ સોના'ને કારણે અનેક લોકો મરાયા. જો કે રોબર્ટ કૉકે છાલમાંથી શુદ્ધ રીતે ક્વીનાઈન કેળવવાની તદબીર શોધી કાઢી ને પહેલાં એ ઔષધે જાતે પણ તેની છાલમાં રહેલાં ઝેરોથી ઓછો ભોગ નથી લીધો.

વનસ્પતિશાસ્ત્રમાં 'સિંકોના' એ વર્ગવિશેષ નામ છે ને તેમાં નાનામોટા અનેક છોડ-ઝાડોનો સમાવેશ થાય છે. એનાં પાંદડાં સદા લીલાં જ રહે છે ને સુગંધીદાર ગુલાબી ફૂલ આવે છે. સિંકોનાની લગભગ ચાળીસ જુદીજુદી જાતો શોધી કાઢવામાં આવી છે, જો કે તેમાંથી ડઝનેક જ ઉપયુક્ત નીવડી છે.

સિંકોનાની છાલમાંથી મળેલા બધા ક્ષારો (લગભગ ૩૦ જેટલા)માં ક્વીનાઇન સૌથી જાણીતું ને સૌથી ઉપયોગી છે. મૅલૅરિયાના નિવારક ઉપરાંત તે જંતુઘ્ન પણ માલૂમ પડ્યું છે. આજે ચાર સદી થયાં તેનો એકધારો ઉપયોગ થતો રહ્યો છે. અનેક જિંદગીઓ એણે બચાવી છે પણ સાથે થોડી પ્રત્યાઘાતી અસરો પણ એણે જન્માવી છે, જેમાં ક્વીનાઈનના લાંબા ઉપયોગથી લાગુ પડતો બધિરતાનો રોગ 'સિંકોનીઝમ' મુખ્ય ગણી શકાય.

આપણા દેશના મૃત્યુપ્રમાણમાં ૪૪ ટકા મૅલૅરિયાને લીધે હોય છે, છતાં એના ઉગાર માટેની ક્વીનાઈનનો તો સરકાર નફાકારક વેપાર કરી રહી છે. ગયા એક વર્ષમાં જ એણે એમાં ૬,૫૨,૯૨૪ રૂપિયાનો નફો કર્યો. ક્વીનાઈનની એક રતલ પેદાશ પાછળ ખર્ચ થાય છે ૬.૩ રૂપિયા, જ્યારે સરકાર ઉપજાવે છે ૧૮ રૂપિયા! મૅલૅરિયાના મારણ માટે આપણા દેશને વરસે ૬ લાખ રતલ ક્વીનાઇનની જરૂર છે, જ્યારે મળે છે માત્ર ૨ લાખ રતલ.

બંગાળનો પરિચય

પાંચ કરોડ ને દસ લાખની વસતિ ધરાવતા આ પ્રાંતનું ક્ષેત્રફળ ૮૨,૯૫૫ ચોરસમાઇલ છે. વસતિના સેંકડે ૫૪ ટકા મુસલમાન, ૩૪ ટકા હિન્દુ અને બાકીના ૧૨ ટકા બીજા ધર્મના લોકો છે. સેંકડે ૯૨ ટકા લોકોની માતૃભાષા બંગાળી છે. ૮૦ ટકા લોકો ખેતી પર નભનારા છે અને ૧૦ જ ટકા ભણેલા છે. દર ચોરસ માઇલે ત્યાં ૫૭૯ની જનસંખ્યા આવેલી હોવાથી, હિંદના બીજા બધા પ્રાંતો કરતાં વસતિમાં તે ગીચ ગણાય છે.

ગંગા અને બ્રહ્મપુત્રા તેની મુખ્ય નદીઓ છે; જૂટ, ચા, ધાન્ય, સોપારી અને નાળિયેર તેની મુખ્ય પેદાશો છે; કોલસા ને લોઢું મુખ્ય ખનિજ છે; રેશમી અને સુતરાઉ કાપડ, પિત્તળ ને કાંસાનાં વાસણો, માટીનાં રમકડાં તથા હાથીદાંતની વિવિધ ચીજો એ ત્યાંની મુખ્ય બનાવટો છે.

બંગાળના કુલ પાંચ વિભાગો છે, જેમાં રાજશાહી સૌથી મોટો છે. એ પાંચે વિભાગોમાં મળીને કુલ ૨૮ જિલ્લા આવેલા છે, જેમાં મૈમનસિંગ જિલ્લો સૌથી મોટો

ને હાવરા સૌથી નાનો છે. ઇસ્ટ ઇંડીઅન, ઈસ્ટર્ન બંગાલ, બંગાલ-નાગપુર, આસામ-બંગાળ, દાર્જીલિંગ-હિમાલયન, બંગાલ પ્રોવિન્સિયલ તથા માર્ટિનો એટલા રેલરસ્તા ત્યાં છે. એનું પહેલા નંબરનું મોટું શહેર કલકત્તા છે અને બીજા નંબરનું ઢાકા. કલકત્તા અને ચટગાંવ મુખ્ય બંદરો છે. બંગાળ બે વિશ્વવિદ્યાલયો ધરાવે છે-એક કલકત્તાનું, બીજું ઢાકાનું. દેશી રાજ્યો પણ ત્યાં બે છેઃ ઉત્તરમાં કુચબિહાર અને દક્ષિણમાં ત્રિપુરા. (હિંદી 'બાલક')

યુદ્ધે ચડેલા દેશની કરકસર

લડાઈ શરૂ થયા પછી કચરાપુંજનાં માન વધી ગયાં છે. બ્રિટનનું કોઠારખાતું (મિનિસ્ટ્રી ઑવ સપ્લાઈ) અત્યારે દરેક જાતના કચરાપુંજની બહુજ સંભાળપૂર્વક લણણી કરી રહ્યું છે અને તેમાંથી સોનું નીપજાવવાનો કીમિયો કરે છે. રસોડાનો કચરો, શાકભાજીનાં છોડાંપાંતરાં જેવો માલ પણ આજે કીમતી વસ્તુ મનાય છે. અત્યાર પૂર્વે 'તમારો કચરો બાળી નાખો' એવી ઉપદેશઘોષણાઓ થતી હતી. હવે તો એ વાત જ નથી. હવે તો જાતજાતના કચરાની માગણી કરવામાં આવે છે, ને તેનો ઉપયોગ શોધી કાઢવામાં આવે છે.

રસોડાનાં છોડાંપાંતરાં? ફેંકી શાનાં દે? ડુક્કર તથા મરઘાં-બતકાંને માટે સારામાં સારો ખોરાક છે.

હાડકાંના ટુકડાઓ? ખેતરમાં ખાતર તરીકે જશે.

ને લોખંડનો ટુકડાઓ? એની તો વાત જ મા પૂછો. જેટલા હોય તેટલા લાવો.

ઠામે ઠેકાણે કારખાનાઓના વાડાઓના ખૂણાખાંચરામાં ભાંગેલાતૂટેલા યંત્રભાગો, કટાએલાં પતરાં ને બીજો લોખંડી માલ પડ્યો પડ્યો સડતો હતો. એવા ઉકરડાઓમાંથી કોઠારખાતાએ ૬૫૦૦૦ ટન લોખંડ મેળવ્યું છે.!

રદ્દી કાગળ? રદ્દી કાગળની ટોપલીઓ જેના તરફ કોઇ ઝૂકીને જોતું પણ ન હતું તેના પર કોઠારખાતાની બૂંડીડાંસ આંખો ફરી વળી છે. બહારથી આવતા કાગળમાવાની જગા લેવા માટે આ ટોપલીઓને આમંત્રણ મળ્યું છે. જૂની બાટલીઓ (ફૂટેલી તૂટેલી), સડેલી મચ્છીઓ, તૂટેલા ટાયર, ફેંકી દીધેલું માંસ, રબ્બર, ચામડું, બુચ, દોરા બધાની કોઠાર ખાતાએ ચકોર આંખે ચોકી કરવા માંડી છે. દરેકે દરેક સ્થાનિક સંસ્થાએ પોતાના સાફસુફી ખાતાના કામદારો વધારી દીધા છે.

રાખોડી સાથે જતી કોલસાની ઝીણી ઝીણી ટુકડીઓ પણ એ આંખની ચમકમાંથી છટકી નથી. એ કોલસાની કિંમત પણ એક ટનના દશેક રૂપિયા જેટલી આંકવામાં આવી છે ને દરેક કુટુંબે રાખોડી ચાળી કાઢીને એ કોલસી ઉપયોગમાં લઈ નાખું બચાવવું એવો હુકમ થયો છે.

કુલ ૨૦૦૦ સ્થાનિક સંસ્થાઓ મળી ૧૧૦ લાખ ટન ઘરકચરો અને ૪૦ લાખ ટન શેરીકચરો ભેગો કરે છે. તેમનો સહકાર મેળવી કોઠારખાતું એમાંથી સોનું ઊભું કરી રહ્યું છે. ટૂંકામાં સોનીના આંગણાની ધૂળ ચાળતા આપણા ધૂળધોયાઓનો આદર્શ સફળ થયો છે! (હાંડીઓ)

ભારતીય સંવતો (૨ કલિયુગ સંવત્)


હિંદુઓની કાલગણના અનુસાર કલિયુગ એ તો એક મહાયુગનો ૧૦મો અંશ માત્ર છે. એક મહાયુગના ચાર યુગો મનાયા છેઃ કૃત, ત્રેતા, દ્વાપર અને કલિ. કલિયુગ ૪,૩૨૦૦૦ વર્ષનો મનાય છે, દ્વાપર એથી બમણો, ત્રેતા ત્રણગણો ને કૃત ચારગણો. આ રીતે એક મહાયુગ (જે ચતુર્યુગી પણ કહેવાય છે,) તે કલિયુગથી ૧૦ગણો મનાય છે. આવા ૭૧ મહાયુગનું એક મન્વંતર બને છે. ૧૪ મન્વંતર અને ૬ મહાયુગ, એટલે કે, ૧૦૦૦ મહાયુગ (=૪,૩૨, ૦૦,૦૦,૦૦૦ વર્ષ)નો એક કલ્પ અથવા બ્રહ્માનો દિવસ બને છે, ને એટલાં જ વર્ષોની રાત્રિ પણ મનાઈ છે.

કલિયુગ સંવત્‌ને ભારતયુદ્ધ સંવત્ અથવા યુધિષ્ઠિર સંવત્ પણ કહે છે. એનો પ્રારંભ ઇ.પૂ. ૩૧૦૨ તારીખ ૧૮મી ફેબ્રુઆરીના પ્રાતઃકાલથી મનાયો છે. એ હિસાબે ચૈત્રાદિ વિક્રમ સંવત્‌માં ૩૦૪૪, શક સંવત્‌માં ૩૧૭૯ અને ઈસવી સનમાં ૩૧૦૧ વર્ષ ઉમેરતાં કલિયુગ સંવત્ આવે.

ચાલુક્યવંશના રાજા પુલકેશીના એહોળેની પહાડી પરના શિલાલેખ અનુસાર કલિયુગ સંવત્ અને ભારતયુદ્ધ સંવત્ એક જ છે. ભારતના યુદ્ધમાં વિજય મેળવવાથી યુધિષ્ઠિરને રાજ્ય પ્રાપ્ત થયું હોઈ આ સંવત્‌ને યુધિષ્ઠિર સંવત્ પણ કહે છે. પુરાણોમાં કલિયુગનો પ્રારંભ કૃષ્ણના સ્વર્ગારોહણથી અથવા ભારતના યુદ્ધની પછીથી મનાયો છે, પણ વરાહમિહિર લખે છે કે યુધિષ્ઠિરના રાજ્યકાળે સપ્તર્ષિ મઘા નક્ષત્રમાં હતા અને એનો શકકાલ (સંવત્) ૨૫૨૬ વર્ષ રહ્યો, એટલે કે એના સંવત્‌ના ૨૫૨૬ વર્ષ વીત્યા બાદ શક સંવત્ ચાલ્યો. આથી મહાભારતના યુદ્ધનો સમય દ્વાપરના અંતમાં નહિ પણ કલિયુગ સંવત્‌ના (૩૧૭૯-૨૫૨૬=) ૬૫૩ વર્ષ વ્યતીત થતાં માનવો પડે છે.

મત્સ્ય પુરાણમાં (અધ્યાય ૨૭૩-શ્લોક ૩૬) પરીક્ષિતના જન્મ (મહાભારતના યુદ્ધ)થી માંડી મહાપદ્મ (નંદ)ના રાજ્યાભિષેક સુધી ૧૦૫૦ વર્ષ લખેલા પણ મળે છે. આ મહાપદ્મ(નંદ)ના વંશનું રાજ્ય ૧૦૦ વર્ષ સુધી રહ્યું, જેની પછી મૌર્ય ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક ઈ.પૂ. ૩૨૧ના આસપાસ હોવો નિશ્ચિત હોઇ, પુરાણના ઉપર્યુક્ત કથનાનુસાર ભારતયુદ્ધ ઈ.સ. પૂર્વે (૩૨૧+૧૦૦+૧૦૫૦=) ૧૪૭૧ આસપાસ માનવું પડે છે. આમ, ભારતયુદ્ધ સંવત્ અને યુધિષ્ઠિર સંવત્ જે બંને એક જ છે, તે કલિયુગ સંવત્‌થી જુદા પડે છે. અને ભારતયુદ્ધ કલિયુગના પ્રારંભમાં થયાનું પુરાણોનું કથન પાયાદાર ઠરતું નથી.

નવા નુસ્ખા



ચોપડીઓની સંભાળ લેતાં તો આપણને આવડતી જ નથી એમ કહીએ તો ચાલે. દાખલા તરીકે કોઈ નવી ચોપડી હાથમાં આવે એટલે આપણે બેફામ-રીતે તેને ગમે ત્યાંથી ઉઘાડીને જોઈએ છીએ. આથી ચોપડીની બાંધણીને તે ભાગમાં જોર પડી તેની પીઠ તરડાય છે અને બાંધણી ત્યાંથી તૂટી જાય છે. કોઈપણ પુસ્તક પ્રથમ ઉઘાડવાની ખરી રીત એ છે કે તેને પાટલા કે ટેબલ પર પીઠ અડે એવી રીતે ઊભું પકડી રાખવું. પછી તેની એક બાજુનું (આગલું) પૂઠું નીચે ઢાળી દેવું. ત્યાર બાદ પાછું પૂઠું નીચે ઢાળવું. તે પછી પાછલા ભાગનાં થોડાં પાનાંની થપ્પી નીચે ઢાળવી, અને તે પછી એજ રીતે આગલાં થોડાં પાનાંની થપ્પી ઢાળવી. આમ થપ્પીઓ વારાફરતી બંને બાજુથી ઢાળતા જઈને ધીમે હાથે આંગળી વડે ટેબલની સપાટી સરસાં દબાવતા જવું અને આ રીતે કરતાં કરતાં પુસ્તકના મધ્યભાગે પહોંચવું. આ રીતે બેત્રણ વખત કરવાથી પુસ્તકની પીઠ સુઘટિત રીતે ઉઘડી આવશે. પુસ્તક બરોબર ખુલશે અને તેની આવરદા લંબાશે.

નવી કેડીઓ

પગનાં મોજાં એ પરદેશની શોધ છે, પણ ચંપલ હિંદની તળપદી ચીજ છે. આપણે ત્યાં પૂર્વ પશ્ચિમની સંસ્કૃતિઓનો સમાગમ થઈ રહ્યો છે, એટલે પગમાં મોજાં ચડાવી ઉપર ચંપલ પહેરનારા ઘણા શોખીનો નીકળી પડે છે, પણ મોજાંનો આકાર એ વસ્તુ શક્ય થવા દે તેમ નથી. પરિણામે ચંપલની કટ બદલાવવી પડે છે. પણ એને બદલે કોઈ કારીગર એવાં મોજાં બનાવે કે જેમાં અંગુઠો અને આંગળાં વચ્ચે ચીરો પડતો હોય, તો એ મોજાં સહિત ચંપલ પહેરી શકાય. ઘણી બાનુઓ આ મોજાં અપનાવી લેશે. —ધૈર્યચન્દ્ર બુદ્ધ

આપણે પોતે-આપણો દેશ-આપણી પૃથ્વી

પુરુષ માટે પાંચ ફૂટ નવ ઇંચ અને સ્ત્રી માટે પાંચ ફૂટ ચાર ઇંચ આદર્શ ઊંચાઈ ગણાય.

દુનિયાના સઘળા દેશો કરતાં ગાયોની સંખ્યા આપણા દેશમાં વધુ હોવા છતાં સરેરાશ આદમી માત્ર ૦·૩૬ પૌંડ (ચૌદ રૂપિયાભાર)જ દૂધ મેળવે છે.

ઇ. ૧૯૩૧ની વસતિગણત્રી મુજબ આપણા દેશમાં દર ૧૦૦૦ પુરુષે ૬૦ સ્ત્રીઓની ખોટ આવે છે.

છેલ્લી ગણત્રી મુજબ આપણી પૃથ્વીનું વજન ૫·૯૮ $\times$ ૧૦[૨૧] મેટ્રિક ટન છે. (૧ મેટ્રિક ટન=૧૦૦૦ કિલોગ્રામ =૦·૯૮૪૨ બ્રિટિશ ટન).

વિકસતું વિજ્ઞાન

ભાંગેલાં હાડકાં પર રેણ તરીકે વાપરી શકાય એવી એક મિશ્ર ધાતુ મૅગ્નેશિયમમાંથી નીપજાવી શકાઈ હોવાનું ‘ધી જર્નલ ઑવ ધી અમેરિકન મેડિકલ એસોસીએશન’ જાહેર કરે છે. એનાં તત્ત્વોમાં ૯૫·૭ ટકા મૅગ્નેશિયમ, ૪ ટકા ઍલ્યુમીનિયમ, અને ૦·૩ ટકા મૅંગેનીઝ રહેલા છે. ભાંગેલા હાડકાંને ટાંકણી કે સ્ક્રૂ રૂપે તેનાથી જોડવામાં આવે છે. ધીમે ધીમે એ ટાંકણી કે સ્ક્રૂ ઓગળતા જઈ હાડકાંને સંપૂર્ણ રેવી દે છે. એના સંપૂર્ણ ઓગળી જવાને લીધે શરીરમાં કશું વિજાતીય તત્ત્વ રહી જવા નથી પામતું.

નાનાં કદની છબી ઉપરથી વિશાળ માપનાં ચિત્રો કે ફોટોગ્રાફ પાકા રંગોથી તૈયાર કરી આપનાર વીજળીક યંત્ર બની ચૂક્યું છે. તેમાં નમૂનાનો ફોટોગ્રાફ એક રૉલર ઉપર ચડાવી દીધા બાદ તેની સામે વીજળીક આંખ ગોઠવાય છે અને તેના હિસાબે બાજુમાં મોટા રૉલર પર કેનવાસ રેશમ કે કાગળ ઉપર એરબ્રશની છાંટથી પ્રમાણસર છાયાપ્રકાશમાં ખરેખરૂં ચિત્ર તૈયાર થતું જાય છે. આ એન્લાર્જમેન્ટ રાસાયણિક નહિ પણ ખરેખરા રંગોનું ચીતરાય છે છતાં તેનો ખર્ચ ફોટોગ્રાફિક એન્લાર્જમેન્ટ કરતાં અરધો આવે છે. ટુકડે ટુકડે ચિત્ર બનાવતાં ત્રીસ ચાળીસ ફૂટ સુધીનું મોટું ચિત્ર આ રીતે તૈયાર થયું છે.

ઘરમાં ફૂલો ઉગાડનારાં રસાયણો વિજ્ઞાને હમણાં બનાવ્યાં છે. બરણી, શીશી કે પ્યાલામાં ચોકખું પાણી લઈ તેમાં જણાવેલાં માપસર તૈયાર પડીકાં નાખી દેવાથી જમીન ખાતર વગેરેનાં તત્ત્વો આવી જશે અને વર્ષના કોઈપણ વખતે તેમાં બીયાં નાખવાથી ભાતભાતના ફૂલ ઝાડ ખીલી ઊઠશે.

અમેરિકાની સરકારે તાજેતરમાં એક નવી જ ધાતુની શોધ જાહેર કરી છે. સોડિયમ અને ચૂનાના બમણા કાર્બોનેટની બનેલી એ ધાતુને એણે ‘શોરાઈટ’નું નામ આપ્યું છે. વ્યોમિંગ મુકામે તેલ સારૂ ડ્રીલિંગ કરતાં જમીનમાં ૧૫૦૦ ફૂટ નીચેથી તે હાથ આવેલી છે.

નવાં પુસ્તકો

જીવતા તહેવારો: લેખક-દ. બા. કાલેલકર, ૦-૧૨-૦; **ધર્મમંથન:** લેખક-ગાંધીજી, ૦-૧૨-૦; **સીતાહરણ:** લેખક-ચન્દ્રશંકર પ્રા. શુકલ, ૦-૧૨-૦; **કાવ્ય પરિચય:** સંપાદક-રામનારાયણ પાઠક તથા નગીનદાસ પારેખ, ૦-૧૦-૦; **ગામડાંની વહારે:** લેખક-ગાંધીજી, ૦-૧-૦; **આંધળાનું ગાડું:** લેખક-જુગતરામ દવે, ૦-૧-૦; **ગાંધીજી:** લેખક-જુગતરામ દવે, ૦-૪-૦; **ગીતાધ્વનિ:** લેખક-કિશોરલાલ મશરૂવાળા, ૦-૧-૬, **ખાદીવિદ્યા પ્રવેશિકા:** ૦-૧૨-૦; **જીવનનો આનંદ:** લેખક-દ. બા. કાલેલકર, ૧-૮-૦; **ગુજરાતમાં સંગીતનું પુનરુજ્જીવન:** લેખક-નારાયણ મોરેશ્વર ખરે, ૧-૮-૦; સઘળાંનું પ્રકાશનસ્થાન-નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

થર્મોપિલીના ભયંકર યુદ્ધ વેળા ઇરાનની અગણિત સેના સામે સ્પાર્ટનો માત્ર ગણ્યાગાંઠ્યા હતા, પણ તેમનો સેનાપતિ વીર લીઓનિડાસ હતો. ઈરાનીઓનાં તીરોનો મારો એટલો જબ્બર થયો કે આકાશ આખું છવાઇ જઇને સૂર્ય ઢંકાઇ ગયો. એ બાબત તરફ એક નરમ સૈનિકે લીઓનિડાસનું ધ્યાન ખચતાં તેણે જવાબ વાળ્યો: 'સારૂં થયું; છાયામાં લડવું ફાવશે.'

અનેકાર્થી શબ્દ: **અણુક**=ઇર્ષ્યા, દ્વેષ; ક્રોધ; પીડા; નિંદા, વગોવણી; હરકત; હલકું, અધમ; નાનું; બેડોળ; એક જાતનું પક્ષી; નજર ન લાગે માટે કાન પાસે કરાતી કાજળની ટપકી.

ગણિતગમ્મત

૧૪૨૮૫૭ એ અજબ આંકડો છે. નીચેની રીતે ગુણતાં એમાંના જ અંક ગુણાકારમાં આવ્યા કરે છે.

૧૪૨૮૫૭ × ૨ = ૨૮૫૭૧૪

૧૪૨૮૫૭ × ૩ = ૪૨૮૫૭૧

૧૪૨૮૫૭ × ૪ = ૫૭૧૪૨૮

૧૪૨૮૫૭ × ૫ = ૭૧૪૨૮૫

૧૪૨૮૫૭ × ૬ = ૮૫૭૧૪૨

પણ પછી

૧૪૨૮૫૭ × ૭ = ૯૯૯૯૯૯

કહેવતોના અર્થ: 'બે ગોળીનો ચડવો'—એટલે એનું એક સ્થાન નિશ્ચિત નહિ. એવી જ વલે બે બાજુનો આશરો લેવા જનારની થાય છે. એ કફોડી સ્થિતિને નિરૂપતી બીજી કહેવતો: 'અતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ,' 'અડુકદડુકીઓ કાઇનો નહિ', 'બે ઘોડે ચડાય નહિ,' 'બે ઘરનો પરોણો ભૂખે મરે' વગેરે.

હવા અને પ્રકાશ પ્રમાણે આપોઆપ દિશાઓ પકડે એવું ફરતું મકાન ન્યૂ યૉર્કના એક ઈજનેરે બનાવ્યું છે.

ગોલ્ડફિશ (સોનેરી માછલી)ને ક્ષયના જેમ તેટલા જંતુ ખવડાવવામાં આવે તો યે તેને ક્ષય ચોંટતો નથી.



ઝબલા કે ચડ્ડીમાં નાડી નાખવા માટે સાધન હાજર ન હોય તો વાળની બૉબપિનનો આમ ઉપયોગ થઈ શકે.

હિંદની નદીઓ અને તેમની લંબાઇ

બ્રહ્મપુત્રા . . .	માઇલ . . .	૧,૬૯૦
સિંધુ	,,	૧,૬૨૯
ગંગા	,,	૧,૫૫૬
ગોદાવરી	,,	૮૭૦
નર્મદા	,,	૮૦૧
કૃષ્ણા	,,	૬૮૦
ઝેલમ	,,	૬૪૦
તાપી	,,	૬૨૦

લાકડાના બારીક છોલ સાથે થોડું હલકી જાતનું મીણ–ટીકડી વળે તેટલું–ગરમ કરી, મેળવીને કૉફીની ટીકડી જેવી ટીકડીઓ દબાવી લેવી. દિવાસળી લગાડવાથી તે દીવા માફક બળે છે અને ચુલો કે સગડી પેટાવવા માટે કૅરોસીનને બદલે વધારે સગવડભર્યું (અને કદાચ સસ્તું) સાધન છે.

મલાયાના બેરૂક વાંદરાઓ પાસેથી નાળિયેર ઉતારવાનું કામ લેવામાં આવે છે. સ્ટ્રેટ સેટલમેન્ટના ડીરેક્ટરે તેમાંના એને ઊંચાં ઝાડો પરથી વનસ્પતિના નમૂના ઉતારવાનું શીખવ્યું છે. દસ બાર સ્થાનિક નામો તેમને પઢાવ્યાં છે, તે પૈકી જેનું નામ આપો તેનાં પાન એ ઉતારી લાવે છે.

ચાંચડ પોતાની ઊંચાઈ કરતાં બસોગણું કુદી શકે છે.

જગતમાં પંજાબ જેટલી નહેરો બીજે કયાં ય નથી.

પ્રજાસંઘે તાજેતરમાં બહાર પાડેલા આંકડા મુજબ ઈ. ૧૯૨૫માં જગતનું શસ્ત્રસરંજામ ખર્ચ ૧૪૭૪ કરોડ રૂપિયા હતું. ઈ. ૧૯૨૭ થી ૧૯૩૧ સુધીની સરેરાશ ૨૦૧૦ કરોડ રૂપિયા હતી. ૧૯૩૭માં તે ૩૭૫૨ કરોડ થયું ને ૧૯૩૮માં તે ૪૫૫૯ કરોડ પર પહોંચ્યું. ૧૯૩૯ની પ્રગતિ(!)ના આંકડા હવે બહાર પડશે!!

૧૪ અને ૧૯ વર્ષની ઉમરમાં છોકરાંને પુખ્ત વયના આદમી કરતાં વધુ ખોરાકની જરૂર પડે છે.

આસમાની આંખોવાળા કરતાં ભૂખરી આંખોવાળા માણસો ઝાંખા પ્રકાશમાં વધુ જોઇ શકે છે.


બારી કે કબાટના કાચ બદલતી વખતે કે નવા નાખતી વખતે જૂની લાંપી સરળતાથી ઉખેડવાને કૉસ્ટીક સોડાનું પાણી પીછીથી લગાડતાં થોડી જ વારમાં તે નરમ બની જશે.

ઇ. ૧૮૮૪માં સાઈકલનું, ૧૮૮૬માં પેટ્રોલથી ચાલતી મોટરનું, ૧૮૯૫માં રેડીઓનું અને ૧૯૦૩માં વિમાનનું પહેલવહેલું નિર્માણ થયું.

તાતાર લોકોમાં કોઇને જમવાનું કહેવાનું હોય તો તેનો કાન મચડીને નોતરૂં આપવામાં આવે છે!



લડાઇના વખતમાં ઝેરી વાયુના હલ્લાથી બચવા ગાંઠનો બુરખો–ગૅસમાસ્ક.



ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ડાબી બાજુ: ઉપર, 'શ્રમજીવીની સવાર'-ભાઇ હાસમ સુતાર (નડિયાદ), પહેલું ઈનામ; વચ્ચે, 'કોંકણની સંધ્યા'-ભાઇ નરેન્દ્ર નાયક (દાદર), ઉત્તેજના ઇનામ; નીચે, અનુક્રમે નોંધપાત્ર ચિત્રો નં. ૧ અને ૨; જમણી બાજુ: ઉપર, 'મા . . .'-ભાઇ ટી. ટી. પટેલ (નૈરોબી), ત્રીજું ઈનામ; નીચે, 'મીની'-ભાઇ આર. એમ. મિસ્ત્રી (નડિયાદ), બીજું ઇનામ.



કોસીન્દ્રા પાસેનું નિસર્ગદશ્ય

આલેખક • સ્વ. હરિવદન ભટ્ટ



નૃત્યકો

ચિત્રકાર • સ્વ. હરિવદન ભટ્ટ

ભાઈ હરિવદન શાન્તિનિકેતન કલાભવનમાં રહ્યા તે દરમિયાન તેની બધી પ્રવૃત્તિઓમાં ઊંડો રસ લઇ પોતાની કલાભાવના તેમણે સમૃદ્ધ કરી હતી અને તે પ્રત્યેક પ્રસંગમાંથી કંઈ ને કંઇ ચિત્રસર્જન કરવા તેમણે પ્રયત્નો કર્યા છે, તેનો આ એક અચ્છો નમૂનો છે. પોતાના જ સાથીદારોને નૃત્યમંચ ઉપર ખેલતા જોઈને તેમનાં ડોલન અને અભિનયની રેખાઓને જે મૂર્ત સ્વરૂપ તેમણે આપેલું છે તે જોઇ કલાકારની આંખ પોતાની આસપાસની સૃષ્ટિનો દૃષ્ટિલાભ કેવી રીતે મેળવી શકે છે તે સમજાશે.



વિધાતા

ચિત્રકાર • સ્વ. હરિવદન ભટ્ટ